કુમાર


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

વર્ષ ૬૬મું · જૂન ૧૯૯૩ · સળંગ અંક ૭૮૫

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક



સમૂહશ્રમનું સાફલ્ય (પોઝિટિવ સોલરાઈઝેશન • જુઓ આ અંકમાં અન્યત્ર) ફોટો • જી. સી. પટેલ



વગડાનું સૌંદર્ય
(કલાકાર · હિંમતલાલ શાહ)

સૌંદર્ય ભાવનાગત છે. એને ખોળવા સાગર કે સરવર-સરિતા સુધી યા ગિરિ-ગહ્વર સુધી જવાની અથવા ઉષાસંધ્યા કે ચંદ્ર-જ્યોત્સનાની રાહ જોવાની જરૂર નથી. સાચી રસદષ્ટિ તો નિર્જન વગડામાં બળતા બપોરે થૂવરનાં કાંટાળાં ઝાંખરાંમાં યે સૌંદર્ય માણી શકે છે. એ જ રીતે વસંતમાં ખીલતાં પુષ્પોમાં જ નહિ, ઉનાળે મહોરતા વગડાઉ ફૂલોની રમણા પણ માણી શકાય. અહીં સૂના વગડે તડકામા પર્ણહીન ડાળો ઉપર ભભકતાં વનફૂલોનું સૌંદર્ય ચિત્રકારને સ્પર્શી ગયું લાગે છે, અને એ જ રીતે એ ગામડાની શ્યામાસુંદરીને તથા અજંપ ફૂલચકલીઓને પણ ચડેલા સુંદરતાના કેફ થકી ચિત્રમાં પ્રાણ પુરાઇ તે જીવંત લાગે છે.

પ્રેમ જે માગે છે

પ્રેમ જે માગે છે તે આપી નથી શકાતું.

ઓળખ એ પહેલી માગે
જેને આલેખવી એ જ કપરું કામ.

નામઠામકામજાતિપાંતિસમાજવ્યવહારધર્મ
સૌ આભરણ ઉતારી
નરી સાહજિક અવસ્થા પ્રકટ કરતાં તો
સૈકાઓ વીતે;
અને એ પણ ક્યારેક કોઈ સૈકાના
અદ્‌ભુત દશકામાં, શુભ સંવત્સરે, મંગળ દિવસે
આકાર ધરે
ત્યારે તે જે માગે છે તે
નથી તો ત્યાગ, નથી તો વૈરાગ્ય
નથી તો તમારી સહજ સભાનતા
નથી તો તમારું અખિલાઈનું ઐશ્વર્ય -
માગે છે માત્ર માટીને ગુંદીને ઘડી શકે તેવો પ્રેમરસ.

જેનું બુંદેબુંદ સાચવવા, સમર્પવા
ધર્મસમાજવ્યવહારજાતિપાંતિકામઠામનામ
સૌ આભરણો ફરીથી શોભવવાં પડે.

અને આટલું કરતાં જ એ તરત હાથ લંબાવી પૂછે :
આપશોને તમે ?

પ્રેમ જે માગે છે તે આપી નથી શકાતું.

હસમુખ પાઠક

જૂન ૧૯૯૩

કુમાર

કુમાર સળંગ અંક ૭૮૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં રૂ. ૪૦૦; આજીવન રૂ ૯૦૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

અંક ૭૭૯ મળ્યો.

પાએટા રંગચિત્રની છપાઈ ઉત્તમ રહી. 'કુમાર'ની આ વિશિષ્ટતા છે જ. ચિત્ર ઉત્તમ છે જ સાથે એની ઝમકદાર છપાઈને લઈને નજર હટાવવાનું મન ન થાય.

પૂંઠા પરની પેનલ (જે પ્રમાણમાં થોડી અસ્પષ્ટ છપાઈ)ના સમાંતરે પૂઠાંના ડાબા છેડે એક (તે ચિત્ર નીચે આપ્યું છે - તંત્રી) પાતળી લીલા રંગની ઊભી લીટી દોરવાથી સંયોજનમાં લીલા રંગના અક્ષરોની પેનલને વિશેષ ઉઠાવ મળે છે. મેં કરી જોયું !

વાચકો લખે છે... માં પત્રલેખકનાં સરનામાં પણ છાપી શકાય તો વાચકો સ્વયં આપસમાં પત્ર-વ્યવહાર કરી શકે.

સોનીની દુકાન સવારમાં ખૂલે એ પહેલાં અને સાંજે બંધ થાય ત્યારે સુંવાળા મોટા બ્રશથી ધૂળ એકઠી કરાય એ જોયું છે. ક્યારેક એમાંથી સોનાની કણી મળી આવે ! આવું ધૂળ-ધોયાનું કામ 'કુમારે' ૬૫ વર્ષની કારકિર્દીમાં ખૂબ કર્યું છે અને આવી કેટલીયે સોનાકણી વીણી વીણી અમને ધરી છે. લેખકો-સર્જકોમાં જે સીંચન કુમારે કર્યું છે એનો ઈતિહાસ લખાય. નામી સર્જકો તો કહેશે જ કે અમને કુમારે ઘડ્યાં છે તદ્ઉપરાંત મારા જેવા તો અસંખ્ય ભોક્તાઓ એકલવ્યની જેમ અંકોને હૃદયમાં સ્થાપી તરી ગયા છે ! તમે આનંદરાવ લિંગાયતની શોધ કરી એ તાજો નમૂનો. એમની બંને વાર્તાઓ 'કૂંપળ ફૂટી' અને 'ઢીંગલી'માં વાર્તાકળા તો છે જ. ધૂમકેતુંએ ટૂંકી વાર્તાની જે વ્યાખ્યા આપી છે એ પણ છે જ : ઉપરાંત Human Touch છે - પરદેશના વાતાવરણની 'પીચ' ઉપર લેખકે જે રમત રમવી શરૂ કરી છે એમને ખૂબ રમવા દેજો. એમની વધુ વાર્તાઓ અમને ગમશે જ.

બિહારીભાઈ એમના ઉગમકાળથી કુમાર-મય છે. કુમારે અનેકોનું ઘડતર કર્યું છે. એવા આ કુમારના ઘડતરની કથાના એ સાક્ષી છે. પ્રસંગરૂપે આ કથા શરૂઆતનાં વર્ષોની વાતોથી રજૂ થઈ શકે. ઘટનાઓ રજૂ કરી શકાય. અને આવી વાતો જાણવાની ઉત્કંઠા છે. આમાં વાર્તાઓ-ચરિત્ર લેખો-કાવ્યો કેવી રીતે ઉદ્‌ભવ્યાં એ જાણવા મળશે. ક્લાવાર્તાની જેમ 'કુમાર-વાર્તા' જેવું એક એક પાન દરેક અંકે બિહારીભાઈ પાસે લખાવાય !

ચમત્કારિક પાણીપ્રયોગ - લખાણ ખરેખર ઉપયોગી છે પ્રયોગ ખરેખર ઉપયોગી છે. પ્રયોગ ખરેખર ચમત્કારિક છે. ઉપરછલ્લું વાંચી જનારને કદાચ અતિશયોક્તિ લાગે, પરંતુ આ પ્રયોગ સહુએ અપનાવવો જોઈએ. મુ. રવિભાઈએ વર્ષો પહેલાં એક પોસ્ટર 'કુમાર'માં છાપ્યું હતું. પાણીના ગોળા પાસે બેસીને એક બાળક પાણી પીએ છે. સાથે લખાણ છે - પીઓ પીઓ પુષ્કળ પાણી -

પ્રસ્તુત લેખ સાથે એ પોસ્ટરની નાની પ્રતિકૃતી છાપી હોત તો ચમત્કાર નજરે જોવા પણ મળત !



શરીરની બહારની ચામડી કરતાં અંદરના અવયવો ખૂબ નાજૂક હોય. અંદરના અવયવોને ખોરાક દ્વારા મીર્ચ-મસાલાનો ઓપ આપીએ છીએ. બાહ્ય સફાઈમાં બાલદીઓ ભરી પાણી વાપરીએ અંદર માટે ચાર ગ્લાસ પાણી નથી આપતાં !

- રમેશ બી. શાહ

આ અંકનું પૂઠું

દરિયામાંથી હોડીને કાંઠે ખેંચી લાવતા માછીમારોનું ફોટોકલાકાર જી. સી. પટેલે લીધેલું આ ફોટોચિત્ર ઈ. ૧૯૮૧માં કલકત્તામાં યોજાએલ 'ફેમિલી ઑફ ઇન્ડિયા' નામના ફોટોપ્રદર્શનમાં રજૂ થયું હતું તથા અવોર્ડ મેળવ્યો હતો. આ જ ફોટો પરથી એમણે 'સોલરાઈઝેશન'ની પ્રક્રિયા દ્વારા બનાવેલું ચિત્ર આ અંકના પૂઠા પર આપ્યું છે. ફોટોગ્રાફીના ક્ષેત્રમાં ડાર્કરૂમમાં વિવિધ પ્રક્રિયાઓ અજમાવીને પણ અવનવા ફોટોગ્રાફ બનાવી શકાય છે. સોલરાઈઝેશન એવી જ એક પ્રક્રિયા છે. એમાં અંધારામાં નેગેટિવને ડેવલપ કરતી વખતે વચ્ચેવચ્ચે એકબે બાર બત્તી કરીને તેના ઉપર પ્રકાશ પાડી, વળી અંધારું કરી ડેવલપિંગ પૂરું કરાય છે. આ રીતે ધોવાએલી નેગેટિવ પરની છાપમાં એક એવી નવતર અસર જોવા મળે છે કે જેમાં ચિત્રવિષયનો કેટલોક ભાગ નેગેટિવ અને કેટલોક ભાગ પોઝિટિવ લાગે. આવી જ ક્રિયા પ્રિન્ટ ઉપર પણ થઈ શકે, જેને પોઝિટિવ સોલરાઈઝેશન કહે છે. નેગેટિવ પરની ક્રિયાને નેગેટિવ સોલરાઈઝેશન કહે છે. આ અંકના પૂઠા પરનું ચિત્ર આનું એક ઉદાહરણ છે. આ સાથે અહીં આપેલું ચિત્ર તથા પૂઠા પરનું ચિત્ર સરખાવતાં એ બંને વચ્ચેનો તફાવત જોઈ શકાશે. □



પાવાગઢના પવનોમાં એક વૈશાખી રાતે

(હરિણી-સૉનેટ)

પવન નીકળ્યો છે વૈશાખી પ્રશાખી પહાડનો:
વદ રજનીના અંધારાનો મહાર્ણવ ઊછળી
ભચડી ખડકો જૃંભા-ઓર્યા પ્રચંડ, ગયો ગળી !
નર્યું તમ હવે : પત્તો નોખો ન ઝાડ-કરાડનો !
પીગળી ગડીઓ પહાડી હાડોતણી તિમિરે ગઈ,
અવ તિમિર છે ગાઢું કાળું ડિબાંગ અબોધન,
ગિરિ-શી ગડીઓવાળો કાળો વહંત પ્રભંજન:
ન મૃદુ લહરે, થેપાડા-શી થપાટ દઈ દઈ:

શતલખદગે - લાગે, જાગે અ-મીટ નિશીથિની,
ગડી-શી ઝપટો ખોલી નાખે ઢળું ઢળું પોપચું:
તનુ તિનકું પે આસ્ફાલનું હતું ઊંચું ને ઊંચું:
ગણગણું કંઈ ? પડછંદા શે શ્રુતિ શ્રેણીથી શ્રેણી:

પવન નીકળ્યો છે પહાડોનો -
હું હાડોની સુછિદ્રિત પાંસળી
મુજ ધરી દઉં ખુલ્લી હું કે ?
કે એ ફૂંકે બજી ઊઠું વાંસળી ?

ઉશનસ્

●

તમસની ગતિ

(ગાન)

'લ્યા ધૂમ ! તને શું કહીએ ?
અગન તજીને ભાગ્યો એની સોબતથી શું લહીએ ?
વરાળ તો વાદળ થઈ જાણે
કિરણો એની પીઠ પલાણે,
વાટે, હાટે, છજે, નભે તુજ હડીઓ ખાલી,
તુંથી કહે શું રળીએ ?
ધુમ્મસની મધરી આંધીને
તરણાં યે હૈયે બાંધી લ્યે,
તરુએ તરુએ, નૂણે નૂણે તેં કાળપ લીંપી
અમે કેમ એ સહીએ ?
હવા સદા ફોરમની પ્યાસી,
તડકા-શું હરિયાળી હુલાસી:
સૂરજનો રસ પીને તારી અવળગતિ આંતરીએ.

વ્રજલાલ દવે

મને રોકો

(ગઝલ)

અચાનક ઊઘડેલી બંધ બારી જોઈ ના ચોંકો:
મળ્યો છે માંડ ઘરમાં આવવા આકાશને મોકો.

કરે છે એ હવે ચર્ચા પલળવાની મજા બાબત;
ઊભા વરસાદમાં નીકળીને જે કોરાં રહ્યાં લોકો.

બને છે કંઈક ઘટનાઓ હવે તો ક્રૌંચ-વધ કેરી;
પરંતુ કોઈ વાલ્મીકિને ક્યાં ફૂટે હવે શ્લોકો ?

સતત મુજ કાન, આંખો, લોહીમાં બાંધી રહ્યાં માળા:
ટહુકાને કોઈ ટોકો, તરુ યાતો મને રોકો.

કરસનદાસ લુહાર

●

મારા ઘરે

બારીમાંથી
પાન સૂકું
એકદમ આવી ચડ્યું:
કોક તો
આવ્યું ચલો
મારા ઘરે.

યોગેશ જોષી

●

અહીં મૂકી દઉં છું

શેષ ઇચ્છાઓ અહીં મૂકી દઉં છું,
રૂઢ સંજ્ઞાઓ અહીં મૂકી દઉં છું.

આયખું આખું ગયું જેથી રમીને-
એય પાસાંઓ અહીં મૂકી દઉં છું.

ત્યાં લઈ જાવા સમું છે કાંઈ પણ ક્યાં ?
વ્યર્થ ઝાંવાંઓ અહીં મૂકી દઉં છું.

ઢાલ જેવી હોય કે તલવાર જેવી:
સર્વ ઘટનાઓ અહીં મૂકી દઉં છું.

મૌન છે મારું અને મારું રહેશે,
નર્ય ભાષાઓ અહીં મૂકી દઉં છું.

હરેશ 'તથાગત'



સરલતા, સમર્પણ અને સ્નેહભાવનાના ત્રિવેણીસંગમનું તીર્થ એટલે સર્વપ્રિય

દ્યુમાનજી

ડૉ. રજનીકાન્ત જોશી

દ્યુમાનજી જન્મથી તો ચુસ્ત સ્વામીનારાયણ સંપ્રદાયના હતા, કારણ કે તેમના કુટુંબીજનો સ્વામીનારાયણ સંપ્રદાયને અનુસરનારા હતા; પરંતુ જ્યારે તેમનું દેહાવસાન થયું ત્યારે તેઓ કોઈ એક સંપ્રદાયને સમર્પિત ન હતા. તેઓ તો સર્વપ્રિય હતા. તેમનું સરળ છતાં નિસર્ગ એવું આગવું આકર્ષક વ્યક્તિત્વ હતું કે જેઓ જેઓ તેમને મળ્યા, તેમના સંપર્કમાં આવ્યા, તેમની સાથે એકાદવાર પણ પત્રવ્યવહાર કર્યો હોય તેઓ સર્વે એમ જ કહેતા કે દ્યુમાનજી તો અમારા.

ખેડા જિલ્લાના નાપાડ ગામમાં ૧૯મી જૂન ૧૯૦૩ના દિને દેસાઈભાઈ ગિરધરભાઈ પટેલને ત્યાં જન્મ થયેલો. માતાનું નામ લક્ષ્મીબહેન. માબાપે બાળકનું નામ પાડ્યું ચુનીલાલ. ચુનીલાલ સમજણો થયો ત્યારે પિતાએ તેના જન્મ વિશેની એક અજાણ વ્યક્તિએ કરેલી આગાહી કહી :

"ચુનીલાલ, તારા જન્મદિવસે હું ખેતરે ગયો હતો. ત્યાં એક ભરવાડ મળ્યો અને મને કહ્યું, 'તમારે ત્યાં આજે વિશેષ બનાવ બનશે.' આટલું કહી એ ચાલ્યો ગયો. હું ઘરે આવ્યો. તે જ દિવસે સાંજના છ વાગ્યે તારો જન્મ થયો. તને અમે પામ્યાં."

કેવો આનંદ અને કેવું આશ્ચર્ય !? એક પિતા પોતાના સંતાનને કહે છે, 'તને અમે પામ્યાં'.

નાપાડમાં માધ્યમિક શાળા પાસે આજે પણ નવ દસકાથી એક દેરી જેવું મા કાલીનું મંદિર છે. એ તરફ ખાસ કોઈનું ધ્યાન પણ ન હતું. આપણા ચુનીલાલ નાની વયે ત્યાં વારે વારે જતા અને ક્યારેક ધ્યાનસ્થ પણ બની જતા. ગામનાં લોકો તેને ચુનીયો કહેતા. 'ચુનીયો ક્યાં છે ?' તો જવાબ મળતો કે 'પણે દેરી પાસે બેઠો હશે !' એ જ ચુનીયાને જ્યારે ૨૬મી નવેમ્બરે ૧૯૨૭ના દિવસે પોંડિચેરી, શ્રી અરવિંદ આશ્રમમાં શ્રી માતાજીએ બોલાવ્યો અને હસતાં હસતાં કહ્યું કે "ચુનીભાઈ, આજથી તમે દ્યુમાન'. શ્રી અરવિંદે તમને આ નવું નામ આજે આપ્યું છે. 'દ્યુમાન', Dyuman - The Luminous One. 'દ્યુમાન' વૈદિક શબ્દ છે, જેનો અર્થ થાય છે 'પ્રકાશપૂર્ણ'. વસ્તુતઃ શ્રી અરવિંદે ચુનીલાલમાં અંતર્લોકનો આલોક જોયો.

એક વાર શ્રી માતાજીએ જ દ્યુમાનજીને કહેલું, 'Dyuman, I am safe in your hands.' શ્રી અરવિંદ અને શ્રીમાતાજી પ્રત્યેની કેવી અનન્ય ભક્તિ આ તેમના સેવકની હશે કે તેમને આ પ્રકારે તેઓ સત્કારે છે ! તો પછી સ્વાભાવિક જ છે કે જેઓ દ્યુમાનજીને એક ક્ષણ પણ ચક્ષુથી, સ્પર્શથી, પત્રથી કે પ્રેમથી પામ્યા છે તેઓ ત્યારે અને આજે એક જ સ્વરે કહે તે સ્વાભાવિક છે કે 'હા, દ્યુમાનજી તો અમારા જ.' જેમના જેમના પત્રો આવ્યા હોય તેમને તેઓ વહેલી સવારે ઊઠીને સ્વહસ્તે જવાબો આપતા. ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતની વાત તો જાણી છે, પણ આ મૂલ્યને આચારમાં ઉતારનારઓમાં જેમને આ લખનારે જાણ્યા છે તેઓમાં 'દ્યુમાનજી'નું અગ્રસ્થાને પડે. શ્રી અરવિંદ આશ્રમમાં પ્રથમ વાર ૧૯૨૪ની ૧૧મી જુલાઈએ અને બીજી વાર ૧૦મી મે ૧૯૨૭ના દિવસે સ્થાઈ થવા ગયા ત્યારથી પ્રત્યેક પળ તેઓ આશ્રમના જ બનીને રહેલા.

૧૯૩૪ની ૧૯મી જૂને દ્યુમાનજીનો જન્મદિવસ હતો. શ્રી માતાજી સ્વયં તેમની પાસે આવ્યાં અને કહ્યું કે 'દ્યુમાન, આજે તમારી વર્ષગાંઠ છે. રસોડમાં જાઓ અને ત્યાં જઈ કહો કે આજે મિષ્ટાન્ન બનાવે.' બસ, ત્યારથી આશ્રમમાં ૧૫મી ઓગસ્ટે શ્રી અરવિંદના જન્મદિને, ૨૧મી ફેબ્રુઆરીએ શ્રી માતાજીના જન્મદિને અને ૧૯મી જૂને શ્રી દ્યુમાનજીના જન્મદિને મિષ્ટાન્ન બનાવવામાં આવે છે.

શ્રી માતાજી ૧૯૬૬ની ૧૯મી જૂને દ્યુમાનજીને તેમના જન્મદિનની શુભેચ્છા પાઠવતાં લખે છે :

'To Dyuman,

For those who have given themseves to the Divine each difficulty that confronts them is the assurance of a new progress and that must be taken as a gift from the grace.

With my love and blesings.

Mother.'

ઈ. ૧૯૫૫માં તેઓ આશ્રમના ટ્રસ્ટી નિમાયા. તેઓ શ્રી માતાજીને મળ્યા અને કહ્યું, 'સાંભળ્યું છે કે આપે મને આશ્રમનો ટ્રસ્ટી નીમ્યો છે ? શા માટે ? હું તો સેવક છું. મારે તો અદના સેવક તરીકે જ આપનું કામ કરવું છું. આપ મને પડતો મૂકો અને બીજાની પસંદગી કરો.'

શ્રી માતાજીએ એક જ વાક્ય કહ્યું, 'દ્યુમાન, મારે તમારી જરૂર છે.'

દ્યુમાન માતાજી સાથે કદી દલીલ ન કરતા. માતાજી આદેશ આપે તે પ્રમાણે વર્તવું. બસ, આટલું જ તે શીખ્યા હતા. તે પછી ટ્રસ્ટીઓની મીટિંગ કરી શ્રી માએ તેમને વાત સમજાવી. ૧૯૯૧ની ૧૯મી ફેબ્રુઆરીએ દ્યુમાનજી આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી નિમાયા.

સર્વપ્રથમ આશ્રમના ચીફ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી માતાજી, ત્યાર પછી શ્રી કુનુમા અને પછી શ્રી દ્યુમાન. એમને પદ કે પ્રતિષ્ઠાની લગીરે એષણા નહોતી. આવા 'સેવક'ને આશ્રમનું સર્વોચ્ચ પદ આપવામાં આવ્યું. એ આદેશને એમણે શિરોધાર્ય ગણ્યો અને શ્રી અરવિંદ તથા શ્રી માતાજી પ્રત્યેનો તેમનો સેવકપણાનો આદર્શ તેમણે અંતિમ શ્વાસ સુધી જીવી જાણ્યો.

'ચુનીયો' કે 'ચુનીલાલ' 'દ્યુમાન' સુધી પહોંચ્યા એનો અગમ્ય સંકેત તો કંઈક હશે જ. પરંતુ આ બધા નિર્દેશો કે પથપ્રદર્શનો માટે શ્રી દ્યુમાનજીએ તો વસો-દરબાર ગોપાળદાસનાં આજે ૯૪ વર્ષનાં જૈફ પત્નીનો જ હૃદયપૂર્વકનો આભાર માન્યો છે.

તેઓ ૬-૭ વર્ષના થયા ત્યારે નાપાડ ગામની ગુજરાતી પ્રાથમિક શાળામાં દાખલ થઈ ત્યાં પાંચ ધોરણ સુધી ભણ્યા. ત્યાર પછી નાપાડથી ત્રણ માઈલ દૂર નાવલીની અંગ્રેજી શાળામાં તેમને દાખલ કરવામાં આવ્યા. તે પૂર્વે ૧૯૧૧માં આઠ વર્ષની વયે તેમનાં લગ્ન આઠ વર્ષનાં કાશીબા સાથે થયાં. (આજે શ્રી કાશીબા પૉંડિચેરીના આશ્રમમાં નહીં પરન્તુ વડોદરાના શ્રી અંબાપ્રેમી શાહની નિશ્રામાં રહે છે) એ જ વર્ષે તેમને આવી દિવ્ય-વાણી નાપાડમાં જ સંભળાઈ -

'તારું જીવન દુન્યવી કામ માટે નથી, ઉચ્ચ જીવન જીવવા માટે તારો જન્મ થયો છે.'

તે પછી શ્રી દ્યુમાનજી વર્ષો પછી કહે છે કે, 'જ્યારે હું પૉંડિચેરી પહોંચ્યો અને મેં માતાજીનો અવાજ સાંભળ્યો ત્યારે ખાતરી થઈ કે નાપાડમાં મને મારા ૧૧મા વર્ષે જે દિવ્ય-વાણી સંભળાઈ હતી તે માતાજીની જ હતી અને એ જ મને અહીં લાવ્યાં.' એક વાર દ્યુમાનજી પૉંડિચેરીથી તેમના શિક્ષક ભીખાભાઈને લખે છે કે 'તમે, મારું આજે જે જીવન જુઓ છે તેની શરૂઆત તે દિવસે થઈ. ત્યાર પછી વિકાસ થતો ગયો. તે ક્ષણથી આજ સુધી મારું પગલું પાછું પડ્યું નથી.'


શ્રીમાતાજીએ કરેલો દ્યુમાનજીનો સ્કેચ

'તે દિવસ' એટલે કે નાવલીથી તેમને તેમના પિતાશ્રીના મિત્ર શ્રી ભીખાભાઈના કહેવાથી આણંદની અંગ્રેજી શાળાના ૪થા ધોરણમાં દાખલ કરવામાં આવ્યા તે ૧૯૧૭ના એપ્રિલની બીજી તારીખ. આ દિવસે તેમણે આણંદની ડી.એન હાઇ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. તે સમયના તેમના સાથી મિત્રોમાં શ્રી એચ. એમ. પટેલ, અમૂલ ડેરીના શ્રી ત્રિભુનદાસ પટેલ અને પૉંડિચેરી આશ્રમના શ્રી શિવાભાઈ અમીન હતા. સને ૧૯૧૭ થી '૨૦ સુધી તેઓ ડી. એન.માં ભણ્યા અને ગૂજરાત વિદ્યાપીઠની વિનીત પરીક્ષા સારા ગુણ સાથે ઉત્તીર્ણ કરી.

ચુનીલાલનો જીવ તો અધ્યાત્મપ્રદેશનો હતો. વેદ, ઉપનિષદ, ઈતિહાસ અને પુરાતત્ત્વનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો. વિવેકાનંદ, રામકૃષ્ણ, સ્વામી રામતીર્થ વગેરેના ગ્રંથો તેમણે વાંચ્યા. વળી, તેમણે ગિરધરકૃત રામાયણ, તુલસીકૃત રામચરિત માનસ, પ્રેમાનંદનાં કાવ્યો, નરસિંહનાં પદો, મીરાંનાં ભજનો, શ્રીમદ્‌ભાગવત, ભારતનો ઈતિહાસ અને મહાભારત આદિનું વાચન કર્યું. આ સર્વેમાં તેમને સૌથી વિશેષ આકર્ષણ ઉપનિષદની કથાઓનું. તેમના સૂત્રશૈલીના પત્રોમાં પણ ઉપનિષદનો ઉલ્લેખ આવે જ. તેમાંય ઉપનિષદનાં બે ચરિત્રો - કઠોપનિષદનો નચિકેતા તથા છાંદોગ્ય ઉપનિષદના સત્યકામ જબાલ - સત્યના ચાહકો હોઈ તેમને ખૂબ જ ગમતાં. આમ,

આ ચરિત્રના લેખક સાથે દ્યુમાનજી - ગ્લોરિયા ફાર્મમાં



પોતાના ડી.એન. હાઈ સ્કૂલના શિક્ષણકાળમાં તેમણે ખૂબ જ ઊંડું વાચન કર્યું.

એ દિવસોમાં આણંદમાં સ્કાઉટની પ્રવૃત્તિ ચાલતી હતી તેમાં તેઓ જોડાયા તેમને 'અરવિંદ ટુકડી'માં સ્થાન મળ્યું. એ વખતે ચરોતર કેળવણી મંડળમાં સ્વયંસેવક તરીકે શ્રી છોટાભાઈ શિવાભાઈ પટેલ જોડાયેલા. તેમની પાસે શ્રી અરવિંદના 'આર્ય'ના અંકો આવતા. આપણા દ્યુમાનજી એટલે કે ચુનીલાલ 'આર્ય'ના અંકો વાંચી જતા. પૉંડિચેરી આવ્યા પછી એક વાર તે દિવસોને યાદ કરીને દ્યુમાનજી લખે છે :

"મેં 'Future Poetry,' 'Ideal of Human Unity,' 'The Synthesis of Yoga' વગેરે ગ્રંથો વાચ્યા. શ્રી અરવિંદનાં કાવ્યો પણ વાંચ્યાં. આમ, હું યોગ તરફ વળ્યો."

૧૯૧૮માં શ્રી અંબુભાઈ પુરાણી ચરોતર કેળવણી મંડળમાં શિક્ષક તરીકે જોડાયા. ચુનીલાલ તેમના વિદ્યાર્થી બન્યા. 'મેકોલેનું હોરેશિયસ' તેઓ શ્રી અંબુભાઈ પાસેથી ભણ્યા. શ્રી દ્યુમાનજી લખે છે :

'કાલાંતરે પૉંડિચેરીમાં બંને એક જ ગુરુના શિષ્ય બન્યા અને સાથે કામ કર્યું, સાથે સાધના કરી, પ્રભુની લીલા સમજવી અશક્ય છે.'

૧૯૧૭માં તેમણે સર્વપ્રથમ ગાંધીજીનાં દર્શન કર્યાં. ભરૂચમાં ગુજરાત કેળવણી મંડળની વાર્ષિક બેઠક મળેલી ત્યારે ૧૯૧૭માં તેના પ્રમુખ તરીકે ગાંધીજી આવેલા. ભીખાભાઈ પોતાના કેટલાક વિદ્યાર્થીઓને લઈને ત્યાં ગયેલા. ચુનીલાલ ગાંધીજીના વ્યક્તિત્વથી પ્રભાવિત થયા. પછી એક દિવસ તેઓ ડી.એન. હાઈ સ્કૂલ આણંદથી ભાગ્યા અને પહોંચ્યા સાબરમતી આશ્રમમાં. તે વખતે ત્યાં ગાંધીજી નહોતા, કસ્તૂરબા હતાં. તેમણે ચુનીલાલને જમાડ્યા. તેઓ બધું પામી ગયાં. રાતવાસો કરવાની સગવડ પણ કરી આપી. સવાર પડી. તેમના પિતા સદ્‌ભાગ્યે પુત્રને શોધતા-શોધતા ત્યાં આવી પહોંચ્યા. કસ્તૂરબા અંદર ગયાં અને ચુનીલાલને બોલાવી લાવી કહ્યું, 'તમારો આ દીકરો છે ?' આમ, તેમને કસ્તૂરબાનો પ્રેમ મળ્યો, ભીખાભાઈ અને પિતાની વત્સલતા. તેઓ પાછા આણંદ પહોંચ્યા.

ચુનીલાલનો જીવ અધ્યાત્મમાં ખોવાયેલો તો હતો જ. ડી.એન.માં ૧૦મું ધોરણ પસાર કર્યું : હવે ? આધ્યાત્મિક પ્રકાશની શોધમાં તેઓ સૂરત જઈ આવ્યા. તે પછી હૃષિકેશ, ગુરુકુળ કાંગડી, હરદ્વાર, બેલૂર મઠ અને આખરે પહોંચ્યા તેઓ ૧૯૨૦માં શાંતિનિકેતનમાં. અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન વખતે ગુરુદેવ રવીન્દ્રનાં તેમણે દર્શન કરેલાં. એ આશયે તેઓ કવિની સંસ્થામાં જોડાયા. ત્યાં તેમના અધ્યાપક હતા આચાર્ય ક્ષિતિમોહન સેન. વળી, ત્યાં દીનબંધુ એન્ડ્રુઝ તથા વિધુશેખર શાસ્ત્રી જેવા મનીષીઓના પરિચયમાં પણ આવ્યા. ત્યાં એમણે ભારતીય સંસ્કૃતિ અને પ્રાચ્ય વિદ્યાનો અભ્યાસ કર્યો. સાથે સાથે ત્યાં વેદ, ઉપનિષદ, બૌદ્ધધર્મનું પણ અધ્યયન કર્યું. તેઓ એક વર્ષ ત્યાં રહ્યા. એ ગાળામાં રવીન્દ્રનાથ પ્રવાસમાં હતા આથી તેમને કવિના સંસ્પર્શ-પરિચયનો લાભ ન મળ્યો. ૧૯૨૧માં એક વર્ષ પછી તેઓ પાછા આવ્યા અને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના મહાવિદ્યાલયમાં તેઓ વિદ્યાર્થી તરીકે જોડાયા.

આમ, ચુનીલાલ વિદ્યાપીઠના મહાવિદ્યાલયની પહેલી બેચના વિદ્યાર્થી બન્યા. વસ્તુતઃ તેમનું લક્ષ્ય ન પદવી પ્રાપ્ત કરવાનું હતું કે ન તો કારકિર્દી બનાવવાનું. વિદ્યાપીઠમાં પ્રો. મલકાણી, કાકાસાહેબ, મુનિ જિનવિજય, શ્રી નરહરિ પરીખ, વિનોબા ભાવે, પંડિત ધર્માનંદ કોસંબી જેવા વિદ્વાનોના માર્ગદર્શનનો લાભ તેઓ પામ્યા. ત્યાં તેમણે 'યોગ'નો અભ્યાસ કર્યો. પ્રાકૃત, પાલી, સંસ્કૃત ભાષાના ઊંડાણમાં પણ તેઓ પહોંચ્યા. ત્યાં તેઓ ૨૦-૨૨ કલાક કામ કરે, કાંતણ પણ કરે; તેમ છતાં અંદરથી તેઓ કંઈ અશાંત અનુભવ કર્યા કરે. એ પહેલી બેચના તેમના સહાધ્યાયીમાં આપણા કવિ 'સ્નેહરશ્મિ' પણ હતા.

ચુનીલાલે ખેડા અને બોરસદ સત્યાગ્રહમાં ભાગ લીધેલો. ભક્તિબા ફાળાના કામકાજ માટે ચુનીલાલને પોતાની સાથે રાખતા. તે પછી બારડોલી સત્યાગ્રહ અને નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં પણ તેઓ જોડાયા; પરન્તુ તેઓ નંદરબાર પહોંચ્યા ને સમાચાર મળ્યા કે તેમની જીત થઈ છે. છેવટે નંદરબારમાં સુરેન્દ્રજીએ અને ચુનીલાલે દસ હજારની મેદની સમક્ષ ભાષણ કર્યું. તેઓ એક સારા વક્તા પણ હતા. બસ, એ પ્રવચન તેમનું અંતિમ પ્રવચન હતું. ત્યાર પછી ક્યારેય તેમણે જાહેરમાં પ્રવચન આપ્યું નહીં, પોતાની પ્રસિદ્ધિ થવા દીધી નહીં તેમજ પોતાના વિશે કશું પ્રકાશન પણ ન થાય તે માટે સતર્ક રહ્યા.

સત્યાગ્રહો દરમ્યાન ચુનીલાલ ભજનો ખૂબ જ ભાવથી ગાતા. ખાસ કરીને નરસિંહનું 'વૈષ્ણવજન તો તેને રે કહીયે' અને 'સમદષ્ટિને તૃષ્ણા ત્યાગી પર સ્ત્રી જેને માત રે...' ભક્તિબા આનો સારો પાઠ ચુનીલાલને શીખવતા પણ તેઓ તો 'પર સ્ત્રી'ને સ્થાને 'સર્વ સ્ત્રી' પ્રયોજે. ભક્તિબા ચુનીલાલને ઓળખી ગયેલાં. ૧૯૨૪માં તેઓ પોતાના ભાઈ કાશીભાઈ અમીનને મળવા પૉંડિચેરી ગયેલાં. ત્યાંથી પાછા આવી તેઓ સરદાર વલ્લભભાઈ પટેલને ત્યાં ઊતર્યાં. તેમણે પરવારીને સરદારના ભત્રીજાને વિદ્યાપીઠ મોકલ્યો અને કહ્યુ 'ચુનીભાઈને બોલાવી લાવ. કહેજે જરૂરી કામ છે.'

ચુનીલાલ તો વિદ્યાપીઠમાં ૨૪ કલાક કાંતણયજ્ઞમાં સંકલ્પબદ્ધ હતા. પણ ભક્તિબાનો સંદેશો મળતાં તરત જ ચાર માઈલ ચાલીને ખમાસા ગેટ સરદારને ત્યાં હાજર થઈ ગયા. ભક્તિબાએ કહ્યું,

'ચુનીભાઈ, હું પૉંડિચેરીથી આવી છું. મને ખાતરી થઈ ગઈ છે કે તમે વિદ્યાપીઠના જીવ નથી. તમારા માટે વિદ્યાપીઠ નથી. વિદ્યાપીઠનું જીવન જીવવા માટે તમે જન્મ્યા નથી. તમે પૉંડિચેરીના જીવ છો. એ તમારું ઘર છે. તમે પૉંડિચેરી જાઓ. અરવિંદ ઘોષ પાસે પહોંચો.'

પૉંડિચેરી જવાનો ખર્ચ પતિ-પત્નીને ભક્તિબાએ આપ્યો. ૧૧મી જુલાઈ ૧૯૨૪ના દિને તેઓ ત્યાં પહોંચ્યા. આમ પૉંડિચેરીમાં તેમને ભક્તિબાના લીધે જ શ્રી અરવિંદ અને માતાજીનાં ચરણોમાં સદાને માટે સ્થાન પ્રાપ્ત થયું.

પૉંડિચેરી આશ્રમમાં પહોંચી ૧૨ મી જુલાઈએ ચુનીલાલ શ્રી અરવિંદને મળવા જાય છે ત્યારે અમૃતાએ કહ્યું, 'શ્રી અરવિંદ તમારી રાહ જુએ છે.' શ્રી અરવિંદ સાથેની પંચાવન મિનિટના ગાળામાં તેમણે પ્રતીતિ કરી લીધી કે તેમના આરાધ્ય-દેવ આ જ છે.

આંખોમાં હર્ષનાં આશ્રુ સાથે ચુનીલાલ અને કાશીબહેને શ્રી અરવિંદને પ્રમાણ કરી ત્યાંથી વિદાય લીધી. જતાં પૂર્વે કાશીબહેને શ્રી અરવિંદને પોતાની સોનાની બંગડીઓ અર્પણ કરી. તેઓ પ્રથમ મહિલા હતાં, જેમણે આ પ્રકારે પોતાનાં આભૂષણો અરવિંદને અર્પણ કર્યાં હોય. તેઓ ત્યાં અઢી મહિના રહ્યા. એ સમયે શ્રી માતાજી મીરા આલ્ફાસ તરીકે જ ઓળખાતાં. છેક ૧૯૨૬માં શ્રી અરવિંદે તેમને માટે 'મધર' શબ્દપ્રયોગ કર્યો.

ચુનીલાલ તો પૉંડિચેરીથી પાછા આવી ડી.એન. હાઈ સ્કૂલમાં જ શિક્ષક તરીકે જોડાઈ ગયા. તેઓ ૧૯૨૪ થી '૨૬ સુધી ત્યાં રહ્યા. પછી છેક ૧૯૨૭માં શ્રીમાતાજીનું તેડું આવ્યું. શ્રી અરવિંદના કહેવાથી તેમણે એક પત્ર ચુનીલાલને લખેલો. ત્યાં હવે કાયમને માટે જવાની વાત હતી.

માતા, પિતા અને પત્ની ત્રણેયે વિરોધ તો કર્યો જ, પણ 'પૉંડિચેરીનાં માતાજી તમારી કાળજી લેશે' કહી તેઓ તો મક્કમ જ રહ્યા. કાશીબહેને પણ સસરાને કહ્યું કે 'એમને જવું જ છે તો જવા દો' અને ૧૦મી મે ૧૯૨૭ના રોજ ચુનીલાલ પૉંડિચેરી પહોંચ્યા અને ત્યાં સ્થાયી થયા. પિતાનું ૯૫ વર્ષની વયે અવસાન થયું. મોટી ઉંમરે તેમનાં માતુશ્રીનું પણ અવસાન થયું. આ તરફ કાશીબા નાપાડમાં એકલાં પડ્યાં. ભક્તિબા અને શ્રી અંબાપ્રેમી શાહની મદદથી તેઓ પૉંડિચેરી પહોંચ્યાં. ત્યાં તેઓ પત્ની તરીકે નહીં, આશ્રમવાસી તરીકે પણ નહીં, પણ કેવળ એક વ્યક્તિ તરીકે જ સ્થાયી થયાં. આજે પણ તેઓ ત્યાં 'અંબાપ્રેમી હાઉસ'માં રહે છે અને કહે છે, 'હું આનંદમાં રહું છું, નહીં તો દેશમાં (વતનમાં) ક્યારનીયે દુઃખી થઈને મરી ગઈ હોત.'

પૉંડિચેરી આશ્રમને પોતાનું સર્વસ્વ માનનારા ચુનીલાલને શ્રી માતાજીએ ૨૨મી મે ૧૯૨૭ના દિને કહ્યું કે, 'ચુનીભાઈ, તમે સત્યેનને ભાત પીરસવામાં મદદ કરી શકશો ?'

'યસ, મધર !' ચુનીલાલે જવાબ આપ્યો. આશ્રમમાં સાધકને કામ સોંપાયા પછી સ્વયં મધર જ સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં. ચુનીલાલ તો આશ્રમમાં જોડાયા ત્યારની સાડા છ દસકા સુધી સમર્પિત ભાવનાથી જ કાર્યપ્રવૃત્ત રહેલા. કેવળ 'યસ, મધર' જેવો નાનકડો પ્રત્યુત્તર જ તેઓ આપતા. આમ, તેમણે ત્યાં ડાઈનિંગ રૂમનું કામ સંભાળ્યું, ખરીદીનું કામ કર્યું, આશ્રમનો હિસાબ લખ્યો. તેમની લગની અને નિષ્ઠા જોઈને ઘણા જ ટૂંકા ગાળામાં ૧૯૨૮ની ૨૪મી નવેમ્બરે 'માતાજી' પાસે નવું નામ માગવાથી શ્રી અરવિંદે તેમને નામ આપ્યું 'દ્યુમાન' - The Luminous One. આમ, ત્યારથી તેઓ ચુનીલાલ મટ્યા અને સર્વને માટે સર્વપ્રિય એવા દ્યુમાન બન્યા. આશ્રમવાસીઓ અને નવાગંતુકો સર્વે તેમને 'દ્યુમાનજી' તરીકે જ સંબોધન કરતા. તેમના વ્યક્તિત્વ અંગે છેક ૧૯૫૫માં શ્રી માતાજી કહે છે :

"૧૯૨૭માં મેં તમને પહેલીવાર જોયા ત્યારે હું દોડીને શ્રી અરવિંદ પાસે ગઈ અને કહ્યું કે, 'અત્યારે મેં ત્રણ જણને પહેલીવાર જોયા છે, એક છે___ બીજા છે___ અને ત્રીજા છે___ દ્યુમાન, તે અતિ દૂર સુધી પહોંચશે.'"

આશ્રમમાં શ્રી માતાજી તો ઘણી વાર સમાધિમાં રહેતાં. આશ્રમનું આવશ્યક કામ આવે ત્યારે દ્યુમાનભાઈનો અંતરાત્મા શ્રી માતાજી પાસે પહોંચી જતો. દ્યુમાનભાઈ એક પત્રમાં લખે છે :

"માતાજી અને શ્રી અરવિંદ મારા જીવનની ઝીણવટભરી સંભાળ રાખતાં. એ બંને મારા અંતરમાં સ્થિર થઈ વસી ગયાં હતાં. મારે કાંઈ વિચારવાનું રહેતું ન હતું. હું એમના માટે જન્મ્યો, અહીં આવ્યો. એમની સેવા એ જ મારો જીવન-આદર્શ. સેવા લેવા નહીં, સેવા કરવા હું જીવ્યો. 'Love The Mother'. આમાં બધું આવી જાય છે. પછી કંઈ કરવાનું રહેતું નથી."

શ્રી એમ. પી. પંડિત લખે છે કે "દ્યુમાનભાઈ ઉપર મહાલક્ષ્મીની વિશેષ કૃપા હતી. દ્યુમાનભાઈએ આશ્રમ માટે લાખો રૂપિયા એકઠા કર્યા, માતાજી અને આશ્રમ માટે તે વાપર્યા. પોતાને માટે તો એક પૈસોય તેમણે કદી વાપર્યો ન હતો. સ્વયં માતાજીએ જ એમનો જમણો હાથ લઈ કહેલું કે 'દ્યુમાન, લક્ષ્મીજી તમારાં મિત્ર છે.' અને અન્ય એક અવસરે શ્રી માતાજીએ તેમનને ગણેશનું ચિત્ર આપેલું. પાછલ લખેલું કે, 'ગણપતિ તમારા ઉદાર મિત્ર બનો', આશ્રમમાં એવા અનેક પ્રસંગો આવી ગયા કે મોટી સંખ્યામાં જમનારા આવ્યા હોય અને અન્નભંડાર પણ સમૃદ્ધ જ હોય. પૉંડિચેરી આશ્રમના રસોડામાં ક્યારેય સમયની બાબતે તથા સંખ્યાની બાબતે પ્રશ્નો નથી ઉદ્‌ભવ્યા.

ગાંધીજીની હત્યાના એક માસ પૂર્વે શ્રી માતાજીએ દ્યુમાનજીને કહેલું : "ગાંધીજીમાં પરિવર્તન આવ્યું છે. પહેલાના ગાંધીજી રહ્યા નથી. હું તેમને મળવાનું પસંદ કરીશ.' દ્યુમાનજીને, ગાંધીજી સાથે પત્રવ્યવહાર ૧૯૪૭ સુધી સતત ચાલતો; પરંતુ તે પછી તો ગાંધીજીની હત્યા થઈ અને બંનેની મુલાકાત શક્ય ન બની.

આશ્રમના આર્થિક ખર્ચને પહોંચી વળવા શ્રી અરવિંદ તથા શ્રી માતાજીને મળેલી ભેટસોગાદો વેચવાની પરિસ્થિતિ આવતી ! આ બધું જ કાર્ય દ્યુમાનજી કરતા. જો કે ઘણીબધી વસ્તુઓ તો શ્રી માતાજીના ભક્તો જ આશ્રમ પ્રત્યેની કૃતાર્થ ભાવનાથી પ્રેરાઈને ખરીદી લેતા. એક વાર ૧૦૦૦ સાડીઓ વેચવા અંગે તેમને શ્રી માતાજીએ કહ્યું ત્યારે દ્યુમાનજીએ વિરોધ પણ કરેલો અને આખરે આઘાત સાથે તેમણે મુંબઈના ઉદ્યોગપતિ શ્રી કેશવદેવ પોદ્દાર (નવજાત)ને પત્ર લખ્યો. શ્રી પોદ્દાર તો શ્રી માતાજીના પરમ ભક્ત જ હતા. તેમણે તરત જ લાખેક રૂપિયા મોકલી આપ્યા અને ક્રમે ક્રમે સાડીઓની આવક થાય તે પણ આશ્રમને અર્પણ કરવાનું જણાવ્યું.

શ્રી દ્યુમાનજી તો શ્રી અરવિંદ અને શ્રી માતાજીને સમર્પિત જ હતા. શ્રી અરવિંદ એમનાં લેખન-ચિંતનમાં વ્યસ્ત જ રહેતા. શ્રી માતાજી એમને સહાય કરતાં. રાત્રિ દરમ્યાન શ્રી માતાજીને દ્યુમાનજીનું કામ પડતું ત્યારે

બારણું ખોલી 'ઘુમાન' કહે ને ઘુમાનજી તરત જ જવાબ આપતા, 'યસ મધર'. આમ કેવી રીતે ? તેઓ શ્રી માતાજીની રૂમની નીચે પરસાળમાં દાદર પાસે સૂઈ જતા. આમ, શ્રીમાનો અવાજ આવ્યો નથી અને ઘુમાનજી હાજર થયા નથી ! ૨૫ વર્ષ સુધી તેમણે પરસાળની શય્યા આનંદી.

શ્રી ઘુમાનજીની સેવકપણાની ચોક્સાઈ અને તે પરત્વેની સૂક્ષ્મ અધ્યાત્મ દષ્ટિ પણ જાણવા જેવી છે. શ્રી અરવિંદનો ઓરડો તેઓ સાફ કરતા. ૧૯૩૮માં શ્રી અરવિંદ અકસ્માતને કારણે પથારીગ્રસ્ત હતા. તેઓ લેખનાદિ તો કરતા જ. પણ શ્રી અરવિંદની એકાગ્રતામાં લગીરે ખલેલ ન પહોંચે એટલે શ્રી માતાજીના આદેશ અનુસાર તેઓ સતત પાંચ વર્ષ સુધી શ્રી અરવિંદની રૂમમાં સફાઈ કરવા તો જતા પણ ક્યારેય પળવાર પણ તેમણે શ્રી અરવિંદ પ્રતિ નજર સુધ્ધાં કરેલી નહીં. નતમસ્તકે કર્મયોગી આજ્ઞાંકિત સેવક બની ઘુમાનજી એક સંયમી સાધક તરીકે સફળ રહેલા. શ્રી માતાજી એમના કામમાં વ્યસ્ત હોય. ક્યારેક સવાર પણ પડી જાય. એક વાર તેમણે ઘડિયાળ જોઈ - સવારના ચાર વાગ્યા હતા ! તેઓ કહે, 'અરે ઘુમાન, ચાર વાગી ગયા?' જવાબ મળે, 'યસ મધર'. પછી હાસ્ય સાથે શ્રી માતાજી કહે, 'હવે તો રાત્રિ ગઈ, હવે આપણે નવું કામ શરૂ કરીએ. કેમ, ખરું ને?' ઘુમાનજી કહે, 'યસ મધર'. આમ, અર્જુનની જેમ એક જ લક્ષ્ય ઘુમાનજીનું. શ્રી અરવિંદનું કામ કરવું એ શ્રી માતાજીનું લક્ષ્ય, જ્યારે શ્રી માતાજીનું કામ કરવું એ ઘુમાનજીનું લક્ષ્ય.

૧૯૫૦ની ૫મી ડિસેમ્બરે શ્રી અરવિંદે દૈહિક વિદાય લીધી. ઘુમાનજી એ આઘાતમાં માંદા પડ્યા. અસાધ્ય રોગને લીધે અને શ્રી માતાજીના અતિ આગ્રહને કારણે તેમને મદ્રાસ જવું પડેલું.

શ્રી ઘુમાનજી એટલે શ્રી અરવિંદ આશ્રમના મહાન પ્રાણ અને સાધક હતા. તેમ છતાં અંદરનો જીવ તો ખેડૂત જ હતો. જેમણે ઘુમાનજીને જોયા છે એ સહુ જાણે છે કે રોજ બપોરે ત્રણ વાગે એટલે તેઓ ગ્લોરિયા ફાર્મ જવા નીકળે. પગમાં જોડા જાણે ચરોતરી, શરીર પર સદરો અને એની પર બંડી, નીચે ધોતીયું - આ તેમનો પહેરવેશ. રોજ તેઓ ગ્લોરિયા ફાર્મ પર જાય અને ત્યાંથી શ્રી મનીન્દ્રજી જોડે કામની ગોઠવણી કરે. ખેડૂતોને મળે, ગાયો તો તેમને જોઈને ઉછળવા લે. આ ફાર્મ આશ્રમથી ૧૭ કિ.મી. દૂર છે. એ પથરાળ જમીન પર ઘઉં અને વર્ષે બે વાર ડાંગર પકવવા માંડી. આજે ૨૭ વર્ષથી એ સ્થાન એવું હરિયાળું અને સમૃદ્ધ બનાવ્યું છે કે Director General of the Indian Council of Agricultural Research, Government of Indian, એ પણ સંશોધન માટે ત્યાં જોવા આવેલા. વાસ્તવમાં ગ્લોરિયાની ખેતી અધ્યાત્મભાવ સાથે જોડાયેલી છે. રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓ ત્યાં નથી વપરાતાં. કેવળ વરસાદનાં પાણી તથા છાણ આદિ જ ત્યાં વાપરવામાં આવે છે. ઘુમાનજી સાથે આ ફાર્મ જોવા જવાનો લાભ આ લખનારને પણ પ્રાપ્ત થયેલો. કેળાં, નારીયેળી, ફૂલો આદિ આશ્રમના ડાઈનીંગ હૉલ તથા સમાધિનાં સ્થાન માટે આ ફાર્મ પરથી આવે છે.

ગૌશાળા પણ અહીં છે. આશ્રમને ત્રણ ટંક દૂધ આ ગૌશાળાની ૨૫૦ જેટલી ગાયો દ્વારા પહોંચાડવામાં આવે છે. અમુલના ડૉ. કુરિયન પણ આ ગૌશાળા જોઈ, આનંદ પામીને જ પાછા ગયેલા. વળી, ઘુમાનભાઈએ ગ્લોરિયાની ગૌશાળાના કાર્યકરોને તાલીમ લેવા આણંદ પણ મોકલેલા. શ્રી અરવિંદ આશ્રમ તો સદાને માટે ઘુમાનજીને યાદ કરશે, પણ ગ્લોરિયા ફાર્મ અને ગૌશાળા તો ઘુમાનભાઈનાં જીવંત સ્મારકો જ કહેવા રહ્યાં, જ્યાં આજે પણ ચૈતન્યસાધના પ્રવૃત્ત જ છે.

ઈ. ૧૮૭૮ની ૨૧મી ફેબ્રુઆરીએ ફ્રેન્ચ સન્નારી મીરા આલ્ફાસા કે જેઓ પોતાના 'કૃષ્ણ'ને શોધતાં પૉંડિચેરીમાં આવ્યાં અને પછી 'The Mother' નામે ખ્યાતનામ બન્યાં. તેમનો દેહોત્સર્ગ ૧૭મી નવેમ્બર ૧૯૭૩ના દિવસે થયો. આશ્રમ માટે તો શ્રી અરવિંદની વિદાય પછી શ્રી માતાજીનાં જવાની ઘટના એક અસહ્ય ઘટના હતી. તેમનાં જવાથી એક પ્રકારની સ્તબ્ધતા ઘુમાનજીએ એક પળ તો અનુભવેલી; પરંતુ બીજી જ પળે તેઓ સ્વસ્થતાથી તેમના અસ્તિત્વનો અનુભવ જ કરે છે. તયારથી જ, ત્યારે અને આજે પણ શ્રી માતાજીના અસ્તિત્વનું વાતાવરણ યથાવત્ રાખવામાં ઘુમાનજીનો અધ્યાત્મ ફાળો ધ્યાનાર્હ રહ્યો છે.

¤

૧૯મી ઑગસ્ટ, ૧૯૯૨ના દિને રાત્રે આઠ વાગે ઘુમાનજીએ દેહત્યાગ કર્યો. આ લખનારને ૧૨મી ઑગસ્ટે સમાધિ આગળથી પસાર થતાં તેમનાં દર્શન થયેલાં. કદાચ તેઓ 'ગ્લોરિયા'થી પાછા આવ્યા હશે ! ૧૩મીની રાત્રે વીસેક મિનિટ સુધી તેમની સાથે વાતો કરી મેં કહ્યું, 'હવે ૧૬મીએ તો જવાનો છું, ૧૫મી એ તો આપ થાકેલા હશો, મળવા નહીં આવું. તેઓ કહે, 'ના, એમ નહીં, જરૂરથી આવો.' 'સારું', કહી પ્રણામ કરી છૂટો પડ્યો. શ્રી અરવિંદના જન્મ દિવસ ૧૫મી ઑગસ્ટે દર્શન-દિન હોવાથી વહેલી સવારે ૫-૦૦ વાગ્યાથી સાંજના ૪-૩૦ વાગ્યા સુધી ઘુમાનજીના હસ્તે ૭૬૦૪ બ્લેસિંગ પેકેટ્સ વહેંચાયાં. તેઓ તો લોથ થઈ ગયેલા. સાંજે મળવા ગયો ત્યારે આરામ ખુરશીમાં બંધ આંખો સાથે જોયા. વાર્ધક્ય, અતિશય પરિશ્રમ, આરામ તો તેઓ સ્વીકારે જ નહીં એવી સ્થિતિમાં તેમને કેમ જગાડાય !! પ્રણામ કરી, ચરણસ્પર્શ કરી આ લખનારે તેમની વિદાય લીધી. ૧૬મીએ અમદાવાદ જવા રવાના થયો. ૧૯મી ઑગસ્ટની રાત્રે ૧૧-૦૦ વાગે તો ફોન આવ્યો કોણ હશે? સામેથી અવાજ આવ્યો, 'ઘુમાનજી ગયા.' 'ના હોય !' સાચે જ તેમણે દેહ છોડ્યો હતો. શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું કામ કરતાં કરતાં અંતિમ શ્વાસ સુધી તેઓ સેવા-પ્રવૃત્ત રહેલા.

તેમની એક ઉત્કૃટ ઇચ્છા હતી કે 'શ્રી અરવિંદ સ્વદેશાગમન શતાબ્દી' મહોત્સવ ખૂબ જ સારી રીતે ઉજવવામાં આવે.' શ્રી અરવિંદ જન્મ શતાબ્દી' ૧૯૭૨માં સમગ્ર વિશ્વે ઉજવેલી. જ્યારે 'સ્વદેશાગમન' શતાબ્દી પાછળ ઘુમાનજીનો એક પ્રકારનો અધ્યાત્મભાવ રહેલો હતો. ઈંગ્લન્ડમાં ૧૪ વર્ષ વિદ્યાભ્યાસ કરી ૬ ફેબ્રુઆરી ૧૮૯૩ના દિવસે શ્રી અરવિંદ મુંબઈના

(અનુસંધાન પાન ૨૧૨ ઉપર)

હદપાર

—— બહાદુરભાઈ જ. વાંક ——

શહેરની છાતી ચીરીને દૂર દૂર વિસ્તર્યે જતી મિલોના ભૂંગળાની ચીસો કૉલેજ હૉસ્ટેલની રૂમમાં સુનેલા ભોળાના કાને અથડાઈ. વિદ્યુતનો જીવતો તાર તેના શરીરને અડી ગયો હોય તેમ આંચકા સાથે પથારીમાંથી તે સફાળો બેઠો થઈ ગયો. તે રણમાં ફૂંકાતા પવન જેવો ફળફળતો નિસાસો તેનાથી નંખાઈ ગયો. મગજમાં જાણે ઝેરી તાવની ગરમી ચઢી ગઈ હોય તેમ તેનું સમગ્ર અસ્તિત્વ કંપવા લાગ્યું. શરીરમાં અસહ્ય અકળામણ થવાના કારણે તેણે ઊભા થઈને સીલિંગ ફેન ચાલુ કર્યો. પંખાની હવા પણ તેને દઝાડતી લાગી! રૂમમાં જાણે ઝેરી ગૅસ ફરી વળ્યો હોય તેમ તેને ગૂંગળામણ થવા માંડી. તેણે કંઈક રોષથી પાછો પંખો બંધ કરી દીધો. શરીરેથી પરસેવો નીતરવા લાગ્યો. તેને થયું, 'આજ આમ કેમ થતું હશે?'

થોડીવાર પછી આંખ-મોં ઉપર પાણીની છાલક મારીને કંઈક સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતાં તે અભ્યાસનાં પુસ્તકોનાં પાનાં ફેરવવા લાગ્યો. પુસ્તકોનાં પાનાં વચ્ચે છુપાવીને રાખેલાં વૃક્ષોનાં પાંદડાં અને પંખીઓનાં સુંવાળાં પીંછાંઓ ઉપર આંગળીઓ ફેરવી - શહેરમાં આવ્યાં પછી પોતાની આંગળીઓને પક્ષાઘાતની અસર તો નથી થઈ ગઈને, એ જોવા માટે જ તો. ના, હજુ આંગળીઓ બરાબર જીવતી હતી. તેની આંગળીઓનાં ટેરવાં પરનો પાંદડાં-પીંછાંનો મુલાયમ સ્પર્શ ધીમેધીમે તેની ચેતનામાં ઘૂંટાવા લાગ્યો.

ને અચાનક તેને યાદ આવી ગયું પોતાનું ગોકુળિયું ગામ... ગામનો ચોરો...ગામનું પાદર...ગોધુલી સમયે પાછી વળતી ગાય-ભેંસોના મીઠી ઘંટડી જેવા રણકારો...ને લીલા પાકની ઓઢણી ઓઢીને પવનમા લહેરાતું પોતાનું ખેતર.

એ વખતે તેનું એક સ્વપ્ન હતું: ખેતરની ક્ષિતિજે પોતાનું એક ઘર હોય.. એ ઘરમાં ફુલની વેલનો એક હીંચકો હોય એ હીંચકા ઉપર બેસી, બસ, પોતે પોતાના ખેતરને જોયા કરે...બસ ખેતરને આંખોમાં ને શ્વાસમાં વાગોળ્યા કરે...

અચાનક હૉસ્ટેલની બારીમાંથી શહેરના આકાશમાં ઊડતા-ઘરરાટી બોલાવતા વિમાનોને જોઈને તેને પોતાના ખેતરમાં ઊડતાં પંખીઓ યાદ આવી ગયાં

પંખીઓને જોઈને તેને પંખી બની જવાનું ગમતું, પંખીનો ટહુકો બનીને પોતાના ખેતરમાં ચોપાસ વેરાઈ જવાનું ગમતું, ખેતરની ધૂળમાં ધૂળ બનીને આળોટવાનું ગમતું. બસ, ખેતરમાં પડ્યા રહેવું, હળ હાંકવું, ક્યારામાં પાણી વાળવું, નીંદામણ કરવી, કોશ હાંકવો ને ખેતરમાં લહેરાતા પાકની વચ્ચે ઊંડા ઊંડા શ્વાસ લેવા.

ને હૉસ્ટેલની બારીમાંથી શહેરની ગંધાતી હવાનું એક મોજું નાકે અથડાયું. નાકમાં કોઈએ ડૂચો મારી દીધો હોય તેવી તેને ગૂંગળામણ થવા માંડી.

હજુએ તેને બરાબર યાદ હતી ખેતરની સાથેની આત્મીયતા. આ આત્મીયતામાં તે કુદરતની એક એવી ભાષા શીખી ગયો હતો, જેમાં એક પણ અક્ષર નહીં ને છતાં કેટકેટલા અર્થો!

તેને થયું, 'અંતરને તળિયે વિકસેલા એ બધાય અર્થોની લિપિ શું આજ અવળસવળ થઈને પોતાનામાંથી સાવ અદશ્ય થઈ ગયો હશે? શું એટલે જ આજે આ બધો પરિતાપ?'

અચાનક બહારથી બારણાના ખડખડાટ સાથે તેના નામની બૂમ સંભળાઈ. વિચારતંદ્રામાંથી ઝબકી જતાં તેણે બારણું ખોલ્યું. બાજુના રૂમના બે વિદ્યાર્થી તેની રૂમમાં દાખલ થતા બોલ્યા, 'અમારા પોર્ટેબલ ટી.વીમાં ડિસ્કોનો એક સરસ કાર્યક્રમ આવે છે...ચાલ જોવા...'

પણ તેણે સ્પષ્ટ ના પાડી દેતાં કહ્યું: 'મને એવું બધું જોવું ગમતું નથી.'

'તો સાંજે તારે અમારી સાથે પિક્ચરમાં તો આવવું જ પડશે.' બોલતાકને બંને વિદ્યાર્થીઓ હસી-મજાક કરતા ચાલ્યા ગયા.

ભોળાએ રૂમનું બારણું બંધ કરી દીધું. પણ બાજુના રૂમમાં ડિસ્કોના ઘોંઘાટભર્યાં સંગીતથી તો તે બરાબરનો કંટાળી ગયો.

સાંજના એ જ વિદ્યાર્થીઓ તેની પાસે આવતા બોલ્યા, "ચાલ અમારી સાથે પિક્ચરમાં...સરસ પિક્ચર છે. 'નીલ ગગન કે તલે..'

તે અનિચ્છા વ્યક્ત કરતા બોલ્યો, 'તમે લોકો જઈ આવો...મારે નથી આવવું.'

એક વિદ્યાર્થી બોલ્યો: 'યાર, શહેરમાં કેમ જીવવું એ તો થોડું તું અમારી પાસેથી શીખ...આખો દિવસ રૂમમાં શું ગોંધાઈ રહે છે?'

ને તેની અનિચ્છા છતાં બધાં તેને પરાણે પિક્ચરમાં ઢસડી ગયા. તેનું મન એકદમ ખાટું થઈ ગયું. નાછૂટકે તે બધાની પાછળ ઢસડાયો. રસ્તામાં ટ્રાફિકના અસહ્ય ઘોંઘાટથી તેને બેચેની થઈ આવી. બજારમાં જાણે પોતાનો કોઈએ ઘા કર્યો હોય તેમજ તેને લાગ્યું. કીડીઆરાની જેમ બજારમાં ઊભરાતા માણસોને જોઈને તેને બરાબરની ચીતરી ચઢી ગઈ. તેને આંખોમાં ગજબની બળતરા થવા લાગી. તેને દોડીને પાછા રૂમ ઉપર ફરી જવાનું મન થઈ આવ્યું. 'મારી તબિયત સારી નથી. મને પાછો રૂમ ઉપર જવા દો...' તે પાછો ફરવા જતો હતો, ત્યાં જ એક મિત્ર તેનું બાવડું પકડતાં બોલ્યો: 'યાર, એકાદ જિંજર પેટમાં ઠપકારીશ તો તબિયત પણ ગુલાબી થઈ જશે.' મિત્રે તેના હાથમાં જિંજરની બાટલી પકડાવી.

તેને પોતાના ખેતરનો ચિચોડો...એ ચિચોડામાં પિલાતી શેરડી...ને શેરડીમાંથી નીકળતો સાકર જેવો રસ- એ બધુંજ એકાએક યાદ આવી ગયું. ને જિંજર મોઢામાં નાખતાં જ તેને ઊલટી થઈ ગઈ. તેનું મોઢું એકદમ બગડી ગયું. એટલે બીજા મિત્રે તેના મોમાં મસાલાવાળું પાન ડૂચાની જેમ ધાલી દીધું, 'પાન ખાશે એટલે મોઢું સારું થઈ જશે.'

પણ તેણે તરત જ પાન થૂંકી નાખ્યું. તેનાં કપડાં પણ લાલ થૂંકથી ખરડાઈ ગયાં - જાણે પોતાના લોહીથી જ કપડાં કેમ ન રંગાઈ ગયાં હોય!

જીવનમાં પહેલી જ વખત જ્યારે થીએટરમાં સીટ ઉપર બેઠો ત્યારે તેનું સમગ્ર અસ્તિત્વ રોષ અને આક્રોશથી ખળભળી ઊઠ્યું. ખુરશી ઉપર તેને જરાય બેસવાનું ફાવતું નહોતું. બેઠાબેઠા જ થોડીવારમાં તેના હાથપગ જકડાઈ ગયા...છતાંય મન મારીને..

પિક્ચર શરૂ થતાં જ તે વધુ ને વધુ મૂંઝવણ અનુભવવા લાગ્યો. તેની આંખો પડદા ઉપર, પણ ચિત્તમાં તો પિતાજીનો એ જ કરડાકીભર્યો ચહેરો...એ ચહેરાની એકેએક તંગ રેખા ચાબૂકના સોળની જેમ ઊપસવા માંડી: 'મારે તને કોઈપણ ભોગે શહેરમાં કૉલેજમાં આગળ અભ્યાસ કરાવવો છે.'

'ના, મારે આગળ ભણવું જ નથી. બાર ધોરણ પાસ થઈ ગયો એટલું પણ મારા માટે ઘણું છે.'

'ના, તું આગળ અભ્યાસ કરે એવી કુટુંબમાં દરેકની ઇચ્છા છે.'

'પણ જ્યાં મારી જ ઇચ્છા નથી ત્યાં.'

'પણ અમારા બધાની તો ઇચ્છા છે ને.'

'મને આગળ અભ્યાસ કરાવવાનો તમારો આટલો આગ્રહ શા માટે ?'

ને પિતાજી તેને સ્પષ્ટ સંભળાવી દે છે : 'તું કૉલેજમાં આગળ ભણી શકે તો જ તને એક ગર્ભશ્રીમંત કુટુંબની એકની એક દીકરીનું ઠેકાણું મળી શકે તેમ છે. એ લોકો પણ ઇચ્છે છે કે તું કૉલેજમાં-'

'પણ જ્યાં હું લગ્ન જ કરવા માંગતો નથી ત્યાં. મારાં લગ્ન તો આપણા ખેતર સાથે જ. એટલે હું કોઈ પણ ભોગે શહેરમાં જઈ જ ન શકું.'

'ખેતર...ખેતર...શું કર્યા કરે છે ? ક્યાં સુધી તું આ ભૂખડીબારસ જેવા ખેતરને વળગી રહેશે ?'

'ના, શહેરમાં તો હું એક દિવસ પણ જીવી જ ન શકું. માટે મહેરબાની કરીને મને-'

ને ગુસ્સામાં પિતાજીના હાથનો પંજો તેના ગાલ ઉપર.

પિક્ચરમાં નાયકને પડતાં અસામાજિક તત્ત્વોના જીવલેણ મારથી, તેના ઘોંઘાટથી તે એકદમ ઝબકી ગયો. તેણે કાન આડી હથેળીઓ દાબી દીધી. થીએટરના અંધકારમાં તેણે ચોતરફ નજર દોડાવી. તેને થયું, 'આ અંધકારમાં જ પોતે એમ ને એમ ઓગળી જાય તો કેવું સારું.'

ને પાછી એ જ વિચારોની સાઈકલ...

પિતાજીનો ખોફ વહોરીને ઘરે જમ્યા વગર જ ને ખેતરે ચાલ્યો જાય છે. ખેતરમાં ઘટાદાર લીમડા નીચે ખાટલો ઢાળીને તેના ઉપર લંબાવે છે. ખેતર ઉપરનું આકાશ તેની આંખોમાં તરવા લાગે છે. ખુલ્લા પવનમાં તેના વાળ ગેલ કરવા માંડે છે. ખેતરનાં વૃક્ષો ઉપર ગુંજારવ કરતાં પંખીઓનો કલરવ તેના કાનમાં...છતાંય આજ પહેલી જ વખત બધુંય તેને કંઈક ખૂંચી રહ્યું હોય તેમ લાગે છે. પિતાજીની જિદ, પિતાજીના સ્વાર્થની દુર્ગંધ હજુય તેના મનમાં ઘૂટાંઈ રહી છે. શું કરવું, શું ન કરવું, એ જ દ્વિધા...ને મનોમન તે નક્કી કરે છે : કોઈપણ ભોગે પોતાનું આ ગામ...આ ખેતર તો છોડવું જ નહીં...

ત્યાં લાઈટ ચાલી જતાં થીએટરમાં બરાબરનો શોરબકોર... તે કપાળ ઉપર હાથ ટેકવીને બસ ઊંડા વિચારમાં જ...

કેમ ભોળા, અત્યારે શું આમ આભડવાની જેમ...પિક્ચરમાં મજા નથી આવતી ?'

મિત્રને તે કાંઈ જવાબ આપે એ પહેલાં લાઈટ આવી જતાં પાછું પિક્ચર શરૂ થયું.

ખેતરેથી મોડી સાંજના ઘરે આવતાં તે જુએ છે તો પિતાજીએ તેને શહેરમાં અભ્યાસ માટે મોકલવાની બધી જ તૈયારી કરી નાખી છે. તે બરાબરનો સમસમી ઊઠે છે : 'એકને લાખ વાતેય હું શહેરમાં જવાનો નથી.'

ને તેની બાની સમજાવટ: 'બેટા, તારી લાગણી હું સમજું છું. તારા બાપુજીનો આગ્રહ છે તો તું મારે ખાતર પણ શહેરમાં જા; અને જો ન ફાવે તો પાછો આવતો રે'જે.'

બાની પોતાના પ્રત્યેની મમતાથી અને આગ્રહથી તે બરાબરનો દ્વિધામાં પડી જાય છે. રાત્રે પથારીમાં સૂતાં સૂતાં એ જ વિચારો. રોજ રોજ બાળક જેવી આવતી ઊંઘ આજે સાવ હરામ થઈ જાય છે. રોજ સપનામાં લીલા રંગનું ખેતર દેખાતું... તેના હાથ, પગ, ખભા, માથા, ઉપર બેસીને ટહુકા કરતાં પંખીઓ દેખાતાં... રોજ સવારના ખેતરમાં પંખીઓને, વૃક્ષોને 'ગૂડ મૉર્નિંગ' કહી તે આનંદથી છલકાઈ ઊઠતો... પણ આજ...?

ને ઇન્ટરવલ...

તેણે આંખો ચોળીને ઘડિયાળમાં જોયું. અગિયાર થયા હતા. હજુ દોઢ કલાક બાકી...તેને થયું, આ તે કેવી સજા ?

કેમ ભોળા, મજા આવે છે ને પિક્ચરમાં ?' એક મિત્રે પૃચ્છા કરી...

પણ તેનું ચિત્ત ક્યાં ઠેકાણે હતું? તેને તો આવી ભરાણા જેવું જ...

ને ઈન્ટરવલ પૂરો થતાં જ...

પિક્ચરમાં હરિયાળા રંગનાં ખેતરો જોતાં જ તેને થોડી આનંદની લાગણી થઈ આવી, પણ પાછા ઘોંઘાટિયા દૃશ્યો શરૂ થતાં જ તેણે આંખો મીંચી દીધી.

પાછું પોતાનું ગામ...પોતાનું ખેતર...એ જ દ્વિધા...એ જ પિડા...આજ પહેલી વખત તે પોતાના ખેતર સાથે વાત કરી શકતો નથી..પંખીઓ સાથે પણ જાણે અબોલા...કોણ જાણે આજ તેને ખેતરની ધૂળમાં ડમર ઓગળતો દેખાય છે...માત્ર બાનું વેણ રાખવામાં જ આ બધું...

ત્યાં પિકચરના એક દૃશ્ય ઉપર અચાનક તેની નજર ચોંટી ગઈ. એક પૈસાદાર પાર્ટી બળજબરીથી સસ્તા ભાવે નાયકની જમીન પડાવી લઈને ત્યાં ઔદ્યોગિક સંકુલ ઊભું કરવા માટે લીલા પાક ઉપર બુલડોઝર ફેરવી દે છે...

ને ભોળો ઝડપથી પોતાની સીટ ઉપરથી ઊભો થઈ ગયો. 'મારું માથું દુ:ખે છે. હું જાઉં છું.' બોલતોકને તે થીએટરમાંથી બહાર નીકળી ગયો.

¤

ભોળાને હૉસ્ટેલની ચાર દીવાલો હવે સ્મશાન જેવી જ લાગવા માંડી હતી. હૉસ્ટેલના બાથરૂમ - લેટ્રિનમાં પણ જવા-આવવાનું જરાય ફાવે નહીં. દૂર દૂર સુધી ફરવા જવાનું વિચારે, પણ ક્યાંય મોકળાશ જોવા મળે નહીં. તેને હવે બરાબર પ્રતીત થઈ રહ્યું હતું- આ શહેરમાં દોડી શકાય નહીં, ચાલી શકાય નહીં અને ઊભા પણ રહી શકાય નહીં ! કેટલાય દિવસો સુધી શહેરમાં વૃક્ષોનાં, પંખીઓનાં તેને દર્શન ન થતાં. તે બરાબરનો અકળાઈ ઊઠ્યો. તેને હવે બરાબર લાગતું હતું- પિતાજીએ તેને ગામડેથી જાણે હદપાર કરીને બહુ મોટી સજા કરી દીધી હતી !

એક દિવસ દાંતમાં તેને કંઈક દુ:ખાવો ઊપડી આવતાં કેટલાક મિત્રોને ક્યાંકથી બાવળનું દાતણ મેળવી આપવા માટે વાત કરી. મિત્રોએ તો તેની વાત સાંભળીને તેની એવી ઠેકડી ઉડાડી કે તેના રોમેરોમમાં જાણે બાવળના કાંટા ઊગી નીકળ્યા. તેને અભ્યાસ છોડીને વતનમાં પાછા ફરી જવાનો વિચાર આવી ગયો.

એક દિવસ તેણે આ અંગે પિતાજીને પત્ર લખી નાખ્યો. જવાબમાં પિતાજીએ ગમે તેમ કરીને એક ટર્મ પૂરી કરી નાખવાનું જણાવ્યું. તેણે મને-કમને એક ટર્મ પૂરી કરી ત્યાં તેના પિતાજીનો જ તેના ઉપર પત્ર આવ્યો. લખ્યુ હતું: 'અમે બધાં જ ગામડું છોડી તારી પાસે આવી જઈએ છીએ.'

ભોળાને કશું સમજાયું નહીં. તેને થયું, પિતાજીએ આવો પત્ર કેમ લખ્યો હશે? શું મારા માટે જ બધાં આવી તકલીફ લેતાં હશે ? બધાંને ફક્ત મારે ખાતર જ પિતાજીએ શા માટે હેરાન કરવા જોઈએ? બંધ ઓરડામાં ફરી વળતાં ધુમાડાની જેમ તેનું મન બરાબરનું ધૂંધવાઈ ઊઠ્યું. શહેરની હવા તેના શ્વાસમાં ધર્ઝડિયો બનીને ઘૂંટાવા માંડી. તે શહેર છોડવાની તૈયારી કરતો હતો ત્યાં એક દિવસ...

ગામડેથી તેના પિતા જ તેની પાસે આવી પહોચ્યા. તેમણે તેને નવા જ સમાચાર આપ્યા : 'અમે બધાં જ હવે અહીં રહેવા આવી ગયાં છીએ.'

ભોળાને કંઈ જ સમજાયું નહીં. પિતાજી આમ અચાનક શહેરમાં રહેવા આવી જાય, એ તેના માટે કલ્પના બહારની વાત હતી.

તેના પિતાજીએ વિશેષ સ્પષ્ટતા કરતાં કહ્યું, 'મેં વિશાળ ફ્લેટ પણ વેચાતો રાખી લીધો છે, જ્યાં તારી બા વગેરે ઘરવખરી સાથે આવી ગયાં છે.'

ભોળાને હજુ પણ આ વાત માન્યામાં આવી શકતી નહોતી. તેના મનમાં કેટલાય પ્રશ્નો સળવળી ઊઠ્યા: પિતાજીને વતન છોડવાનું કારણ ? અહીં આવ્યા તો ખેતરની કોણ રખેવાળી કરશે? પિતાજીએ શહેરમાં ફ્લેટ ખરીદવા આટલા બધા પૈસા ક્યાંથી કાઢ્યા હશે? શું તેઓ અહીં રહેવા આવે તો જ હું ભણી શકવાનો હતો?

તેના પિતાજી તેની દ્વિધાને કળી જતા હોય તેમ બોલ્યા, "તારે મૂંઝાવાની કોઈ જરૂર નથી. મેં એક વકીલની સલાહથી.' ને તેમની જીભ કંઈક થોથરાવા લાગી.

'વકીલની સલાહથી...એટલે ?' તેણે એકદમ પૂછી નાખ્યું.

'બેટા, તારા અભ્યાસ અને ભાવિ જીવન માટે આ બધું કર્યું છે..'

પિતાજીને હજુ પણ અસ્પષ્ટ વાત કરતા જોઈને તે કંઈક વિસ્મય અનુભવતા બોલ્યો, 'આખરે તમે શું કહેવા માંગો છો એ જ મને કંઈ સમજાતું નથી.'

ને તેના પિતાજીએ કહી જ નાખ્યું 'આપણા ખેતરને બિનખેતીમાં ફેરવીને તેના પ્લોટો પાડી નાખ્યા છે.'

'શું, ખેતરના પ્લોટો પાડી નાખ્યા? શા માટે? આમ કરવાનું કંઈ કારણ ?' તેણે પ્રશ્નોની ઝડી વરસાવી.

'એ તારે જોવાનું નથી.' ને તેના માથે હાથ ફેરવતાં પિતાજીએ ઉમેર્યું 'મારે તને ખૂબ ભણાવવો છે. પ્લોટોના વેચાણથી સારી એવી રકમ..."

પિતાજીની વાત સાંભળતાં જ તેને જબ્બર આંચકો લાગ્યો. શરીરમાં દોડતું લોહી જાણે બરફની જેમ થીજી ગયું. તે એકદમ હતબુદ્ધિ બની ગયો.

તેનો એકદમ નંખાઈ ગયેલો ચહેરો જોઈને પિતાજી વિશેષ સ્પષ્ટતા કરતા બોલ્યા 'તારા નામે પણ બેંકમાં સારી એવી રકમ મેં સંભાળીને મૂકી દીધી છે.'

પણ તે તો પૂતળાની જેમ સાવ અવાચક બની આ બધું માત્ર સાંભળી રહ્યો. પિતાજીએ તેનો વાંસો થાબડી તેને હલાવ્યો, 'શું આમ મૂઢની જેમ ઊભો રહી ગયો છે.?' ને તેનું બાવડું પકડી ઉમેર્યું : 'ચાલ ઘરે...તારી બા વાટ જુએ છે.'

પિતાજી પાર્ક કરેલી મોટર તરફ આગળ વધ્યા. તેની પાછળ તે પણ ઢસડાયો. પિતાજીએ મોટરનો દરવાજો ખોલી, તેને અંદર ધકેલ્યો.

થોડીવારમાં તો મોટર ફ્લેટના દરવાજા પાસે આવીને ઊભી રહી ગઈ. પિતાજીએ મોટરમાંથી બહાર આવી તેને નીચે ઊતરી જવા સૂચન કર્યું. કોઈ ધક્કો મારતું હોય તેમ તે મોટરમાંથી બહાર આવ્યો.

પિતાજી એક ભવ્ય બિલ્ડિંગ તરફ આંગળી ચીંધતા બોલ્યા 'અહીં એકવીસમા માળ ઉપર આપણો ફ્લેટ છે.'

ત્યાં તો ડોકમાં કોઈએ દસ મણનું વજન લટકાવી દીધું હોય તેમ તેણે ઝડપથી માથું નીચે ઝુકાવી દીધું. પછી પિતાજીની પાછળ પાછળ તે લિફ્ટની જગ્યાએ ઢસડાયો. ગળામાં ગાળિયો નાખીને તેને કોઈ ઉપર ખેંચી રહ્યું હોય તેમ તે થોડીવારમાં જ લિફ્ટમાં ફ્લેટના એકવીસમા માળ ઉપર...

ઉપર આવતાં આવતાં તો તેને બે-ત્રણ ઊલટીઓ થઈ ગઈ. શહેરમાં ખાધેલું બધું જાણે નિયતિ તેને કેમ ન ઓકાવી રહી હોય ! એકદમ થાક લાગ્યો હોય તેમ તે ફ્લેટના બારણા પાસે ઊભો રહી ગયો. ત્યાં ફ્લેટના નામનું પાટિયું હતું 'કુદરત'. તેની બા તેમજ અન્ય કુટુંબીઓ તેને હોંશપૂર્વક વળગી પડ્યાં. ખબર-અંતર પૂછતાં તેની બા તેને ફ્લેટના એક પછી એક ઓરડાઓ દેખાડવા લાગી. પણ તેનું ચિત્ત ક્યાં ઠેકાણે હતું? બાને દુઃખ ન થાય એટલા માટે તે મૂક રહી સાંભળતો-જોતો રહ્યો. પછી બા તેને ફ્લેટની અગાસી ઉપર આસપાસનો વિસ્તાર જોવા ઢસડી ગઈ.

અગાસી ઉપર આયોજકો તરફથી સુંદર બગીચો બનાવવામાં આવ્યો હતો. માટીનાં અસંખ્ય કુંડાંઓમાં રોપાયેલ કેટલીય જાતના ગુલાબના રંગોને તે ઘડી - બે ઘડી આંખોમાં ભરી રહ્યો. આખી અગાસીના વિસ્તારને આવરી લેતાં ફૂલવેલના માંડવા નીચે તેણે ઊંડો શ્વાસ લીધો. અચાનક તેને ગૂંગળામણ થઈ આવી. પછી અગાસી ઉપરથી તેણે દૂર દૂર સુધી નજર દોડાવી. તેને એકાએક આંખોમાં બળતરાન થવા લાગી. થોડીવાર આંખો મીંચીને ઊભો રહી ગયો. બંધ આંખોમાં પાછું પોતાનું જ ખેતર સળવળવા માંડ્યું. પાછી તેણે ઝડપથી આંખો ખોલી નાખી. છતાંય આંખોમાં તો બળતરાન જ...

થોડીવાર પછી તેણે ફ્લેટના વિશાળ કમ્પાઉન્ડ તરફ નજર દોડાવી. બે બાજુ પાર્ક કરેલી મોટરોની વચ્ચે પથરાયેલી લોન ઉપર પવનમાં ધીમે ધીમે લીલું ઘાસ ફરફરી રહ્યું હતું. ઘાસને જાણે પોતાના બાહુઓમાં સમાવી લેવા માગતો હોય તેમ તેણે બંને બાહુ પહોળા કર્યા. કોઈ જુએકારવે એ પહેલાં તો તેણે ઝડપથી ઘાસ તરફ નીચે ઝંપલાવ્યું.

ચારે બાજુ શોરબકોર મચી ગયો. થોડી વારમાં તો ત્યાં માણસોના ટોળેટોળાં એકઠાં થઈ ગયાં. બધા આવીને જુએ છે તો ઘાસ ઉપર તેનું નિર્જીવ ખોળિયું જ પડ્યું હતું.

થોડીવારમાં તો કોણ જાણે તેની લાશની આસપાસ ઢગલાબંધ પંખીઓ કકળાટ કરતાં ક્યાંકથી ઊતરી પડ્યાં. પંખીઓની ચિચિયારી-આક્રંદથી આસપાસનો વિસ્તાર ગાજી ઊઠ્યો.

લોકોને આશ્ચર્ય એ વાતનું થયું કે આટલાં બધાં પંખીઓ એક-સાથે અચાનક અહીં ક્યાંથી ઊતરી પડ્યાં હશે ! □

સુપરકમ્પ્યૂટર

પ્રહ્લાદ છો. પટેલ

સુપરકમ્પ્યૂટર શું ઇજિપ્તના પિરામિડ જેવું હશે? કે પછી રાક્ષસી કદના બહુમાળી મકાન જેવું હશે? ના, તેની સાથે ભૌતિક વિશાળતાનો ખ્યાલ સંકળાયેલો નથી. પણ સુપરકમ્પ્યૂટર અકલ્પ્ય અને અત્યંત ઝડપી કાર્યવાહી કરતી પ્રચંડ શક્તિશાળી પદ્ધતિ છે. સ્વિચ દબાવી તેના ઉપરથી આંગળી ઉઠાવી લેતાંની સાથે જવાબ ફટાફટ મળી જાય તેટલી ત્વરાથી સુપરકમ્પ્યૂટર કાર્ય કરે છે. કોઈ પણ કોયડાનો ઉકેલ સુપરકમ્પ્યૂટર માટે અશક્ય નથી. વિજ્ઞાન, ટેકનોલૉજિ અને ઉદ્યોગોના ક્ષેત્રે ગણિતીય પ્રતિરૂપ (model) તૈયાર કરીને વ્યાપક પ્રશ્નોના ઉકેલ તે તૈયાર કરે છે. ઘણા વધારે પ્રાચલો (parameters) અને દત્ત-માહિતી (data)નો સમાવેશ થતો હોય ત્યાં સુપરકમ્પ્યૂટર સામાન્ય કમ્પ્યૂટરના સિદ્ધાંત મુજબ કાર્ય કરે છે. પણ તેની ક્ષમતા વધારવા માટે તેને ઝડપી અને શક્તિશાળી બનાવવાની તેમાં જોગવાઈઓ કરવામાં આવે છે.


સુપરકમ્પ્યૂટરની રચના એક પડકાર છે, કારણ કે તેની સાથે સંકળાયેલ વિજ્ઞાન માટે ભૌતિકશાસ્ત્રીઓ વિવિધ ટેકનોલૉજિ માટે ઈજનેરો, બધા ભાગોને વધુ ક્ષમતા સાથે જોડવા માટે કમ્પ્યૂટર શિલ્પીઓ, સૂચનાઓનું સંકલન કરી કાર્યક્રમો તૈયાર કરનાર સોફ્ટવેર ઈજનેરોનો સહયોગ આવશ્યક છે. આ બધાના સયુંક્ત પ્રયાસોથી જ સુપરકમ્પ્યૂટર કાર્યાન્વિત થાય છે. અત્યંત જટિલ સુપરકમ્પ્યૂટર ખૂબ જ ખર્ચાળ હોઈ સામાન્ય ઉદ્યોગો કે પ્રયોગશાળાઓને તે પોષાય તેમ નથી. પણ જે તે ઉદ્યોગો કે પ્રયોગશાળાઓ તેમના પ્રશ્નોને અનુલક્ષી વધારાના જરૂરી ભાગો ઉત્પાદકો દ્વારા તૈયાર કરાવી સામાન્ય કમ્પ્યૂટર સાથે જોડી દેવાથી તે સુપરકમ્પ્યૂટરની ગરજ સારે છે. આથી મર્યાદિત હેતુઓ માટે આવા પ્રયાસો સુપરકમ્પ્યૂટરનો વિકલ્પ બની શકે છે.

અમેરિકામાં ઇજનેર સેમૂર ગ્રેએ ૧૯૬૩માં સુપરકમ્પ્યૂટર-૬૬૦૦ તૈયાર કર્યું, જે અગાઉના કોડ કંટ્રોલ કોર્પોરેશન (સીડીસી) અને આઈ.બી.એમ.એ તૈયાર કરેલ સુપરકમ્પ્યૂટરો કરતાં વધુ સક્ષમ અને શક્તિશાળી હતું. સુપરકમ્પ્યૂટર-૬૬૦૦ની રચનાએ ઇલેક્ટ્રૉનિક ઉદ્યોગમાં સનસનાટી ફેલાવી હતી. આ સુપરકમ્પ્યૂટરની લંબાઈ આશરે ૪ મીટર અને ઊંચાઈ આશરે ૨ મીટર રાખવામાં આવેલી. તેમાં ઉપયોગમાં લીધેલા વીજપરિપથની કુલ મળીને લંબાઈ આશરે ૧૩૦ કિલોમીટર જેટલી છે. તેમાં ૩.૫ લાખ ટ્રાન્ઝિસ્ટરો હવા પણ પસાર ન થઈ શકે તેમ ચુસ્ત રીતે પેક કરેલાં છે. સમગ્ર પ્રણાલીને ઠંડી રાખવા માટે રેફ્રિજરેટર-તંત્ર તેની સાથે જોડવામાં આવેલું છે. આ સુપરકમ્પ્યૂટરને કાર્યાન્વિત કરવા માટે બીજાં દશ નાનાં કમ્પ્યૂટરોની મદદ લેવામાં આવે છે.

વિજ્ઞાનીઓ અને ઇજનેરોની ભાષા ગણિત છે. ગણિતીય ભાષા વડે ભૌતિક ઘટનાઓ સમજાવી શકાય છે તથા સૈદ્ધાંતિક આગાહીઓ શક્ય બને છે - જેમકે તેની મદદથી ગ્રહોનો પથ અથવા પુલની તાકાત નક્કી કરવામાં આવે છે. જે કોયડાનો પેન્સિલ અને પેપરની મદદથી ઉકેલ મેળવવા જીવનપર્યંત કાર્ય કરવું પડે છે તેનો ઉકેલ કમ્પ્યૂટર એકાદ સેકન્ડમાં તૈયાર કરે છે. જે પ્રશ્નો પડકારરૂપ હોય છે તેનો ઉકેલ વિસ્તૃત રીતે તૈયાર કરેલા ગણિતીય પ્રતિરૂપ ઉપર આધારિત છે. આવા પ્રતિરૂપમાં સમીકરણોનો સમૂહ હોય છે. આવા પ્રતિરૂપની સફળતા પ્રશ્નને અનુરૂપ તૈયાર કરેલ કાર્યક્રમ ઉપર આધારિત છે. તેના ઉપરથી વ્યવહારદક્ષ આલેખીય કાર્યક્રમ તૈયાર કરવામાં આવે છે. તેને આધારે માણસ અસંખ્યાકીય પરિણામોને સમજી શકે તે રીતે આલેખવામાં આવે છે. આ બધી કામગીરીને આવરી લેતું સુપરકમ્પ્યૂટર વિજ્ઞાનની ક્રાન્તિના એન્જિન તરીકે વર્તે છે.

પરમાણુ આંખ વડે જોઈ શકાતો નથી તેમજ માઈક્રોસ્કોપ વડે પણ જોઈ શકાતો નથી; પણ સુપરકમ્પ્યૂટરની ક્ષમતા વધારવાથી અણુ, પરમાણુ કે ઉપપારમાણ્વિક કણોની વર્તણૂકને હૂબહૂ રજૂ કરી શકાય છે. માઈક્રોમાઈક્રો સેકન્ડ ($૧૦^{-૧૨}$ સેકન્ડે)થી ઓછા સમય માટે ચાલુ રહેતી રાસાયણિક પ્રક્રિયા સમજી શકાય છે. સુપરકમ્પ્યૂટર વડે ડિઝાઈનનું મૂલ્યાંકન અત્યંત ઝડપથી અને ઓછા ખર્ચે તૈયાર કરી શકાય છે. આવી ડિઝાઈનમાં કોઈ વિકૃતિને અવકાશ હોતો નથી, પરન્તુ તેની ગણિતીય નકલ કંઈ સરળ તો નથી જ.

પુલ કે વિમાન જેવી રચના માટે પરિમિત-અંશ વિશ્લેષણ પદ્ધતિ (finite-element analysis)નો ઉપયોગ થાય છે. આ વિશ્લેષણ પદ્ધતિમાં સમગ્ર સંરચનાને અતિ નાના અંશોમાં વિભાજિત કરવામાં આવે છે. આવા અંશો ત્રિકોણ, ચતુષ્કોણ, નળાકાર જેવા ભૌમિતિક આકારો ધરાવે છે. જે જગાએ આવા અંશોનું જોડાણ થાય છે તે બિંદુને તંત્રનું કેન્દ્ર (node) કહે છે. સંરચનાનું દળ અમુક પૃથક્ સ્થાનો ઉપર કેન્દ્રિત થયેલું ગણી લેવામાં આવે છે. બળ પ્રત્યેક અંશ ઉપર કેવી અસર કરે



છે અને પ્રત્યેક અંશ પાડોશી અંશ ઉપર કેવી અસર કરે છે તેની ગણતરી કમ્પ્યૂટર કરી આપે છે. આ બધામાં હજારો સમીકરણોનો ઉકેલ મેળવવાનો હોય છે. ઊર્જા સંબંધી કોયડા માટે સુપરકમ્પ્યૂટરે કપરી કાર્યવાહી કરવાની રહે છે. ધ્વનિતરંગોનો ઉપયોગ કરીને ઊર્જાના શોષણ દ્વારા પર્વતો અને નિક્ષેપિત સ્તરોનો અભ્યાસ સુપરકમ્પ્યૂટરની મદદથી થાય છે. આવી પદ્ધતિને ભૂકંપીય પ્રતિબિંબ (Seismic image) કહે છે. ઍરગન વડે લઘુઆવૃત્તિનો ધ્વનિ પેદા કરીને તેના તરંગોના પરાવર્તનથી ભૂસ્તરશાસ્ત્રીઓ સર્વેક્ષણ કરે છે. સમુદ્રની ગાદી (seabed), સમુદ્રના તળિયા (ocean floor) તથા ખડકીય-સ્તરો (Rock layer) વડે ધ્વનિ પરાવર્તિત થયેલા ધ્વનિતરંગો પ્રતિઘોષ આપે છે. (જુઓ આ લેખમાંની આકૃતિ) જે તે પ્રતિઘોષ માટે લાગતા સમય અને તીવ્રતાને આધારે સ્તરની જાડાઈની સરખામણી કરી શકાય છે. આવા પ્રતિઘોષમાં ઉદ્‌ભવતી વિકૃતિઓ સુપરકમ્પ્યૂટર વડે દૂર કરવામાં આવે છે અને તે ભૂસ્તરીય ચિત્ર તૈયાર કરે છે.

અત્યંત ઝડપી કાર્યવાહી એ સુપરકમ્પ્યૂટરની પ્રાથમિક જરૂરિયાત છે. આથી સુપરકમ્પ્યૂટરની ઝડપ વધારવા માટે ત્રણ માર્ગ છે. (૧) ખૂબ ઝડપી કામગીરી કરે તેવા ઘટકોનો ઉપયોગ કરવો. મુખ્યત્વે ઝડપી કાર્ય કરે તેવી સ્વિચોનો ઉપયોગ સવિશેષ ઉપકારક બને છે. (૨) ઇલેક્ટ્રૉનિક સંકેતો (signals)ની આવન-જાવન સુપરકમ્પ્યૂટરમાં પ્રાણ પૂરે છે. કામની ઝડપ વધારવા માટે આવા સંકેતોને એકથી બીજી જગાએ જવા માટે અતિઅલ્પ સમય લાગવો જોઈએ. તે માટે યંત્રની અંદર જોડાણના માર્ગો ટૂંકા રાખવા જોઈએ, એટલે કે કમ્પ્યૂટરને સંક્ષિપ્ત બનાવવું પડે છે (૩) જે ઘટકોનો ઉપયોગ કરવામાં આવે છે તેમની ગોઠવણી માટે યંત્રનું શિલ્પ એવું તૈયાર કરવું જોઈએ કે જેથી એ જ અને એટલા જ ઘટકો વધુ ક્ષમતા સાથે કાર્ય કરે. અદ્યતન સુપરકમ્પ્યૂટરની રચના માટે નવા શિલ્પની વિભાવના પરત્વે વધુ ધ્યાન આજકાલ કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. આ બાબતે ગણિતશાસ્ત્રી વોન ન્યૂમાનનું શિલ્પ વધારે પ્રચલિત છે.

સામાન્યતઃ કોઈ પણ ગણિતીય ઉકેલ માટે સૌપ્રથમ જરૂરી એક સંખ્યાને સંચય (memory)માંથી મેળવવામાં આવે છે. બીજા તબક્કામાં બીજી સંખ્યા મેળવવામાં આવે છે. ત્રીજા તબક્કામાં આ બે સંખ્યાઓ વચ્ચે - પ્રક્રિયા ધારો કે ગુણાકાર - કરવાનું જણાવાય છે. ચોથા તબક્કે આવો તૈયાર ઉકેલ સંચયમાં પાછો મોકલવામાં આવે છે. અથવા તો પ્રિન્ટર કે પડદા ઉપર મોકલવામાં આવે છે. આ બધા તબક્કા પૂરા થયા પછી જ બીજી ગણતરી હાથ ધરાય છે. આવી તબક્કાવાર પ્રક્રિયાથી ઝડપ ઉપર મર્યાદા આવે છે. આથી કમ્પ્યૂટર શિલ્પીઓ વોન-ન્યૂમાનની પદ્ધતિને અનુસરે છે. અહીં સમાંતરતા (parallelism)નો સિદ્ધાંત વધુ અસરકારક બને છે. આ સિદ્ધાંત મુજબ એક સાથે અસંખ્ય પ્રક્રિયાઓ થાય છે. આઈ.વી.એમ.એ ૧૯૬૦માં સમાંતર પાઈપોની પદ્ધતિ અપનાવેલી, જેમાં પ્રણાલિકાગત અદિશ (scalar) પ્રક્રિયાઓ એકસાથે થાય છે. આથી પ્રક્રિયક એકમ સતત કામ કરે છે અને સંખ્યાઓ તેમાં આવે અને જાય તેની રાહ જોવી પડતી નથી. આ પ્રક્રિયાને હજુ વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે સદિશ (vector) પ્રક્રિયા પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. અદિશ પ્રક્રિયા પદ્ધતિમાં બધી પ્રક્રિયાઓ વારાફરતી થાય છે; જ્યારે સદિશ પ્રક્રિયા પદ્ધતિમાં બધી જ પ્રક્રિયાઓ એકસાથે થાય છે. આવા ઝડપી સુપરકમ્પ્યૂટરમાં અસંખ્ય ઘટકો એકસાથે કામ કરતા હોઈ ઉષ્મા પેદા થાય છે. આથી ઊંચા તાપમાને ઘટકોની વિધેયાત્મક અને સૂચિત કાર્યવાહીનો ભંગ થાય છે. તેથી સુપરકમ્પ્યૂટરનું તાપમાન અત્યંત નીચું રાખવા માટેનો પ્રશ્ન પણ જટિલ છે. સુપરકમ્પ્યૂટર ઘડિયાળના કાંટાઓ સાથે કાર્ય કરે છે. દિવસે પરિણામોનું વિશ્લેષણ અને પ્રોગ્રામ તૈયાર કરે છે અને રાત્રે તથા સપ્તાહને અંતે ગણતરીઓ કરે છે.

પૃથ્વી ઉપર સમુદ્ર, પર્વત અને ખડકોના સ્થાનમાં ફેરફાર થતા રહે છે. આવા ફેરફાર અત્યંત ધીમા હોય છે. તેથી તેમની નોંધ લેતાં લાખો વર્ષ લાગે છે. પૃથ્વીના હવામાન અને મોસમમાં મોટા પાયે ફેરફાર થતા રહે છે. આવા ફેરફારો સાથે દબાણ, તાપમાન, પવનો, પ્રકાશ, ભેજમાન જેવા પંદરેક પ્રાચલો સંકળાયેલા હોય છે. આ બધા પ્રાચલો (પરિબળો) અંદરોઅંદર એકબીજા સાથે જટિલપણે સંકળાયેલા હોય છે. હવામાનના વિશ્લેષણ માટે સુપરકમ્પ્યૂટરે કલાકો સુધી કામ કરવું પડે છે. કોઈ પણ મોટા યંત્ર કે બહુમાળી મકાનની રચના પહેલાં તેનું પ્રતિરૂપ તૈયાર કરવામાં આવે છે તેમ ભિન્નભિન્ન પ્રાચલોની અસરોનો અભ્યાસ કરવા માટે પ્રતિરૂપ તૈયાર કરવામાં આવે છે. તે રીતે વાસ્તવિક વિશ્વના અભ્યાસ કે પ્રયોગ માટે પણ પ્રતિરૂપ તૈયાર કરવામાં આવે છે. આવા પ્રતિરૂપને પિસ્ટન કે પૈડાં હોતા નથી પણ માત્ર સમીકરણો હોય છે. હવામાન અને મોસમની જાણકારી માટે ભૌતિકવિજ્ઞાનના મૂળભૂત નિયમો ઉપરથી તારવેલાં સમીકરણો વડે પ્રતિરૂપ સ્થાનિક હવામાનને હૂબહૂ રજૂ કરે છે તો કેટલાંક પ્રતિરૂપ સ્થાનિક વિસ્તાર માટે તૈયાર કરેલ પ્રતિકૃતિના રૂપે હોય છે. આવા પ્રતિરૂપને આધારે રોજ-બરોજના હવામાનનું અનુમાન વધારે ચોકસાઈથી કરી શકાય છે. માનવપ્રેરિત પ્રદૂષણની હવામાન ઉપર શું અસરો થશે તે સુપરકમ્પ્યૂટર તેની ગુંજાઇશને આધારે કહી શકે છે. પ્રદૂષણને કારણે લાંબે ગાળે ચામડીના કેન્સર અને જમીનની ફળદ્રૂપતા ઉપર થનારી અસરોનો અંદાજ પણ સુપરકમ્પ્યૂટર આપી શકે છે.

અમેરિકાના સુપરકમ્પ્યૂટર નામે સી.ડી.સી., આઈ.બી.એમ., ડેક અને ક્રે હવે તો જૂનાં ગણાય છે. જાપાને સુપરકમ્પ્યૂટરના ક્ષેત્રે હરણફાળ ભરીને આ બધાંને પાછળ પાડી દીધાં છે. અત્યાર સુધીનાં શક્તિશાળી ક્રે-૧ કરતાં ૬૫ ગણી વધુ ઝડપે ગણતરીઓ કરતું સુપર કમ્પ્યૂટર જાપાને તૈયાર કર્યું છે. આવા સુપરકમ્પ્યૂટર સાથે તે કૃત્રિમ બુદ્ધિને સંલગ્ન કરી ઝડપની સાથે સાથે તે માણસની કુદરતી ભાષા પણ સમજી શકે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આવું સુપરકમ્પ્યૂટર જ્ઞાનની દુનિયાનું અવકાશયાન બની રહેશે.

સુપરકમ્પ્યૂટરનું બજાર સાંકડું છે. તેની માંગ મર્યાદિત છે. સુપર-કમ્પ્યૂટર આધારિત ટેકનોલૉજિ અને ઉદ્યોગો અન્ય ચીલાચાલુ ટેકનોલૉજિ

(અનુસંધાન પાન ૨૦૧ ઉપર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

પ્રજાપતિ કેળવણી સંમેલન

તા. ૧૫-૫-'૭૨.

આજકાલ બે અઠવાડિયાં માટે અમારો મહુવામાં મુકામ છે. અત્યારે મહુવા વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે. સરદાર પૃથ્વીસિંહનો ગ્રીષ્મ વ્યાયામ વર્ગ ચાલે છે તો રાજ્ય સરકાર તરફથી હોમગાર્ડ્સનો કેમ્પ ચાલે છે, તો વળી વટાલિયા પ્રજાપતિ કેળવણી સંમેલન પણ ચાલે છે. થોડા દિવસ પહેલાં અખિલ ભારત આયુર્વેદ સંમેલન ચાલતું હતું. જમાનો કેટલી ઝડપથી બદલાઈ રહ્યો છે!

વિલાયતની જેમ અહીં પણ રજાઓ ઉનાળામાં પડે અને ખેડૂત નવરો પણ ઉનાળામાં જ થાય. એટલે આવી પ્રવૃત્તિઓ ઉનાળામાં જ ગોઠવી શકાય. પણ ગુજરાતમાં સમ ખાવા કોઈ હિલ સ્ટેશન ન મળે. બળબળતા તાપમાં સંમેલનો ગોઠવવા ક્યાં ? એટલે હવે દરિયાકાંઠાના મહુવા, વેરાવળ, હજીરા, ડુમસ, તીથલ જેવાં સ્થાનો પર લોકોનું ધ્યાન ગયું છે. હવે સમજાશે કે શા માટે આ સીઝનમાં મહુવામાં કેમ્પો કે સંમેલનો ગોઠવાય છે.

આ વટાલિયા પ્રજાપતિ કેળવણી સંમેલન એટલે શું? ૧૯૪૭ પહેલાં સૌરાષ્ટ્રમાં અનેક દેશી રજવાડાં હતાં અને દેશી બાપુના રાજમાં કુંભાર તો વસવાયાં કહેવાય. એ કુંભારોએ કેળવણી મંડળ સ્થાપ્યું છે અને તેમનું સંમેલન ભરાયું છે. અન્ય કોન્ફરન્સમાં જેમ પ્રતિનિધિઓ પોતાનાં નામનો બેજ લગાડીને ફરે તેમ આજકાલ મહુવામાં પણ ચોરણો ઉપર કેડિયું માથે ફેંટિયું અને કેડિયા ઉપર પ્રતિનિધિ, સ્વયંસેવક કે સભ્યનો બેજ લગાડીને કેટલાયે 'ગામડીઆ' સામા મળે! હજારોની સંખ્યામાં કુંભારો ભેગા થયા છે. આ બિલ્લો લગાડીને ફરતા પ્રજાપતિઓમાંથી ઓછામાં ઓછું અડધોઅડધને તો તે બિલ્લામાં શું લખ્યું છે તે વાંચતાં આવડતું હશે જ. આ કાંઈ 'વસવાયાં'ના સમય પછીની ઓછી પ્રગતિ કહેવાય! હવે તો આપણે ત્યાં કુંભારો, ભરવાડો અને વાઘરી કોમનાં પણ સંમેલનો ભરાય છે એમ સાંભળ્યું હતું. કુંભારોનું સંમેલન નજરે જોવાનો અહીં પહેલો લ્હાવો મળ્યો. આ સંમેલનના અનુસંધાનમાં એક બીજી ભારતીય વિશેષતા પર ધ્યાન ગયું. ભારતનો સામાન્ય નાગરિક જો પુરુષ હોય તો તેનો પહેરવેશ ધોળો જ મુખ્યત્વે હોય છે. આપણો ખેડૂત ચોરણો, કેડિયું અને ફેંટિયું અથવા ફાળિયું પહેરે. આ બધાં કપડાં તેનાં સફેદ. ગાંધીજીએ સફેદ કફની અને લેંઘો કે ધોતિયું પસંદ કર્યું તે રાષ્ટ્રનો પ્રચલિત પોષાક જ છે. આ પ્રજાપતિ સંમેલનના બેજધારી પ્રતિનિધિઓ રસ્તે સામા મળે ત્યારે મને ખ્યાલ આવ્યો કે બધાનાં કપડાં સફેદ! આ સફેદમાં વેરાઈટિ ખરી! કેટલાંક ટીનોપોલ સફેદ તો કેટલાંક ગળીવાળાં સફેદ; પણ ઘણાંખરાં આપણાં દેશી સફેદપીળી માટીની ઝાંયવાળાં ! અને આ વાત ઝપ કરતી મારી નજરે ત્યારે આવી જ્યારે હું મહુવાની બજારમાં કફની, ટોપી અને ધોતિયું પહેરીને જતો હતો, એ ભાઈએ પડખે ચઢીને પૂછ્યું, 'કયા ગામથી આવો છો? પ્રજાપતિ સંમેલનમાં આવ્યા હશો.' તેને હું પ્રજાપતિ જેવો લાગ્યો અને મને થયું કે ટેરેલિનનાં રંગબેરંગી કપડાં પહેરે તે શહેરનો માણસ અને આ ધોળાં કપડાંવાળો તે ગામડાંનો માણસ એટલે પ્રજાપતિ સંમેલનમાં જ આવ્યો હોય ને?

કાજી વોરાનું થીએટર

તા. ૨૧-૫-'૭૨.

અમે બધાં અહીં મહુવામાં જમાદાર કેરી ખાઈએ છીએ અને લીલા લ્હે કરીએ છીએ. વચ્ચે અહીંની ગ્લોબ ટોકીઝમાં મોગલે આઝમનું ચિત્ર જોવ ગયાં. આજથી ૪૦-૪૨ વર્ષ પહેલાં હું દસબાર વર્ષનો હતો ત્યારે ભાવનગરમ સિનેમા જોવા જતાં થીએટરમાં જે દેખાવ થતો તે બધો ગ્લોબ ટોકીઝમ તાજો થયો. તે જમાનામાં ભાવનગરમાં કાજી વોરાનું સ્ટાર સિનેમા. તેમ મેટિની શોમાં વિદ્યાર્થીઓ માટે ખાસ એક આનાની ટિકિટ. (એક આનં એટલે ૬ નયા પૈસા.) પણ એ એક આનાની ટિકિટના ક્લાસમાં બેસવાવાળ અમારા સૌના મનમાં એક વાત નક્કી હતી કે જ્યાં સુધી સિસોટીઓન રમઝટ ન બોલે અને ગળાંની ચિચિયારીઓ ન પડે ત્યાં સુધી કાજી વોર ફિલ્મ શરૂ ન કરે. હવે, મારા મિત્રો જેવો હું ઉસ્તાદ નહિ તેથી મોંમાં આંગળી ઘાલી સીટી મારતાં તો મને આવડે નહિ; તેથી બે પૈસાની સિસોટ ગુજરી બજારમાંથી ખરીદેલી, તે સાથે લઈને સિનેમા જોવા જતો. હાઉસફુ થાય, છોકરાઓની વ્હિસલો વાગે, ચિચિયારી પડે, પછી કાજી વોરો ફિલ ચાલુ કરે. એવું જ કંઈક વાતાવરણ મહુવાના ગ્લોબ સિનેમામાં ચાળીસ વ ફરી અનુભવવા મળ્યું.

જો કે આ સાવ સાચી હકીકત નથી. એટલે કે ઠેઠ ચાળીસ વ કાજી વોરાના થીએટરની યાદ અપાવે એવો પ્રસંગ અનુભવવા મળ્યો ત સાવ સાચી હકીકત નથી. કારણ કે હવે તો કોલેજે કોલેજે કાજી વોરા થીએટરો છે. ત્યાં પણ વર્ગમાં છોકરા એકઠા થાય, ચિચિયારી પડે, પ ઘસાય, પાટલી પછાડાય એટલે પછી આધુનિક પ્રોફેસરના રૂપમાં કાજ વોરો રીઝે અને વર્ગમાં પ્રવેશ કરે. ફેર માત્ર એટલો કે અમારા વખતે એક વાર કાજી વોરો ફિલ્મ ચાલુ કરે પછી પિનડ્રોપ શાન્તિ! અત્યારે ગ્લોબ ટોકીઝમાં તો વચ્ચે પણ વ્હિસલો વાગે છે તેવી જ રીતે કોલેજ ક્લાસમાં પ્રોફેસર કાજી વોરા આવી ગયા પછી અને તેમનું વ્યાખ્યાન શ થયા પછી પણ વચ્ચેવચ્ચે વ્હિસલોના સૂર કે તબલાંના તાલ સંભળા જ રહે છે. ચાળીસ વર્ષમાં કાંઈક પ્રગતિ થવી જોઈએ ને!

ખેલદિલી

તા. ૨૫-૧૦-'૭૩.

રવિવાર અને ૨૧મી ઓક્ટોબરે દિલ્હીમાં ગ્રાન્ડ પ્રિક્સ ટેનિ ચેમ્પિયનશિપ ઓફ ઇન્ડિયા રમાઈ. તેની ફાઈનલમાં ભારતના ૧૯ વર્ષ યુવાન ખેલાડી વિજય અમૃતરાજે ઓસ્ટ્રેલિઆના મોલ એન્ડરસનને ૬-૧ ૫-૭, ૮-૯, ૬-૩, ૧૧-૯થી હરાવ્યો અને ગ્રાન્ડ પ્રિક્સનું ૫૦૦૦ ડોલર ઇનામ જીતી ગયો. પણ મેચની વિશેષતા તો વિજયની ખેલદિલીમાં રહેલી

થયું એવું કે ફાઈનલ રમતમાં એન્ડરસને Ace (એઈસ = એક્કો) સર્વિસ કરી. એટલે કે નેટની જરાક ઉપરથી અને ઝપાટાબંધ આવતી સર્વિસ કરી, જે સર્વિસને ઝીલવી અશક્ય છે તેવી આ સર્વિસને એઈસ સર્વિસ કહે છે. એન્ડરસનની એઈસ સર્વિસ આવી પણ રેફરીએ તરત જ 'ફોલ્ટ' (fault) એમ બૂમ મારી, એટલે કે સર્વિસ નેટને અડકીને આવી છે માટે ખોટી ઠેરવી. એન્ડરસને બીજી હળવી અને સહેલાઈથી ઝીલી શકાય તેવી સર્વિસ કરી, પણ વિજય સ્થિર ઊભો રહ્યો અને તેણે તે સર્વિસ ઝીલવાનો પ્રયત્ન પણ ન કર્યો. પરિણામે એન્ડરસનને પોઈન્ટ મળ્યું અને પ્રેક્ષકો તો ડઘાઈ ગયા કે આ છોકરો શું કરવા માગે છે. પણ પછી વિજયે એન્ડરસનને કહ્યું કે તારી પહેલી સર્વિસ ખરી હતી અને તેનું પોઈન્ટ તને મળવું જોઈતું હતું અને તેથી જ બીજી સર્વિસ મેં ઝીલી નહિ અને તને પોઈન્ટ મળવા દીધું ! આ વાત સાંભળી પ્રેક્ષકો આફરીન પોકારે તો શી નવાઈ?

ઑલિમ્પિક્સનો મુદ્રાલેખ છે, 'રમવા ખાતર રમો, જીતવા ખાતર નહિ.' આપણા ટેનિસ ચૅમ્પિયન વિજય અમૃતરાજે આ મુદ્રાલેખ આચરણમાં મૂકી બતાડ્યો અને તેની અસર એટલી બધી થઈ કે તે ચૅમ્પિયનશિપ જીત્યો ત્યારે ગુજરાતી સમાચારપત્રોમાં પણ તે જીતના સમાચાર પહેલે પાને હેડલાઈનમાં આવ્યા!

આગળ માઈક પાછળ ખુરશી

તા. ૧૫-૯-૭૪.

બકુલ ત્રિપાઠી લિખિત 'લીલા' નાટક જોઈને હમણાં જ પાછો આવ્યો. આઝાદી પહેલાં પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને લખાયેલાં નાટકો જોયાં હતાં. બંગાળનો દુકાળ, ઈંગ્લન્ડની કેબિનેટે મોકલેલ ત્રણ પ્રધાનોનું પ્રતિનિધિ મંડળ (આમે તીન મદારી), રેલવેની હડતાલ (અબ ના ગાડી ચાલે), નાવિકોનો બળવો વગેરે પ્રસંગોને અનુલક્ષીને લખાયેલાં નાટકો ૧૯૪૫-૪૬માં જોયાં હતાં. ત્યાર પછી સાંપ્રત પરિસ્થિતિને અનુલક્ષીને લખાયેલું બકુલ ત્રિપાઠીનું આ નાટક 'લીલા' પહેલવહેલું જોયું.

ભવાઈ ઢંગે ભજવાયેલું આ નાટક કેટલું જીવન્ત હતું તેની સાબિતી તો આપણી ત્રણ વરસની મુન્નીએ આપી. તેનાં માત-પિતા રાત્રે ૯-૦૦ના શોમાં ગયાં હતાં, જેથી મુન્ની સૂઈ જાય અને નાટક જોવામાં વાંધો ન આવે. પણ આખા નાટકમાં મુન્નીને એટલો બધો રસ પડ્યો કે તે જાગતી જ રહી !

બકુલના રિવાજ મુજબ સમાજનાં દૂષણો ખૂબ ખુલ્લી રીતે સમાજ સમક્ષ મૂકીને આ દૂષણો જે અસ્વાભાવિક સ્થિતિ સર્જે છે તે તરફ ધ્યાન કેન્દ્રિત કરી હાસ્ય નિપજાવવાની કલા આ નાટકમાં ખૂબ વિકસી છે.

'લીલા' એટલે મારી, તમારી અને આપણા સૌની લીલા એમ કહીને અત્યારનાં મુખ્ય દૂષણો ઉપર કટાક્ષ કર્યો છે. દૂષણોનાં પ્રતીક પણ સાંભળવા જેવાં છે : અધ્ધરતાલ કન્ટ્રકશન કંપનીના નિકડમ ફ્લેટ્સ, સેવકરામ સમાજસેવક - આગળ માઈક પાછળ ખુરશી : દિલ્હીનો બિગ બિઝનેસ માતાજીને નાળિયેર વધેરવાનું, ટોપરું, આપણું, કાચલું માતાજીનું અને છોડામાંથી પ્લૂટોનિઅમ બનાવવાનું કારખાનું ખોલવાનું બિગ બિઝનેસ : અમેરિકન છોકરીઓને શિષ્યા સ્વીકારનાર આધુનિક યોગી અને તેનો ગુરુમંત્ર, "ઓમ ફટ ફટ ફટાફટ !"

અઢી કલાક સુધી તમને પોતાને જાણે ઉઘાડાં કરી તમારાં જ દૂષણો તમને બતાવવાં અને છતાં તમને હસતાં ને હસતાં જ રાખવાં ! 'દર્પણ'નું આ નાટક ખરેખર માણી આવ્યાં.

હમણાં સરકારને હચમચાવી મૂકે તેવા અનેક બનાવ બની ગયા. રાજ્યસભામાં પ્રશ્ન પુછાયો કે ફલાણી પેઢીને આયાત લાયસન્સ આપવાની ભલામણ કરનાર પાર્લામેન્ટના સભ્યોનાં નામ કહો. પ્રધાને નામ કહ્યાં. આ બધા જ ૨૧ સભ્યો રાજ્યકર્તા પક્ષના હતા અને જે પેઢીને લાયસન્સ આપવાના ભલામણપત્રમાં તેમણે સહી કરી હતી તે પેઢીનું નામ કાળી યાદીમાં હતું અને છેવટે તેને લાયસન્સ મળ્યું પણ હતું.

પણ પછી જે ૨૧ સભ્યોનાં નામ દેવાયાં હતાં તેમાંથી ૨૦ જણે પાર્લામેન્ટમાં જ ઊઠીને જાહેર કર્યું કે અમે આવા કોઈ આવેદનપત્ર પર સહી કરી જ નથી. અમારા નામે કોઈ બનાવટી સહી કરી ગયું છે!

કેસ અત્યારે છૂપી પોલીસને તપાસ માટે સોંપાયો છે. આ તપાસનું પરિણામ તો, નવેમ્બરમાં પાર્લામેન્ટ મળે અને ત્યારે વિરોધપક્ષોને આ તપાસનું યાદ આવે અને તે વિષે ઊહાપોહ કરે અને પાર્લામેન્ટમાં જાહેર થાય તો ખબર પડે! બાકી આ બધા રાજકારણીઓનું તો ભલું પૂછવું. બકુલ ત્રિપાઠીએ કહ્યું છે તેમ આખરે તો બધા 'આગળ માઈક અને પાછળ ખુરશી' પ્રકારના જ છે ને! □

અનુસંધાન] સુપરકમ્પ્યૂટર [પૃ. ૧૯૯ પરથી

અને ઉદ્યોગો કરતાં જુદાં પડી જાય છે. રાષ્ટ્રિય સુરક્ષા માટેની પદ્ધતિઓ સુપરકમ્પ્યૂટરની મદદથી વધુ મજબૂત બનશે. જે રાષ્ટ્ર માહિતી-પ્રક્રિયા (information processing) ક્ષેત્રે આધિપત્ય ધરાવશે તે રાષ્ટ્ર ૨૧મી સદીના વિશ્વની નેતાગીરી કરશે. એટલે કે ચપળ અને અતિઝડપી સુપરકમ્પ્યૂટરના ક્ષેત્રે વાંસકૂદકો લગાવી પોતાની મહત્ત્વાકાંક્ષાને ઉન્નત બનાવનાર જાપાન વિશ્વની પ્રથમ ક્રમની મહાસત્તા તરીકે હશે. ૧૯૮૦ બાદ હિટાચી, ફ્યુજિત્સુ અને નિપોન ઇલેક્ટ્રિક કંપની અત્યંત ઝડપી અને પાંચમી પેઢીનાં કમ્પ્યૂટરોની યોજનામાં પૂરેપૂરો સહયોગ આપવા લાગી છે. આ કંપનીઓ સુપરકમ્પ્યૂટરનું વેચાણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. જાપાન અને યુરોપથી પાછળ પડી ગયેલ અમેરિકાએ કેલિફોર્નિયા, ઈલિનોઈ, પિટ્સબર્ગ, પ્રિન્સ્ટન અને કાર્નોલ યુનિવર્સિટીઓ ખાતે પાંચ સુપરકમ્પ્યૂટર કેન્દ્રો વિકસાવ્યાં છે. આ કેન્દ્રોને સેટેલાઈટ તથા જમીન મારફતે જોડાણો કરીને બીજી યુનિવર્સિટીઓને સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. આ સુપરકમ્પ્યૂટરનો હેતુ યુનિવર્સિટીના વિકાસ તથા સંશોધન માટેનો રહ્યો છે. કમ્પ્યૂટર શિલ્પની પુન: વિચારણા અને પુન: સુધારણાનો ખ્યાલ તેની પાછળ રહેલો છે.

સુપરકમ્પ્યૂટર વિકસિત દેશોની પ્રગતિનાં કેટલાંક કારણોમાંનું એક છે. વિકસતા દેશોમાં કૃષિવિકાસ ક્ષેત્રે સુપરકમ્પ્યૂટર મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે. કૃષિક્ષેત્રે ઉત્પાદન વધારવા માટે તેની સાથે સંકળાયેલા કેટલાંક પ્રાચલો કાર્યરત હોય છે. આવા પ્રાચલોની અસરોનું વિશ્લેષણ માત્ર સુપરકમ્પ્યૂટર જ કરી શકે છે. આ સાથે સમુદ્રતટીય પ્રદેશો ઉપર અવાર નવાર કુદરતી આફતોના ઓળાનું પૂર્વાનુમાન સુપરકમ્પ્યૂટર કરીને જાનહાનિ અટકાવવાની તક આપે છે. તેમ છતાં માનવવિકાસને અકલ્પ્ય ગતિ આપનાર સુપરકમ્પ્યૂટર સુપર પાવર તો થઈ શકશે નહીં. □

ગુજરાતની નાટ્ય લેજેંડ
ચંદ્રવદન ચીમનલાલ મહેતા

હસમુખ બારાડી

'સી. સી.' કહેતાં 'ચં. ચી.' કહેતાં 'ચાંદામામા' કહેતાં ચંદ્રવદન ચીમનલાલ મહેતા એટલે નાટ્યકાર, કવિ, નાટ્યશિક્ષક, નાટ્યશિક્ષણ વિદ બ્રોડકાસ્ટર, વિશ્વપ્રવાસી, ગદ્યકાર, નાટ્યપરિવ્રાજક, રંગ્યા...



હા, એ એ જ સી.સી. જેમણે એકલે હાથે 'જમુજેમ ઉર્ફે જુજા'-ની સોલીલોક્વીથી નવી રંગભૂમિની સ્થાપના કરી (૧૯૨૨). હા, એ એ જ સી.સી. જેમણે જાતે નાટકો લખી ભજવ્યાં/ભજવાવડાવ્યાં; હા, એ એ જ સી.સી. જેમણે યુનિવર્સિટી કક્ષાએ નાટ્યશિક્ષણ શરૂ કરાવ્યું (વડોદરા, ૧૯૪૯); હા, એ એ જ સી.સી. જેમણે શ્રાવ્ય ભાષાની પ્રણાલીને ગરિમા બક્ષી અને અનેક બ્રોડકાસ્ટરોની ગેલેક્સી રચી આપી (બાદરાયણ, નંદકુમાર પાઠક, ગિજુભાઈ વ્યાસ, વસુબહેન - '૧૯૩૯થી); હા, એ એ જ સી.સી. જેમણે વિશ્વપ્રવાસો ખેડી ભારતીય નાટ્યનો દેશવિદેશોમાં ડંકો વગાડ્યો...

અને હા, એ એ જ સી.સી. જેમણે 'નટને રોટલો અને ઓટલો' આપવા નિષ્ફળ ચીસો/બૂમરાણો/ જેહાદો જગાવી; એ એ જ સી.સી. જેમણે નટઘર (એટલે નાટ્યશાળા) બાંધવાનો અહાલેક જગાવ્યો; હા એ એ જ સી.સી. જેમની સૂચના મુજબ અનેક સરકારી થીએટરો બંધાયાં, પણ જેમને એના બાંધકામ વિશે પૂછવામાં ન આવ્યું; હા, એ એ જ સી.સી. જે નાટ્યક્ષેત્રમાં કંઈક મૂલ્યો, કે થીએટર-જાગૃતિ વિશે ગજબની નિસબત સાથે જિંદગીભર મથતા રહ્યા છતાં એમના બળાપાને ખાસ દાદ ન મળી.

લગભગ આવું જ ગદ્ય લખનાર (જુઓ 'આ એ જ સૂરત'નો ગદ્યખંડ-'ગઠરિયાં'માં), આવાં શમણાં, બળાપા, હૈયાહોળી, તારસપ્તકના કટાક્ષો કરનાર અને છતાં ઉષ્માભરી દિલોજાન દોસ્તી કરી શકનાર, પ્રેમની બાનીમાં ભીંજાઈ/ભીંજાવી શકનાર નાટ્યતપસ્વીએ બે વર્ષ પહેલાં ચોથી મે ના રોજ, ૯૦ વર્ષની ઉંમરે વિદાય લીધી (૧૯૦૧-૧૯૯૧), ત્યારે કેટલાંયને લાગ્યું હતું કે ગુજરાતના સાંસ્કારિક જીવનમાં સાત સાત દાયકા સુધી આવું કર્મઠ અને પ્રભાવક વ્યક્તિત્વ સદેહે આપણા વચ્ચે વિચરતું હતું, એ જાણી ભાવી પેઢીના કાન સરવા થશે !

'ચંદ્રવદનનો નાટ્યવિચાર' એમ નહીં પણ 'ચંદ્રવદન એટલે જ નાટ્યવિચાર' એવું કદાચ એમના વિશે લખવું પડે એવો એમનો થીએટર-પ્રેમ, એવાં લગનમિજાજ, રણકો અને એવી નિર્ભેળ સાચુકલાઈ. અને બ્રોડકાસ્ટિંગ? એ તો સી.સી.ના બાપૂકા વારસા જેવું - ડોક્યુમેન્ટરી, નાટક, જીવનકથા, વાર્તાલાપ, રનિંગ કોમેન્ટરી કંઈ પણ હોય, ગુજરાતીમાં 'બ્રોડકાસ્ટર'ની વાત કરવી હોય તો એની અગગાડીનું એંજિન સી.સી.-સાહેબ જ હોય!

નટ ચંદ્રવદને મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજની વાર્ષિક હરીફાઈમાં ૧૯૨૦માં 'લાલિયા પરાપર' અને બીજે વર્ષે 'જમુજેમ'ની સોલીલોક્વીમાં જે રજૂઆતરીતિ, અંગસ્થિતિ, આરોહ-અવરોહ વગેરે પ્રયોજ્યાં, અને એ ખેલથી નવા ગુજરાતી નાટકના નાદર હુન્નરનો એકડો ઘૂંટી આપ્યો. એ પહેલાંના દાયકામાં કંઈ કેટલુંય બની ગયું હતું - વિશ્વયુદ્ધ, રશિયન ક્રાંતિ, અમદાવાદમાં ગાંધીઆશ્રમ, અમદાવાદની મજૂર હડતાલ, રોલેટ એક્ટ, પ્રથમ અંત્યજ પરિષદ વગેરે એક બાજુ; તો બીજીબાજુ ૧૯૦૯માં નૃસિંહ વિભાકરનાં ત્રણ નાટકો, રમણભાઈ નીલકંઠનું 'રાઈનો પર્વત', ન્હાનાલાલનું અપદ્યાગદ્ય, મુન્શીનું 'અવિભક્ત આત્મા' નાટક વગેરે. તત્કાલીન જૂની રંગભૂમિના એ સુવર્ણકાળમાં ઘટનાપ્રચૂર નાટ્યતત્ત્વ, ચબરાકિયા સંવાદો, સિંહનાદી અવાજો અને નિશ્ચિત અંગસ્થતિઓમાં જ મર્યાદિત રહેતી 'અદાકારી' મુખ્યત્વે હતાં. બંદૂકને ધડાકે પડદા ખૂલતા અને ટિકિટબારી છલકાતી. આમ તો એ ગાળામાં બાપુલાલ નાયક અને જયશંકર 'સુંદરી' જેવા નટો, 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી' જેવી કેટલીક સંપત્તિવાન મંડળીઓ અને રઘુનાથ બ્રહ્મભટ્ટ જેવા કવિઓ સક્રિય હતાં, છતાં એ રંગભૂમિ સામે ૧૯૨૪-૨૫માં મુંબઈ ગુજરાતી નાટક-મંડળીના જ 'કોલેજ કન્યા' નાટક સામે સી.સી.એ એક વિરોધસભા ભરી, શ્રીમતી હંસા મહેતા જેવાં અનેકોને સથવારે એ નાટકને ચર્ચાને ચકડોળે ચઢાવ્યું. એ સમયના અનેક નાટકનું પૃથક્કરણ કરી એની વિકૃતિનાં કારણો વિશે મુંબઈ, સૂરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, રાજકોટમાં સભાઓ ગજાવી મૂકી. એમાં સૌથી મોટો એમનો આક્રોશ તો એ હતો કે તત્કાલીન ગુજરાતી જીવન સાથે એ નાટકોને કોઈ સીધો સંબંધ રહ્યો નહોતો (આજે કેટલો છે એની ચર્ચા હવે પછી) 'કોલેજ કન્યા' નાટક સામેની જેહાદ તત્કાલીન રંગભૂમિની ત્રુટિઓ સામેનું શિક્ષણ જ બની ગઈ. આમ 'નવી'નાં પગરણ મંડાયાં એક નાટ્યકારની બૂમથી, પણ એ નાટ્યકાર જાતે જ નટ, દિગ્દર્શક, આયોજક(અને પછી નાટ્યશિક્ષક) તરીકે સર્વાંગી થીએટર-પ્રવૃત્તિ કરીને દાખલો બેસાડવો પડ્યો. (મુન્શીએ પણ આ ગાળા દરમ્યાન અનેક નાટકો લખ્યાં અને મુંબઈમાં 'ભારતીય વિદ્યાભવન'માં નાટ્યભજવણી નિયમિત થાય એની વ્યવસ્થા કરી આપી.)

ફ્રેન્ચ લેખક અનાતોલ ફ્રાન્સના નાટકનું રૂપાંતર પછી સી.સી.એ 'મૂંગીસ્ત્રી'ના નામે કર્યું, અને અનેક નટનટીઓને સથવારે ગુજરાતનાં શહેરોમાં ભજવ્યું. એમની આજુબાજુ ધીમેધીમે યુવાનો અને નાટકમાં કામ કરવા હિંમતભેર આગળ આવતી થયેલી સ્ત્રીઓ એકઠી થઈ, અને તેમણે 'કલા સમાજ' અને એવા જ (બંધારણો વગરના) 'કલમ મંડળ'ની સ્થાપના કરી.

પ્રવૃત્તિ શરૂ થઈ કોલેજના વાર્ષિક ઉત્સવોમાં, અને એનું પૂરા કદનું નાટક ભજવાયું તે પણ સી.સી.નું જ લખેલું - 'આખો' (૧૯૨૭). એમનું બીજું નાટક તે 'આગગાડી'. પિતાજીની નોકરીને લીધે ભારતીય રેલવેના બાળપણના અનુભવોમાંથી નીતરી આવેલાં પાત્રોની એ ગુજરાતી થીએટરની નોંધપાત્ર ટ્રેજડિ છે. એ રીતે એમણે ઈતિહાસ-પુરાણનાં પ્રખ્યાત કે પ્રતાપી પાત્રોને નાટ્યપદે સ્થાપવાની પરંપરા છાંડી, નીચલા થરના તિરસ્કૃત માનવસમૂહના વિષાદને વ્યક્ત કરતું શ્રમજીવી બાથરનું પાત્ર કેન્દ્રે મૂકી આપ્યું. આ વાસ્તવિક જીવનની નાટ્યકથામાં નોકરશાહીની જોહુકમી, અમલદારી આપખુદી અને સામાન્ય માનવીની હાડમારીનું જે દૃશ્ય ઊપસી આવે છે તે, જેટલું ત્યારે એટલું આજે પણ, સુસંગત લાગે છે. ભજવવા માટે જ લખાયેલું આ નાટક નવી રંગભૂમિના પ્રારંભે આટલી નાટ્ય-સૂઝથી લખાય અને ભજવાય એનો સઘળો યશ એ નાટ્યવિદને મળે. એમાં ભાગ લેનારાંઓ હજી આજેય ગુજરાતમાં એમની નાટ્યપ્રસ્તુતિસૂઝને યાદ કરે છે: કૃત્રિમતાનો ત્યાગ, સીનસીનેરીના ઠાઠઠેરાને જાકારો, રોજિંદી ભાષા અને ઇમ્પ્રોવાઇઝેશન કરવા/કરાવવાની ક્ષમતા વગેરે. (કહે છે કે, આ લખતાં પહેલાં સી.સી.સાહેબે એક રેલનો ડબ્બો જાત-અનુભવ લેવા ભાડે રાખેલો!)

૧૯૩૯ સુધીમાં 'રમકડાંની દુકાન,' 'સંતાકુકડી' 'આખો', 'આગગાડી' વગેરે નાટકોની અથાક મથામણ કરવા છતાં નાટકને એનું 'ઘર' ન મળ્યું, ત્યારે ગુજરાતની જનતા પાસે એમણે રૂપિયા પચાસ હજારની માગણી મૂકી. યોજના એવી હતી કે એટલા ગુજરાતી કુટુંબો એક એક રૂપિયો આપે અને ૧૯૪૫ સુધીમાં એ થીએટર બંધાઈ રહે. એમણે ઠેરઠેર સભાઓ સંબોધી અને અવસરે અવસરે આવું શમણું ચીતર્યું :

'નટોને રમવા અને પ્રેક્ષકોને જોવાની સગવડ ઉપરાંત એમાં એક ચિત્રશાળા હોય, સંગીત અને નૃત્યશાળા હોય; આ બાજુ બાળ રંગભૂમિ હોય તો બીજી બાજુ પુસ્તકાલય, સંગ્રહસ્થાન અને છાપખાનું હોય; પેલી બાજુ તખ્તાનો ટેક્નિકલ વિભાગ, તો એને આ ખૂણે એક અભ્યાસખંડ એટલે કે મિલન-ચર્ચા-ભાષણો માટેનો ખંડ હોય; મન થાય ત્યારે પ્રેક્ષકો આવી ટપકે, ઇચ્છે તો બાજુના ઉદ્યાનમાં પિકનિક પણ કરે! આ નાટ્યશાળાના વિદ્યાર્થીઓને નાટક અને જીવનને સમજવા પૂરી તાલીમ મળે.... આ નટઘર કોઈ પણ પૂર્વગ્રહથી મુક્ત હોય, એને વાદવાડા કે દીવાલો ન હોય....ના, કોઈ જ દીવાલો ન હોય...'

આ શમણાને આજે ચોપન વર્ષ થયાં અને એને આંખમાં ભરીને બે વર્ષ પહેલાં સી.સી.સાહેબે વિદાય લીધી. આ દરમ્યાન કેન્દ્ર અને રાજ્ય સરકારો, જાહેર ટ્રસ્ટો અને નગરપાલિકાઓએ ગુજરાતનાં અનેક શહેરોમાં કેટલાંક થીએટરો બાંધ્યાં, પણ કોઈએ એમની કલ્પનાના 'નટઘર'ને હજી સાકાર કર્યું નથી; જો કે હવે તો (ખાનગી અને જાહેર ક્ષેત્રમાં) ગુજરાત હજારો-કરોડોની બાંધકામ-યોજનાઓ ઘડે છે. એટલે એકાદ કરોડનું થીએટર આવતાં બીજાં ચોપન વર્ષમાં પણ એ નહીં જ બાંધે એવું કેમ કહી શકાય / (જો કે એ દિવસોમાં જે જે આપ્તજનોએ એક એક રૂપિયો સી.સી.ને આપેલો એનો હિસાબ એમણે પતાવ્યો છે, એની અમને જાત-માહિતી છે; પણ એમના સ્વપ્નાના હિસાબોની માહિતી કોઈને હોય તો અમને જરૂર આપે.)

નવી રંગભૂમિના તત્કાલીન નાટ્યકારો મુન્શી અને ન્હાનાલાલ કરતાં પાત્રસૃષ્ટિ, શૈલીપ્રયોજન, પ્રસંગસ્થળ અને નાટ્યદૃષ્ટિમાં ચન્દ્રવદન મહેતા તદ્દન જુદા તરી આવતા. ૧૯૩૭ના 'નાગાબાવા' નાટક પછી ચરિત્રાત્મક નાટક 'નર્મદ' તેમણે લખ્યું. નાટકની નાટ્યમય જીવનલીલામાંથી જુસ્સાપ્રેરક, બંડખોર પાત્રચિત્રણની અભિનેય નાટ્યકૃતિ ચન્દ્રવદનની તખ્તાસૂઝ દર્શાવે છે. નર્મદસમયની સામાજિક - સાંસ્કૃતિક પીઠિકામાં રૂઢિચુસ્તતા, જડતા અને આચારવિચારની દરિદ્રતાની સામે ધ્રુવે નીડર અને ટેકીલા નર્મદનું પાત્ર અસરકારક રીતે નાટકમાં ઊપસી આવ્યું છે. ગુજરાતના અભિનયસમ્રાટ સ્વ. જશવંત ઠાકરની 'નર્મદ' રજૂઆત આજેય ઘણાને યાદ હશે. એમાં સુરતી બોલીનાં લઢણ-લહેકા, રમૂજરંગત, સંઘગીત, ગરબા અને નર્મદા-રચ્યાં કાવ્યોનું સંકલન નોંધપાત્ર છે.

'પ્રેમનું મોતી અને બીજાં નાટકો' (૧૯૩૫) અને 'અખો, વરવહુ અને બીજાં નાટકો' (૧૯૩૭)નાં એકાંકીઓમાં તેમણે લઘુ નાટ્યકલાને ઘૂંટી આપી : ખાસ કરીને 'ધારાસભા' 'ત્રિમારાજ' 'આશુલદે' અને 'ઇલ્વલ' નાટિકાઓમાં. એમને માટે કહેવાનું કે તેઓ હંમેશા ભજવણી નિમિત્તે (એટલે કે એ દૃષ્ટિએ જ) નાટ્યલેખન કરતા.

ભવભૂતિ, વાલ્મિકી, તુલસીદાસ, બંગાળી નાટ્યકાર વિજેન્દ્ર લાલ રોય અને બંગાળી નટ ભાદુરી વગેરેથી સંસ્કારાયેલ કારુણ્યમૂર્તિ 'સીતા' નું નાટક (૧૯૪૩)એ ચંદ્રવદન મહેતાનું પહેલું પૌરાણિક નાટક. શ્રી જશવંત ઠાકરે અમદાવાદમાં એની રજૂઆત કરી : ખૂબ આર્થિક તંગીમાં તૈયાર થવા છતાં એ નાટકની અમદાવાદ, વડોદરા, નડિયાદ અને બોરસદમાં રજૂઆત થઈ. (સીતા-પ્રભાબેન પાઠક, રામ-લાલભાઈ શાહ, ભરત - અરવિંદ પાઠક અને લવકુશની ભૂમિકામાં ભૂપત ભટ્ટ અને બકુલ જોશીપુરા હતા.) જશવંત ઠાકરે નાટકને વાસ્તવવાદી બનાવવા આવો પ્રયોગ કર્યો : અયોધ્યામાં દુષ્કાળનું દૃશ્ય; લોકો રામ પાસે ફરિયાદ લઈને આવે : 'ખાવા આપો.' રામ પ્રકટ થઈને સૂચના આપે છે કે 'બધાને ખાવાનું આપો અને બહાર કાઢો.'

—ત્યારે પ્રેક્ષકોને ખબર પડી કે રસ્તા પરના ભિખારીઓને જ જશવંત ઠાકર સ્ટેજ પર પકડી લાવ્યા હતા! 'સીતા' નાટકનો બીજો કિસ્સો આવો હતો : પત્ની પ્રભાબેનને (સીતા તરીકે) પતિ અરવિન્દ પાઠક (ભરત તરીકે) પ્રણામ કરે ત્યારે તેઓ 'પતિ-પત્ની મટી જતાં નથી' અને 'પતિથી પત્નીને પ્રણામ કેમ કરાય' એવો વિરોધ પણ આ સદીના પાંચમાં દાયકામાં તત્કાલીન રૂઢિચુસ્ત સમાજમાં ઊઠેલો - સી.સી. જેવાના નાટકમાં, જશવંત ઠાકરના દિગ્દર્શનમાં આ અમદાવાદમાં! જો કે 'સીતા' અને પછીના 'ઇપ્ટા'


તથા 'નટમંડળ'ના જયશંકર 'સુંદરી' દિગ્દર્શિત નાટકોથી નવતર રંગભૂમિની હવા જામી હતી.

'નટઘર' બાંધણીનું શમણું છેવટે નાટ્યકારે એક નાટકમાં સાકાર કર્યું : 'ધરા ગુર્જરી' (૧૯૪૪). નવરંગભૂમિ નિર્માણનું શમણું સેવતા ઓઝા ગુર્જરને કોટવાળ ભૂપસિંહનો વિરોધ અને (૧૮૫૧ વખતના) ચુગલીખોરોના દાવપેચોનો ભોગ બનવું પડે છે, પરિણામે ઓઝાની પ્રેરણામૂર્તિ ધરાએ 'રૂપમતી' ના ઐતિહાસિક કિસ્સાના અભિનય દરમ્યાન ખરેખર વિષ ઘોળવું પડે છે; અને જીવન તથા શમણું કારમી કારુણિકા બની જાય છે. એક દાયકા પછી 'ધરા ગુર્જરી' નાટકનું મંચન છેક ૧૯૫૫માં, વડોદરામાં જશવંત ઠાકરે કર્યું. (મારકંડ ભટ્ટે ઓઝાની, ઊર્મિલા ભટ્ટે ધરાની નોંધપાત્ર ભૂમિકાઓ એમાં ભજવી હતી.)

'મૌલિક નાટક નથી' એવી બૂમરાણો મચાવનારાઓ ચંદ્રવદન મહેતાનાં બધાં નાટકો વાંચી ગયા છે ? વિદેશી નાટકોનાં રૂપાંતર કરનારાઓ, એમના નાટકોને પોતાની જરૂર જુદી હોય તો એ રીતે, કેળવીનેય કેમ રજૂ કરતા નથી ? એમનું 'શિખરિણી' નાટક (૧૯૪૬) કે 'પાંજરાપોળ' (૧૯૪૭) આજેય એટલાં સુસંગત કથાવસ્તુવાળાં છે. 'શિખરિણી'માં લગ્નસ્થ અને લગ્નેતર સ્નેહ અને દેહસંબંધના પરસ્પર વિરોધી ભાવોના આરોહ-અવરોહ નિરૂપાયા છે. આટલી નીતિ-મોકળાશને આજનો સમાજ સ્વસ્થપણે સ્વીકારી શકે તેમ છે; તો 'પાંજરાપોળ'માં લગ્નવ્યવસ્થાનો 'ગૂંચવાયેલો, અપભ્રષ્ટ બનેલો, મહાજટિલ અને વિકટ કોયડો" નાટ્યબદ્ધ થયો છે. એમાં 'ઠઠ્ઠો તોફાનો અને ટીખળ' ન હોય તો એ ચંદ્રવદન ન કહેવાય ! ('ભજવનારાંઓએ ભજવ્યું છે' એમ લેખકે લખ્યું છે; પણ આજે એ ભજવનારાં ક્યાં છે ?)' મને તો એ નાટક સ્વયંપર્યાપ્ત વ્યક્તિગત વિશ્વની તરફેણ કરતું જણાયું છે; અને આજે કોઈએ એ નાણી જોવા જેવું છે. બીજી બાજુ મધ્યમવર્ગીય માનસ પર તારસ્વરે પ્રહારો કરતું નાટક 'માઝમરાત' (૧૯૫૫)માં વ્યક્તિઓ "વર્ગ" બની જાય છે. ઇબ્સનશાઈ એક જ સ્થળ, ત્રણ અંકમાં લખાયેલું એ અસંકુલ નાટક છે.

જેવું 'સીતા' તેવું તેમનું 'શકુન્તલા' (કન્યા વિદાય) નાટક (૧૯૪૯) કવિ કાલિદાસના સાત અંકને ચાર અંકમાં બેએક કલાકમાં ભજવી શકાય એવું છંદોબદ્ધ પદ્યરૂપ છે. વડોદરાની સંગીતનાટ્ય કોલેજમાં ૧૯૫૯માં શ્રી જશવંત ઠાકરે એ ભજવ્યું હતું, તો એની સંગીતમય રજૂઆત શ્રી ક્ષેમુભાઈ દિવેટિયાએ અનેક વખત કરી છે. સી. સી.એ રેડિયો માટે 'અન્તર્લુપ્તા સરસ્વતી' 'સાવિત્રી' અને 'મદિરા' નાટકમાં પણ પદ્યનો વિશિષ્ટ ઉપયોગ કર્યો છે. (એમનાં અન્ય નાટકો અને ભવાઈ વિશે ફરી ક્યારેક વાત કરશું.)

આકાશવાણીના શ્રાવ્ય માધ્યમ માટે તેમણે લખેલાં એકાંકીઓ-દસ્તાવેજીઓ 'રંગભંડાર'માં છે, રેડિયો માટેનાં પ્રલંબ નાટકો/શ્રેણીઓ - 'કપૂરનો દીવો', 'સરદાર', 'ગાંધીજી' વગેરે છે; તો શ્રાવ્યગદ્યના નમૂનારૂપે તો એમની આખી 'ગઠરિયાં-શ્રેણી' છે. 'રેડિયો રૂપકો' કેવાં હોય એ વિશે તેમણે નાની પુસ્તિકા લખી છે; આ બધું સમૂહ માધ્યમના વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓએ પાઠ્ય પુસ્તકની જેમ જોઈ જવું પડે.



'શહેનશાહ અકબરશાહ'ની એકોક્તિનું પઠન કરતા

ચરિત્રનાટકોનું લેખન અને નિર્માણ એ સી.સી.ની સૌથી વધુ સબળ અને નોંધપાત્ર બાજુ છે : 'નર્મદ' અને 'અખો' ભૂતકાળનાં તો 'કપૂરનો દીવો' (છોટુભાઈ દેસાઈ) 'સરદાર વલ્લભભાઈ' 'ગાંધીજી' વગેરે સમકાલીન પાત્રો છે. કાલ્પનિક પાત્રો વિશેની નાટ્યાત્મકતા અને વાસ્તવિક પાત્રોના (ગઈ કાલ અને આજના) પ્રસંગોની નાટ્યાત્મકતાને કેવી વિશિષ્ટ માવજત સી.સી. આપે છે એનો અભ્યાસ જ તેમની તખ્તાસૂઝ દર્શાવી આપે.

આ સાચુકલા માણસની આત્મકથા અને પ્રવાસોનું વર્ણન 'ગઠરિયાં-શ્રેણી'માં છે : સાવ સરળ, નિર્ભીક, દંભહીન, અને છતાં છટાદાર, મિજાજી, વાતાવરણને અનુરૂપ - ક્યારેક પર્વતમુખેથી નીકળતા ઝરણાં જેવું, ક્યારેક મહાનદીના ઊંડા વહેણ જેવું, તો વળી ક્યારેક સમંદરની જેમ ઉછાળા લેતું.... પણ ક્ષણેક્ષણે નાટ્યાત્મક; એટલે કે 'નાટ્ય' શબ્દ પણ જેના માધ્યમે માધ્યમે એને સુસંગત અર્થછાયા પામે તેવું. એમના પ્રારંભનાં કાવ્યો કે 'ન્યૂ યૉર્ક' જેવી પછીની પદ્યરચનાઓ પણ પદ્યપ્રસ્તુતિના અદ્ભુત નમૂનાઓ છે. આ 'ન્યૂ યૉર્ક'ની રજૂઆત એમના અમૃત મહોત્સવ પ્રસંગે મુંબઈમાં જેમણે જોઈ હશે તેમને સી.સી. ત્યારે યુવાન નટ લાગ્યા હશે ! (એનું ધ્વનિમુદ્રણ ઉપલબ્ધ છે એટલું રસિકોની જાણ માટે.)

વિદેશી નાટકોના અનુવાદો 'મૂંગી સ્ત્રી', 'મદિરા', 'કરોળિયાનું જાળું', 'મધુ ઉનાળાનું સપનું' કે નવલકથા 'ડોન કિહોટે'નો અનુવાદ ભાષાંતર કરતાં ગુજરાતી ભાષાની ગરવી કૃતિઓ ગણાય છે.

નાટ્યસિદ્ધાંત અને નાટ્ય-અનુભાવનના એમના વિચારો પણ અનેક કૃતિઓમાં સંગ્રહાયા છે. - 'નાટક ભજવતાં' (૧૯૬૨), 'લિરિક અને લગરિક' (૧૯૬૫) 'નાટ્યરંગ' (૧૯૭૩) 'એકાંકી' (૧૯૭૫) વગેરે અને એમનાં અનેક નાટકોની પ્રસ્તાવનાઓ, તથા 'ગઠરિયાં આત્મકથામાં નાટક, થીએટર કે નાટ્યવિભૂતિઓની ચર્ચા દરમ્યાન. અભિનયક્ષમ ન ગણાતા કવિ ન્હાનાલાલનાં નાટકો કેવી રીતે ભજવી શકાય એની ચર્ચા તો ઠીક, પણ 'અકબરશાહ' નાટકનું તખ્તાઅવતરણ કેવી રીતે કરી શકાય એનાં વિગતે સૂચનો કરીને તેમણે 'કાગળ પરના દિગ્દર્શક'નો દાખલો બેસાડયો છે. 'અકબર શાહ' વિશે તો સી.સી.એ નોંધ્યું છે કે એમાં પાંચ સુંદર નાટકોનો સંભાર છે ! (સાંભળો છો, ગુજરાતના ઓ 'દિગ્દર્શકો' ?)

(અનુસંધાન પાન ૨૦૮ ઉપર)

ભૂમધ્યને બે કાંઠે : ૨૨

પ્રીતિ સેનગુપ્તા

લોમ્બાર્ડી રાજ્ય, જેનું મુખ્ય શહેર મિલાનો છે, તે ઇટાલીનાં ઉત્તરનાં રાજ્યોમાંનું એક છે. એ પછી દેશ બદલાઈ જાય. ઇટાલીના દક્ષિણતમ ભાગ સિચિલિયા રાજ્યના પણ દક્ષિણ અને પશ્ચિમ છેડાઓ પર હું પહોંચી ગઈ હતી. ત્યાંથી શરૂ કરીને ફરતાં ફરતાં હું છેક ઉત્તરતમ ભાગ પર આવી હતી. ઇટાલીની જાણે મેં મહાયાત્રા કરી હતી. ૧૯મી સદીનાં દેશ-વિદેશનાં કળાકારો અને કળાપ્રમીઓને આ દેશનું ઘેલું કેમ લાગેલું, તેનાં કારણો ગામેગામે ઠેરઠેર જોવા મળ્યાં. ને તો ય ઇટાલીના ખજાનાનો સાવ નાનો અંશ જોઈ શકી હોઈશ.

હવે મારી પાસે છેલ્લા ત્રણ-ચાર દિવસ બાકી હતા. મિલાનોની ઉત્તરે આવેલાં તળાવોમાંના એક 'લાગો માજ્યોરે' પર તો પર્યટન કરેલું. હવે બીજા એક તળાવ 'લાગો દિ કોમો' સુધી જવાની હતી. એને કિનારે વસેલું શહેર તે કોમો. ત્યાં ગુજરાતીના એક જાણીતા કવિ પ્રદ્યુમ્ન તન્ના. એ અને એમનાં પત્ની રોસાલ્બા ન્યૂ યોર્ક આવ્યાં ત્યારે ઓળખાણ થયેલી. બંનેએ કોમો આવવા આપેલા આમંત્રણને પાળવાની મને આ તક મળી હતી. મહિનાઓ પહેલાં કાગળોથી અને ઇટાલી આવ્યા પછી ફોનથી સંપર્ક કરીને મેં બેએક દિવસ એ બધાંની સાથે ગાળવા માટેની તારીખો નક્કી કરેલી.

મિલાનોથી ટ્રેન લઈને કોમો ગઈ. પ્રદ્યુમ્નભાઈએ જણાવ્યા પ્રમાણેની બસ લીધી. 'વિઆ દાન્તે' નામના રસ્તા પર ઊતરવાનું હતું. ડ્રાયવર સારો અને હસમુખો હતો. એણે યથાસ્થાને બસ ઊભી રાખી. ઢાળ ચડીને એમના ઘર સુધી પહોંચી ગઈ. અંદર ગયા પછી અનેક સુંદર વસ્તુઓ તરફ વારંવાર હું જોતી જ રહી. બંને જણ - પ્રદ્યુમ્નભાઈ અને રોસાલ્બા-કળાકાર છે. એટલું જ નહીં, વિવિધ કળામાં અપૂર્વ કૌશલ્ય ધરાવે છે. ચિત્ર, શિલ્પ, વણાટ, પેપરમશી, ફોટોગ્રાફી વગેરે ક્ષેત્રે બંનેની નિપુણતા અપાર છે. ઘર નાનું છે, પણ એવી સુંદર વસ્તુઓથી સભર કે રહેવું ગમે. એમનાં ત્રણ યુવાન સંતાન-એન્તોનેલા, નીરા અને નિહાર - ખૂબ સરસ અને મળતાવડાં હતાં. પ્રદ્યુમ્નભાઈ તો વર્ષોથી ત્યાં છે, ને ફટાફટ ઇટાલિયન બોલે છે. પણ રોસાલ્બા અને એન્તોનેલાને માટે અંગ્રેજી પણ એટલું જ સહજ હતું. મને ત્યાં બહુ જ ગમ્યું, ને ઘર જેવું જ લાગ્યું.

હું કુટુંબ સાથે સમય ગાળવા જ ગયેલી, ને વધારે કશું જોવાની મને ઇચ્છા નહોતી. વળી, આખું વાતાવરણ એવું ધૂંધળું ને ધુમ્મસિયું હતું કે તળાવ પર જવાનો અને નૌકા-સફર લેવાનો કશો અર્થ નહોતો. કોમો શહેર છે બહુ જ રમણીય સ્થાને : તળાવનો કિનારો, ચારે બાજુ પર્વતો, નજીકમાં વસેલાં બીજાં ગામોની બત્તીઓના તરલ ઝગમગાટ, સુંદર પ્રાસાદ-સમ આવાસો, અને શરદ ઋતુ આવતાં રંગરંગીન થઈને રહેલાં વૃક્ષ-પાનનો નિખાર. ને મને તો સ્વચ્છ નીલ આકાશ પણ જોવા મળ્યું નહોતું. કોમોનું આ જ એક દુઃખ છે - સુંદર શહેર, દૂષિત હવા ! તન્ના-કુટુંબ આ કારણે હેરાન થતું હતું, નિહારનો શાળા-અભ્યાસ પૂરો ના થાય ત્યાં સુધી સ્થળાંતર કરવું અશક્ય હતું.

કોમો રેશમના તાણા-વાણા, વેપાર અને વણાટ માટેનું મોટું કેન્દ્ર છે. નાગરિક-સંગ્રહાલયના મોટા ઓરડાઓમાં કોમોના પ્રદેશનાં ઇતિહાસ અને કળાને લગતો વિપુલ સંચય છે. તળાવની સામે ઉદ્યાન અને સરસ નગરચોક છે. કોમોમાં એક મોટું કેથિડ્રલ છે, પણ પ્રદ્યુમ્નભાઈ મને એક બીજું જ દેવળ જોવા લઈ ગયા. દસમી સદીમાં બનાવેલું એ પ્રાચીન, સાદગીપૂર્ણ, છતાં લાલિત્યસભર ધર્મસ્થાન હતું. એ 'રાષ્ટ્રિય રત્ન'નો ખિતાબ પામેલું હતું, ને તે ખાસ એની વેદીને કારણે. એની ઘણી ધાર્મિક મહત્તા છે. છત પરિષ્કાર ભૂરા રંગે રંગેલી હતી ને એમાં સોનેરી તારા ચીતર્યા હતા. એક દીવાલ ઉપર ઇશુના જીવન અંગેનાં ચિત્ર હતાં. પ્રાચીન સમયની એ એક નિશાની અકબંધ રહી. બાકી બધું બીજા વિશ્વયુદ્ધના બોમ્બમારામાં તારાજ થયેલું. ઇટાલી, તેમજ યુરોપના બીજા લગભગ બધા દેશોને એ સમયે ઘણી હાનિ પહોંચેલી. રોમન કેથોલિક પંથના એ પ્રાચીન દેવળનાં ઐતિહાસિક સ્મરણોને થોડી શાતા આપવા માટે હોય તેમ એ દિવસે દેવળ ખૂબ સુંદર રીતે શણગારાયું હતું. પ્રજાની ઉત્સવપ્રિયતાનો પરિચય પણ મળ્યો.

દરેક કેથોલિક લગ્ન વખતે યુગલ કોઈ પણ બે રંગો પસંદ કરે છે- જો કે આ રંગો મુખ્યત્વે સફેદ, ગુલાબી, આછો પીળો કે કદાચ કેસરી, જેવા જ હોય છે. એ દેવળમાં સરસ, તાજાં, પીળાં ફૂલ અને ગાઢ લીલાં પાંદડાંની કળાકૃતિઓમાં ગોઠવેલાં પાકાં, પીળાં, મોટાં લીંબુ મૂકીને સુશોભન કરવામાં આવ્યું હતું. આવું ભવ્ય, અસામાન્ય અને આકર્ષક અલંકરણ મેં ખરેખર ક્યાંયે પહેલાં જોયું નહોતું. દેવળના ઓર્ગન વાજિંત્ર પર, દેવળના સ્થાપત્યને શોભે એવું, મધ્ય-યુગીય સંગીત વાગી રહ્યું હતું. અમે સાંકડાં પગથિયાં ચડીને ઉપર ગયાં. ત્યાંથી વેદી અને દીવાલ પરનાં ચિત્રો વધારે સરસ પરિપ્રેક્ષ્યમાં દેખાવાં માંડ્યાં. પુરાતન પાષાણની નિર્માણ-રચના જોઈને વિસ્મય અને આદર થાય તે સ્વાભાવિક હતું.

એ લગ્નમાં હાજરી આપવા આવનારાંની સંખ્યા સારી એવી હતી. દેવળ ભરાયેલું હતું. એના સુશોભન, સંગીત અને વિધિમાં સુયોગ્ય સાદગી દેખાઈ હતી. તેવી જ અકૃત્રિમતા નવવધૂના પોશાકમાં હતી. સંસ્કારી, કુલિન લોકો હતાં આ બધાં, એ સ્પષ્ટ થતું હતું. અમે બહાર નીકળ્યાં ત્યાં જ નવયુગલ પણ નીકળેલું હતું. મેં અભિનંદન આપ્યાં, ને એમના આનંદમાં ભાગ લીધો.

ઇટાલીમાં કેટલાં લગ્ન થતાં કે થયેલાં જોયાં ! પોમ્પેઈના ખંડિયરોમાં ફોટા પડાવવા દેખાવડું એક યુગલ, લગ્નનો પોષાક પહેરીને આમથી તેમ ફરતું હતું. સાથે ફોટોગ્રાફર, મિત્રો ને કુટુંબીઓનું ટોળું. રોમનાં ભગ્ન સ્મારકોની પશ્ચાદ્ભૂ રાખીને ફોટા પડાવવાનો મહિમા તો વર્ષોથી ચાલી આવતો જોયો છે. પાલેર્મોના એક પ્રાચીન, સુંદર દેવળમાં લગ્ન આવી રહ્યું હતું, ને બહારના સાંકડા રસ્તા પર મહેમાનો ને મોટરોની ભીડ થઈ હતી. આવાં દેવળ લગ્ન-વિધિ માટે કેટલાં લોકપ્રિય છે તે રોમમાં ફરતાં એક દિવસ જોવા મળ્યું.

લગભગ બે હજાર વર્ષ પહેલાં બંધાયેલા કોલિસિયમના, લોકો ને ફેરિયાઓની ભીડવાળા, પરિસરથી સ્હેજ દૂર સાન્તા મારિયાનું એક દેવળ છે. સંગેમરમરના એને સ્તંભ અને દેવળની અંદરની શોભા અત્યંત સુંદર ગણાય છે. હું તે જોવા ગયેલી. અંદર ખૂબ ભીડ હતી. જોયું તો એક લગ્ન પૂરું થવામાં હતું. કર્કશ, ભાવહીન અવાજે પાદરી વિધિ પતાવી રહ્યા હતા. દેવળની શોભા જોવાનાં શાંતિ કે નિરાંત મળે તેમ નહોતાં. બહાર નીકળીને બીજી તરફ આવી તો ભાડે કરેલી રોલ્સ રોઈસ ગાડીમાં બીજી એક નવવધૂ

પરણવાની રાહ જોઈને બેઠી હતી. આગલું લગ્ન મોડું થયું હતું, ને એ બિચારી આવા અગત્યના દિવસે જ આમ પીડાઈ રહી હતી. પોતાનાં લગ્ન માટે કોઈને પોતાને જ રાહ જોઈને આમ જાહેર જગ્યાએ બેસી રહેવું પડે તે ઉદાસ થવા જેવી જ ઘટના હતી. નાના, સાંકડા કમ્પાઉન્ડમાં આવનારાં ને જનારાં મહેમાનોની ગાડીઓની ગજબની ભીડ હતી. મને તો જરા હસવું પણ આવ્યું. હું તો બે પગ-ભર જ હતી, એટલે કોણ રોકે ?

આટલું પૂરતું હાસ્યપદ ના હોય તેમ, બહારના રસ્તા પર આવ્યા પછી હજી એક બીજું નવયુગલ જોયું. વાહનોની ભીડમાં જતી એક મોટરમાં નવપરિણીત દંપતી બેઠેલું. એની પાછળ બીજી એક મોટર હતી, જેની બારીમાંથી એક સ્ત્રી-તસ્વીરકાર અડધી બહાર આવીને આગલી ગાડીનો, કોલિસિઅમની હાજરી સાથેનો, વિડિયો ઉતારી રહી હતી. મને થયું આ ઇટાલિયનો ગાંડાં છે કે શું? ઐતિહાસિક સ્થાનો પાસે ફોટા પડાવતાં, ભેટતાં, તાળીઓથી વધાવતાં બીજાં પણ ત્રણ યુગલો ફરતાં ફરતાં જોયેલાં. આવા ફોટાના આલ્બમનો ખરો શોખ છે આ લોકોને.

કોમોના દેવળમાંનું લગ્ન આ બધાંની સરખામણીમાં ઘણું જ સુગંભીર, સ્વસ્થ ને સંસ્કારી હતું. કોમોના બે દિવસ કળાપ્રેમી, કુલિન તન્ના-કુટુંબ સાથે બહુ સરસ વીત્યા. પતિ-પત્નીની કળા સંબંધે સતત થતી આપ-લેનું એક ઉદાહરણ મને ખૂબ જ સ્પર્શી ગયું : પ્રદ્યુમ્નભાઈએ લાકડા પર કોતરીને ઇશુની માતા મેરીનું આલેખન સરજ્યું હતું, અને જન્મે ઇટાલિયન રોસાલ્બાએ પેપરમશીના ગણેશની પ્રતિકૃતિ બનાવી હતી. પ્રશસ્ય સર્જનશક્તિ અને ઉદાર સંવેદનશીલતાનો આ સુભગ અને આદરણીય સમન્વય હતો.

બસ, ઇટાલીના લાંબા પ્રવાસનો પણ છેલ્લો દિવસ આવી ગયો. એના દક્ષિણ છેડાના ટાપુ સિસિલીથી શરૂ કરીને છેક ઉત્તરના લોમ્બાર્ડી રાજ્ય સુધી મુસાફરી કરી હતી. ઘણુંઘણું જોયું, ને તેથી યે વધારે બાકી રહ્યું. વર્ષો સુધી ઇટાલીમાં રહો, ને એ વિવિધ પ્રદેશોમાં ગામેગામે ફરો ત્યારે કદાચ એના વિપુલ ઇતિહાસ અને કળાસમૃદ્ધિને જોઈ રહેવાય. સદીઓથી દુનિયાભરનાં સર્જકો - લેખક તેમજ કળાક્ષેત્રે - ઇટાલી તરફ ખેંચાતાં રહ્યાં છે તે અકારણ નથી.

કોને ખબર કેટલાં હજાર વર્ષ પહેલાંથી એ ભૂભાગમાં સંસ્કૃતિનો આરંભ થયો. ગ્રીસ, એશિયા માઈનર, ઉત્તર આફ્રિકા વગેરે દૂરનાં સ્થાનો સાથે સંપર્ક થતાં વેપાર, વિચારો, કલ્પના, કળા ઇત્યાદિ અનેક જાતની આપ-લે થવા માંડી. ઇસવી સન પૂર્વેની પહેલી સદીમાં જુલિયસ સીઝરે રોમને મહાસામ્રાજ્ય બનાવ્યું. પછી ઑગસ્ટસ સીઝરે એને ઈંટમાંથી સંગેમરમરમાં રૂપાંતરિત કર્યું. સર્જનની સાથેસાથે વિનાશકારી યુદ્ધો પણ એ આરંભના સમયથી જ થતાં રહ્યાં. પૂર્વેની ત્રીજી સદીમાં 'પ્યુનિક યુદ્ધ' તરીકે ઓળખાતાં મહાસંગ્રામો છેક આફ્રિકાના ઉત્તર ભાગમાં વસેલા કાર્થેજ સાથે ખેલાતાં. તે જ અરસાથી લાંચ, ક્રૂરતા, નીચતા અદનહદ વધી ગયેલાં જોવામાં આવે છે. આમ, ચડતી ને પડતીનાં આવર્તનો ઇટાલીના ઇતિહાસમાં આરંભથી જ થતાં આવ્યાં છે.

આધુનિક કાળમાં વીસમી સદીની શરૂઆતમાં ઇટાલીનો 'રોમેન્ટિક યુગ' પૂરો થયો ગણાય છે. પ્રથમ વિશ્વયુદ્ધને કારણે આખી દુનિયા જ બદલાવા માંડી ગઈ હતી. પણ ઇટાલીના વિવિધ કળાક્ષેત્રમાં 'ભવિષ્યવાદ'નો પવન વાઈ રહ્યો હતો. પ્રાચીનના પ્રત્યે કંટાળો અને તિરસ્કારના ભાવ ફેલાયા હતા. લોકોને જાણે 'શાંતિની બદબૂ' કરતાં મશિન-ગનના ઘોંઘાટનો 'ઉન્માદ' વધારે પસંદ હતો. નેતા મુસોલિની 'ક્રૂરતાના દારૂણપણ'નો પાઠ ભણાવતા હતા.

આ પછી હજી સુધી ઇટાલીને પૂરેપૂરી કળ વળી નથી, એમ કહી શકાય. દુનિયા એટલી બદલાઈ ગઈ છે કે એની પ્રાચીન સંસ્કૃતિની જાહોજલાલી તો ઇટાલી ક્યારેય પાછી નહીં મેળવી શકે. સમય એ શક્યતાથી ઘણો આગળ નીકળી ગયો છે. આધુનિકતા તરફનો પક્ષપાત સર્વત્ર પ્રસરી ગયો છે. પહેલાં જેવી અદ્વિતીયતાની પાત્રતા ઇટાલીમાં હવે રહી નથી. અલબત્ત, આધુનિક કળામાં એ પ્રગતિ કરી તો રહ્યું જ છે, અને પ્રવાસી હજી એના અસાધારણ ઇતિહાસનાં ભગ્ન-ચિહ્નો જોવા ટોળે મળે જ છે. એવા જ, જન-સામાન્ય આદર્શવાદ અને રોમાંચક ખ્યાલો સાથે હું ફરીથી ઇટાલી ગઈ હતી. ઇટાલીનો પ્રવાસ એક કળા-યાત્રા છે, એ નિર્ણય ડગ્યો નહીં. સમકાલીન વાસ્તવિકતાની ક્ષતિઓ પણ નજર સામે આવતી જ રહી. પણ રોમાન્સ અને આદર્શોની દુનિયા હવે રહી નથી એ કોણ નથી જાણતું? જીવનના બહુવિધ સંઘર્ષોથી કોઈ દેશને કોઈ પ્રજા બચ્યાં નથી. પણ મુસાફર તરીકે મારો વ્યક્તિગત આદર્શવાદ અને સંવેદનશીલતા અખંડ છે, ને તેથી પ્રત્યેક પ્રવાસથી મનને સંતોષ થાય તેવો આગ્રહ રહે છે.

તે વખતે કોમોથી મિલાન, ને ત્યાંથી રોમ પહોંચવાનું હતું, કારણ કે ન્યૂ યૉર્કથી ઇટાલી ફરવા આવી હતી, પણ નીકળી હતી તો ભારત જવા. રોમથી મુંબઈ જતું વિમાન લેવાનું હતું. એ મોડું હતું, તેથી મથકે બેસી રહેવું પડ્યું. ત્યાં કેટલાક મુસાફરો સાથે વાતો થઈ. એક સમૂહ ઇઝરાયેલમાં રહેતાં મરાઠી યહૂદીઓનો હતો. એ બધાં વર્ષો પછી ભારત જતાં હતાં. ખુશ હતાં, ને મને મુંબઈ વિષે પૂછતાં હતાં. એક પંજાબી સ્ત્રી દોઢ-બે વર્ષથી લિસ્બનમાં રહેતી હતી. ત્યાં રહેતા પંજાબી કુટુંબમાં પરણી હતી. પોર્ટુગિઝ ભાષા શીખી ગઈ હતી, ને કહેતી હતી કે 'હિન્દી ને પંજાબી તો હું ભૂલી પણ ગઈ છું.' વાહ ભાઈ !

પણ આ આજની દુનિયા છે, જે સ્થળાંતરવાસીઓની બનેલી છે. દરેક દેશની સંસ્કૃતિમાં વિવિધ સ્થાયી-અસ્થાયી પ્રજાનાં વિચાર-વર્તનની વિભિન્ન અસરો ભળતી જાય છે. આજના ઇટાલીમાં આ બધું સ્પષ્ટ દેખાય છે.

સમય તો સાગર જેવો છે. એ સતત છે અને સર્વત્ર છે. એના વહેણની સાથેસાથે મારો પ્રવાસ પણ, તરતી નૌકાની જેમ, સગતિક રહ્યા કરતો હોય છે. પ્રવાસીનું મન પ્રવાસમય જ હોય ને! અને આ નિરતિ એવી છે કે સ્થાનો અને જનોનો પરસ્પરનો, અને પોતાની સાથેનો, સંબંધ શોધતી, અને પામતી, જ રહે છે. આ નિષ્ઠાને કારણે પ્રવાસ હમેશાં રસપ્રદ અને વિસ્મયવિભોર બનતો રહેછે.

ઇટાલી ગયાના એક વર્ષની અંદર ટ્યુનિશિયા જવાનું નક્કી કર્યું. આવા દૂરવર્તી, અપ્રત્યક્ષ સ્થાને સંજોગવશાત્ એક મિત્ર-દંપતી હતું. શ્રીમાનને હું વર્ષોથી ન્યૂ યૉર્કથી ઓળખતી. વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધા પછી સંપર્ક ઘટી ગયેલો. એ પોતે ભારતીય હતા, એમણે પછીથી ટ્યુનિશિયાની સ્ત્રી સાથે લગ્ન કરેલાં. વર્ષના કેટલાક મહિના બંને ટ્યુનિશિયાના ઐતિહાસિક શહેર કાર્થેજમાં રહે. ફરીથી મૈત્રી ચાલુ થયેલી. મારી પ્રવાસ-પરાયણતા જોઈને એમણે મને ટ્યુનિશિયા જવા આમંત્રણ

આપેલું. મારે એ વર્ષે જવું હતું તો સોવિયેટ યુનિયન, પણ એ લોકોના આગ્રહને વશ થઈને મેં ત્યાં જવાનું નક્કી કર્યું.

એ નિર્ણય સારો થયો કે ખોટો તે હજી - બે વર્ષ પછી - પણ નક્કી કરી શકી નથી. ઉત્તર આફ્રિકાના એ દેશમાં ફરવા ગઈ એના બે જ મહિના પછી ઇરાકના સદ્દામ હુસેનના લશ્કરે કુવેત પર ચડાઈ કરી. ટ્યુનિશિયા સદ્દામ તરફી રહ્યું. વળી, છેલ્લા કેટલાંક વર્ષોથી દેશહીન આરબ નેતા યાસીર આરાફતનો સંઘ 'પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનિઝેશન' ટ્યુનિશિયામાં આશ્રય પામેલો હતો. આ સંઘ આંતકવાદી કાર્યો માટે કુખ્યાત થયેલો તો હતો જ ને એમાં ઇરાક તરફી આ વલણ ઉમેરાયું. કુવેત પરના ઇરાકી આક્રમણે જુદાજુદા દેશોમાં ને વિશ્વના વિભાગોમાં જુદાજુદા, અથવા વિરોધી પણ, પ્રતિઘાતો ઉત્પન્ન કરેલા. ટ્યુનિશિયા જવાનું આમે ય અઘરું ગણાતું હતું, ને આ યુદ્ધ થયા પછી તો પ્રવાસી તરીકે હું કદાચ જઈ જ ના શકી હોત. કદાચ પ્રવાસીઓને પરવાનો આપવાનો બંધ થાત, કદાચ બિનસલામતીની શક્યતાના વિચારે આત્મજને જવા ના દીધી હોત. તેથી, સારું થયું કે એવા દુષ્કર સ્થાને આવા ઐતિહાસિક વળાંક પહેલાં જઈ આવી. પણ ઉપરનાં આ જ બધાં કારણોને લીધે મારું ટ્યુનિશિયા જવું કસમયનું પણ બન્યું. મારા પાસપોર્ટમાં ટ્યુનિશિયાના પરવાનાની છાપ તો પડી જ ગઈ. ને મારા પ્રવાસો પણ ચાલુ જ. આ પછી હું જ્યાં ગઈ - ઈંગ્લંડ, પોર્ટુગલ, ફિનલેન્ડ, કેનેડા; અરે, ભારત સુધ્ધાં - ત્યાં વિમાનમથકે આ પ્રવાસનાં થાણાં પર મને રોકવામાં આવતી, ને પછી અધિકારીઓના પ્રશ્નોની ઝડી : 'ટ્યુનિશિયા ક્યારે ગયાં, કેમ ગયાં, કેટલા વખત માટે ગયાં, ક્યાં ફર્યાં, ક્યાં રહ્યાં, કોને ઓળખો છો ?' દેશેદેશના વિમાનમથકે હું ચોર ને ખૂનીથી પણ બદતર હતી - કદાચ આતંકવાદી, કે પછી પિ. એલ. ઓલ. સંઘની જાસૂસ !

ભારતીય પાસપોર્ટની આમ કશી કિંમત નથી. ટ્યુનિશિયાનો પરવાનો મેળવતાં મને સાત અઠવાડિયાં થયેલાં. આખી ફાઈલ વોશિન્ગ્ટનથી પાટનગર ટ્યુનિશ મોકલવામાં આવેલી. પણ એક તો હું સ્ત્રી અને એકલી ફરું, એટલે દરેક સરહદ પર શંકાપાત્ર બનું છું. દુ:ખની વાત છે કે, દુનિયા એટલી ગુનાઇત બની છે કે માણસાઈ અને વિશ્વપ્રેમ જેવાં સંવેદનો અવિશ્વનીય અને શંકાસ્પદ ગણાય છે. વળી, હું કેવળ વૈયક્તિક પ્રવાસી, અને કોઈ સંસ્થા કે વ્યવસાય-કેન્દ્રનો આધાર નહીં. ગમે તેટલી આધુનિક બની હોય, પણ આ દુનિયા હજી વ્યક્તિઓની વિશિષ્ટતાઓને સમજી કે સહન કરી શકતી નથી.

આટઆટલા અપમાનજનક વર્તાવ દરમ્યાન ક્યારેય મેં અધિકારીઓને જણાવ્યું નહીં કે હું ટ્યુનિશિયામાં કોઈને ઓળખતી હતી. મારી જેમ હેરાન કોઈ બીજાં નિર્દોષ જણ શું કામ થાય?

ભૂમધ્ય સમદ્રને બે કાંઠે બે જુદા જ દેશો છે - ને તે પણ બે જુદા જ ખંડમાં. એક તરફ મહાખંડ આફ્રિકાનો ઉત્તરમાંનો નાનકડો દેશ ટ્યુનિશિયા અને માંડ સો માઈલ દૂર, દરિયાને પેલે કિનારે સિસિલીથી શરૂ થઈ જતી ઇટાલીની ભૂમિ. આ બંને દેશોમાં હજારો વર્ષ જૂના ઈતિહાસની સૂત્રતા રહી છે. ઇ.પૂ.ની છઠ્ઠી સદીમાં કાર્થાજિયનો રોમ સુધી પહોંચેલા, તો ઇ.પૂ.ની ત્રીજી સદીમાંનાં 'પ્યૂનિક યુદ્ધો'માં રોમના હાથે કાર્થાજ સંપૂર્ણ નાશ પામેલું.

આથી યે પહેલાં, હિમયુગ દરમ્યાન, આ બંને દેશોની ભૂશિરો જોડાયેલી હતી. એ અતિપૂર્વના કાળ દરમ્યાન આ ભૂમિ-સેતુ પરથી આદિ-માનવની અવરજવર પણ થઈ જ હશે. હવે નકશામાં જોતાં એમ લાગે છે કે જાણે હાથ લંબાવીને બે દેશોની વિખૂટી પડી ગયેલી ભૂશિરો એકમેકને વાંછી રહી છે.

આમ, ભૌગોલિક તથા ઐતિહાસિક કારણે બંને દેશોનો ઘનિષ્ટ, ને તેવો જ કરુણ, સંબંધ રહ્યો છે. આવું લાગવાને લીધે હું આ બે દેશોના પ્રવાસોને આ રીતે સાંકળવા પ્રેરાઈ છું. જો કે કાળક્રમે એમની વચ્ચેની સૂત્રતાનો સંદર્ભ બદલાઈ ગયો છે. પ્રાચીન ખંડેરો સિવાય એકમેકની ખાસ કશી અસર એમના પર રહી લાગતી નથી. ટ્યુનિશિયામાં સાતમી સદીથી ઇસ્લામની સ્થાપના થઈ. પછી ૧૯મી સદીમાં આરબ હકુમતને હંફાવી ફ્રેન્ચ અમલ આવ્યો. એનો પ્રભાવ હજી ટ્યુનિશિયાનાં રાજકારણ તથા જીવન-રીતિ પર સુસ્પષ્ટ છે. બંને દેશોનાં દર્શન જુદાજુદા દૃષ્ટિકોણથી કરવાનાં હોય છે. ઇટાલી તો ચિત્ર, શિલ્પ ને સ્થાપત્યનો રત્નકોષ છે, ને ત્યાં ફરતાં સમય આ બધું જોવામાં જ જતો રહે છે. ટ્યુનિશિયામાં પ્રાચીનતાની નિશાનીઓ છે જરૂર, પણ ત્યાંની આરબ-યુરોપી સામાજિકતા ઘણી વધારે રસપ્રદ છે.

ઇટાલી ઘણો વિકસેલો, સફેદ પ્રજાનો બનેલો, યુરોપનો દેશ છે. ત્યાં ખૂણેખૂણે ફરવું સહેલું છે, કારણ કે ટ્રેન અને બસોની જાહેર સગવડો બહુ જ સરસ ને કાર્યદક્ષ રીતે સ્થપાઈ છે. ટ્યુનિશિયાનાં મોટાં શહેર પર યુરોપી આધુનિકતાનો ઓથાર ખરો, પણ નાની જગ્યાઓ તો સાવ જ ગ્રામ્ય અને પોષાક, ખોરાક, ભાષા, રીતરિવાજ એ બધી રીતે પરંપરામાં ખૂંપેલી. વળી, જાહેર વાહનો દેશના બધા ભાગોમાં જવા માટે મળતાં પણ નથી. તેથી મારી હંમેશની ટેવ મુજબ એકલાં બધે ફરાય તેમ હતું નહીં. પણ પ્રવાસી તરીકે ભાગ્યશાળી છું, ને છેવટે બધું સરસ રીતે પાર ઊતરતું હોય છે ખરું. ટ્યુનિશિયામાં પણ એવું જ બન્યું.

ત્યાં રહેતું યજમાન-દંપતી દૂરની જગ્યાઓએ જવા માટેની ગોઠવણ કરશે એમ મેં માનેલું. પણ એમ થયું નહોતું. વળી, જઈને જોયું તો એ લોકો ટ્યુનિશિયામાં કશે ફર્યાં પણ નહોતાં, ને ઊલટું, જાણકારી મારી પાસે વધારે હતી. મારે જાણીતી કેટલીક જગ્યાઓએ જવું હતું. ટ્યુનિશિયા પરના પુસ્તકમાં વર્ણનો વાંચીને એના નકશા અને સ્થાનોની ભૂગોળથી હું પરિચિત થઈ હતી. વર્ષોથી એકલાં ફરતાં ફરતાં દરેક બાબતની, અને જાતની, સંભાળ લેતાં શીખી ગઈ છું. તેથી મને ખાતરી હતી કે કશો ઉપાય મળી જશે.

ને બન્યું પણ એવું જ. કાર્થાજ પહોંચીને જાણ્યું કે યજમાન-દંપતી કશી ગોઠવણ કરી શક્યું નહોતું, તેથી બીજે જ દિવસે લોકલ ટ્રેન લઈને ટ્યુનિશ ગઈ. ન્યૂ યોર્કમાં જોયેલા પુસ્તકમાંના ટ્યુનિશ શહેરના નકશા ઉપરથી ખ્યાલ હતો કે પ્રવાસ-માહિતીખાતાનું કાર્યાલય ક્યાં છે. સાધારણ રીતે સરકારી-ખાતામાં જોવા મળે તેવા બે કાર્યકરો ત્યાં નીરસ રીતે, કંટાળ્યા હોય તે રીતે બેઠા હતા. સરકાર તરફથી, કે પ્રવાસ-ખાતા તરફથી દેશની કોઈ સમૂહ-સફર નથી નીકળતી ને એમણે જણાવ્યું. ખાસ કશી મદદ ત્યાંથી મળી શકે તેમ લાગ્યું નહીં. પણ નસીબજોગે, ત્યાંથી નીકળતાં પહેલાં મને એક પ્રશ્ન પૂછવાનો સૂઝ્યો. મેં એમને પૂછ્યું કે કોઈ ટ્રાવેલ એજન્સી આવી સફર કાઢતી હોય છે ખરી?

આ નાનકડી સતર્કતાને લીધે ટ્યુનિશિયાની મારી આખી મુસાફરી સફળ થઈ. પ્રવાસ ખાતામાંથી મને 'ટૂર-આફ્રિક' નામની એજન્સીની

માહિતી મળી હતી પણ પાસે જ. તેથી તરત હું ત્યાં પહોંચી. અંદર જઈને પૂછ્યું, તો બરાબર મારી ઇચ્છા પ્રમાણેના પ્રવાસની ગોઠવણ એ લોકો પાસે હતી. એટલું જ નહીં, હું ત્યાં હતી તે દિવસોમાં આઠ દિવસનો એ પ્રવાસ કરવો શક્ય હતો. મારાં આનંદ અને રાહતનો પાર ના રહ્યો ! છેક ટ્યુનિશિયા સુધી પહોંચી ખરી, પણ પછી ત્યાં કશું જોઈ ના શકું તો તે બહુ મોટું કમનસીબ કહેવાય. પ્રવાસની મારી તીવ્રતા એવી છે કે તે તે સ્થાનની ચેતના કોઈ ને કોઈ રીતે મારી વ્હારે આવે છે.

ઉત્તર આફ્રિકાના પ્રદેશને 'માઘ્રેબ' કહે છે. એમાં મોરોક્કો, અલ્જિરિયા, લિબ્યા અને ટ્યુનિશિયાનો સમાવેશ થાય છે. ટ્યુનિશિયાને ઉત્તરે અને પૂર્વ તરફ સમુદ્રકાંઠો મળેલો છે. દેશના ૧૩૦૦ કિલોમીટર આમ સાગર-કિનારો પામેલા છે. ઉત્તરથી પશ્ચિમ-કેન્દ્ર સુધી જતી પર્વતમાળામાં દેશનું સર્વોચ્ચ (૧૫૪૫ મીટર) ચામ્બી પર્વતનું શિખર આવેલું છે. દક્ષિણે, દેશના અડધા ભાગને ભરી દેતું સહરાનું રણ છે. પણ પાડોશી દેશો લિબ્યા અને અલ્જિરિયા જેટલો સૂકો ટ્યુનિશિયા દેશ નથી. છતાં, ઉનાળામાં સખત ગરમી અને સૂકા દુકાળની ચિંતા તો રહેવાની જ. માઘ્રેબના, તેમજ આફ્રિકાના બીજા મોટા ભાગના દેશોમાં ટ્યુનિશિયા ઘણો આધુનિક અને સુખી દેશ ગણાય છે. એની પ્રજા કાળી નહીં, પણ અરબી છે. એની શહેરી પ્રજા પર ફ્રેન્ચ અમલને લીધે યુરોપી ઓપ છે. ભૂમધ્ય સમુદ્ર અને બીજા ઉપસાગરો દ્વારા મળેલા સુંદર, રેતાળ કિનારાઓને કારણે અને હૂંફાળી આબોહવાને લીધે ટ્યુનિશિયા યુરોપી સૂર્યપ્રેમી પ્રવાસીઓમાં ઘણું લોકપ્રિય છે.

અરબી અને મુસ્લિમ શૈલીનું સ્થાપત્ય અને યુરોપી રહેણીકરણી. લગભગ અનન્ય કહેવાય તેવી આ સંસ્થિતિ છે. ઇતિહાસની શરૂઆતથી વીસમી સદી સુધીમાં ટ્યુનિશિયાએ ઘણું સહન કર્યું. આખરે, દોઢસો વર્ષના ફ્રેન્ચ શાસન પછી ૧૯૫૬માં એ સ્વાયત્ત રાજ્ય બન્યું. હબીબ બુર્ગીબા ટ્યુનિશિયાના ગણરાજ્યના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા. દેશનું બધું જ બદલવાની, વધારે સારું કરવાની આવશ્યતા હતી. વેપાર, વાણિજ્ય, શિક્ષણ, ન્યાય, પરદેશ-સંબંધ, લશ્કર, ખેતી વગેરે દરેક બાબતમાં સ્થિરતા લાવવાના પ્રયત્નો શરૂ થયા. છ મહિનાની અંદર બહુપત્ની હોવા પર નિષેધ મૂકવામાં આવ્યો, અને સ્ત્રીઓના નાગરિક હક્ક વધારવામાં આવ્યા. દેશના અંદાજપત્રમાંના ત્રીજા ભાગના પૈસા શિક્ષણ ખાતે વાપરવાનું નક્કી થયું. નિરક્ષરતા દૂર થાય તો નવા રાષ્ટ્રપતિની નેતાગીરી સંભાળે તેવી પ્રજા ઊભી થાય ને. અત્યારે ટ્યુનિશિયાની વસ્તી ૮૦ થી ૮૫ લાખની હશે, એમાં અર્ધા જેટલી પ્રજા તો યુવાનવયી વ્યક્તિઓથી બનેલી છે.

સમાજવાદ દાખલ કરવાના પ્રયત્નો પણ ચાલ્યા, પણ અંગત મિલકતની અગત્યમાં માનતી પ્રજા પર આ નીતિ લાદી શકાય નહીં. ટ્યુનિશિયામાં કૃષીય અને ઔદ્યોગિક ક્ષેત્રે સફળતાની શક્યતા ઘણી ઓછી, તેથી નાના ઉદ્યોગો અને હસ્તકળા, તેમજ પ્રવાસભોગ્યતા પર ભાર મુકાયો. સાથે જ, ખેતીનું ઉત્પાદન વધારી, દેશને પગભર કરવાના પ્રયત્નો ચાલતા રહ્યા. વિકાસ પ્રત્યેની સભાનતા હોવા છતાં વૈભવની વહેંચણી અને લોકસત્તાને અનુરૂપ રાજકારણ અપનાવી શકાયાં નહીં. રાષ્ટ્રપતિ બુર્ગીબા પછીથી પોતાની નીતિને કારણે અપ્રિય બન્યા.

છેવટે, ૧૯૮૭માં વૃદ્ધ, અસ્વસ્થ અને સત્તા પરથી નીચે લાવવામાં આવેલા બુર્ગીબાને સ્થાને જનતંત્રની જાહેરાત કરી. 'ટ્યુનિશિયા દરેક ટ્યુનિશિયન માટે છે,' એમ કરેલા એમના કથનની સાબિતીરૂપે રાજનૈતિક કેદીઓને છોડી મુકાયા, દેશવટે ગયેલા રાજકારણીય નેતાઓને પાછા આવવા આમંત્રણ અપાયાં, વર્તમાનપત્રોને વધારે છૂટ આપવામાં આવી, બધી પાર્ટીઓને સંસદ સુધી પહોંચવાની સગવડ કરાઈ.

આ આજનું ટ્યુનિશિયા. એમાં મેં ભાગ્યે જ કોઈને ભૂખે મરતાં, ભીખ માગતાં જોયાં. આ એક બાબત કોઈ પણ દેશની અવસ્થા માટે ઘણું કહી દે છે. □

અનુસંધાન] નાટ્યાનુભાવન [પૃ. ૨૦૪ પરથી

સીસીએ ખુદ એ વિશે લખ્યું છે : મૂળ વાતે રજૂઆત, તખ્તાલાયકીની સમજ, એના બીબામાં ઢાળવાની આવડત. આ એક કીમિયો છે, કસબ છે. અસલ વાત એક જ કે લખાણમાં તાકાત છે કે નહીં ? વસ્તુ ન્યારી છે કે નહીં ! એમાં દૈવત હોય, માલોમલીદો હોય, ગલ હોય તો કસબી સૂત્રધાર એનો આબાદ ઘાટ ઘડી આપે. શેક્સપીઅરનાં લખેલાં નાટકો, પાંત્રીશ, વારંવાર ભજવાતાં વીશ-એકવીશ, એ વીશમાંથી ઉદ્‌ભાવિત, અનુસરિત, ઉપજાવેલ, અનુવાદિત, અનુરચિત, કેટલાં ? સેંકડો ઉપર થવા જાય એટલાં. જેવો ઘડવૈયો ! ('શહેનશાહ અકબરશાહની ભજવણી' પા.નં. ૧૩, ૧૪).

ટૂંકમાં, નેવું જેટલી કૃતિઓ - એમાં પચાસેક તો નાટકો મૌલિક કે મૌલિક જેવાં રૂપાંતરિત; તખ્તે ભજવાયેલાં (મોટા ભાગનાં ભલે થોડા પ્રયોગો પૂરતા, પણ બધાં જ ભજવી શકાય તેવાં.), કારણ કે એ કોઈ કવિવાર્તાકારે નહિ નટ-દિગ્દર્શકે લખેલાં નટકેન્દ્રી નાટકો છે, દિગ્દર્શકોને પડકારરૂપ રહ્યાં છે; અને પ્રેક્ષકોની નાડ પારખીને લખાયાં છે.

અભ્યાસુઓનું એ તરફ પણ મારે ધ્યાન દોરવું છે કે, 'અખો'થી ગાંધીજી વિશે લખેલી ફિલ્મસ્ક્રિપ્ટ (હજી અપ્રકટ) સુધીની કૃતિઓનું કોઈ પૃથક્કરણ કરે તો ગુજરાતી નવી રંગભૂમિની બદલાતી નાટ્યશૈલીઓ, તખ્તાકલાની વિકસતી સૂઝ, નાટ્યશિક્ષણ, રેડિયોનાટ્યટેકનિક વગેરેનો સીલસીલાબંધ ઇતિહાસ એમાંથી સાંપડી રહે; એમનાં નાટકો અને 'સી.સી. ગઠરિયાં'ઓ'માં ગુજરાતના સામાજિક જીવનની તવારીખ પણ છે; તો વળી એ જ ગઠરિયામાં દેશીવિદેશી નાટ્યભૂમિકાઓનો પરિચય મળે છે; નાટ્યસિદ્ધાંત અંગેનાં એમનાં પુસ્તકો તખ્તાની કલાનો વિશ્વકોષ છે; અને ધ્વનિમુદ્રિત નાટકો, વાર્તાલાપો અને પઠનો શ્રાવ્યભાષાના પ્રયોજનનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે...

સમયની ચુસ્તતા, વિશિષ્ટ પ્રકારના સ્વમાન અને આત્મગૌરવના આગ્રહી, 'કાણાને કાણો કહી દેવાની કઠોર ધારદાર વાણી, હઠાગ્રહી વગેરે એમના વિશે અનેક લેજેંડો છે; પણ એ છે એમના નાટ્યમિજાજની છબી. હતા એ ખુદ નાટ્યલેજેંડ જ - 'નર્મદ' જેવા બંડખોર, 'અખા' જેવા 'તત્ત્વ' પામી ચૂકેલા, 'ઓઝા ગુર્જર' જેવા સ્વપ્નશીલ, 'સીતા' જેવા સેન્ટીમેન્ટલ, 'શકુન્તલા' જેવા કોમલ હૃદયી 'ઢોલરા' જેવા આત્મત્યાગી અને 'ઇલા'ના ચાંદામામા બની શકે એવા ગુજરાતના લાડકા સૂરતી લાલા...... □

કથાસરિત્સાગર

લબંક ૨ : તરંગ ૫ (ચાલુ)

શ્લોક ૫૪ થી ૯૨-૯૩

દેવસ્મિતાકથા[૧]

કનુભાઈ જાની

આ (પૃથ્વી)લોકમાં તામ્રલિપ્રી[૨] નામે એક પ્રસિધ્દ નગરી હતી. એમાં ધનદત્ત નામે એક વણિક રહે. બહુ ધનવાન, (પણ)પુત્રની ખોટ. એટલે એક વાર ઘણા બધા બ્રાહ્મણોને બોલાવીને હાથ જોડીને કહ્યું કે 'મારે ત્યાં શીઘ્ર પુત્ર થાય એવું કાંઈક કરો.' ત્યારે ભૂદેવો કહે કે "એ કાંઈ મુશ્કેલ નથી. શ્રૌતકર્મોથી[૩] ભૂદેવો બધું જ કામ પાર પાડી શકે છે :

પૂર્વે એક રાજા હતો. બિચારો અપુત્ર. એના અંતઃપુરમાં એકસો ને પાંચ તો રાણીઓ! એને પુત્રીયેષ્ટિ[૪] યજ્ઞથી એક પુત્ર થયો. 'જન્તુ' નામે. રાણીઓની આંખનો તો નવોદિત ચન્દ્ર! ભાંખોડિયાં ભરતો હતો ત્યાં જાંગે કીડીએ ચટકો ભર્યો ને બાળક મોટી ચીસ પાડી ઊઠ્યો. એટલામાં તો રાણીવાસમાં રડારોળ મચી; રાજા પણ 'પુત્ર પુત્ર' કહીને પ્રાકૃતની જેમ આક્રન્દ કરવા લાગ્યો.[૫] ક્ષણમાં જ કીડી દૂર કરાઈ ને પાછું બાળક રમતે ચડ્યું.

ત્યારે રાજાને એકપુત્રના ખટકી સન્તાપ થયો. વળી બ્રાહ્મણોને પૂછ્યું : 'ઘણા પુત્રો થાય એવા કોઈ ઉપાય ખરા ?' ત્યારે એમણે ઉત્તર વાળ્યો, 'હા, રાજન. આનો એક ઉપાય છે : આ સુતને હણીને એનું બધું જ માંસ જો હોમવામાં આવે તો એની વાસ લેતાં જ, બધી જ રાણીઓ પુત્રવતી બને.[૬] એ સાંભળીને રાજાએ તો બધું એ પ્રમાણે કર્યું, તો એથી એને જેટલી રાણીઓ હતી તે સર્વેને પુત્રો જન્મ્યા. આપને માટે પણ (હે શેઠ!) હોમથી પુત્ર મળે એમ (જરૂર) કરીશું."

એમ કહીને, દક્ષિણાનું નક્કી થયે, બ્રાહ્મણોએ હોમ કર્યો અને એ વણિકને[૭] ત્યાં પુત્ર જન્મ્યો. નામે રાખ્યું ગુહસેન. બાળક તો વખત વીતતાં મોટો થવા લાગ્યો; ત્યારે પિતા એને લાયક વધૂ શોધવા લાગ્યા.

એક વાર એના પિતા એને લઈને વ્યાપારને બહાને, પણ (હકીકતે) સ્નુષા (પુત્રવધૂ) મેળવવાના હેતુથી, દ્વીપાન્તરે[૮] પહોંચ્યા. ત્યાં ધર્મગુપ્ત નામે મોટા વેપારીની દેવસ્મિતા નામે કન્યાનું પોતાના પુત્ર ગુહસેન માટે માગું નાખ્યું. પણ પિતાને દીકરી બહુ વહાલી હતી; ને તામ્રલિપ્રી તો ઘણું દૂર પડે એમ માનીને ધર્મગુપ્તે તો એ માગું પાછું ઠેલ્યું. પરંતુ ત્યારે દેવસ્મિતાએ તો, ગુહસેન દીઠો એવા એનાં ગુણ-સૌન્દર્ય હૈયે વસી ગયાં હોવાથી, કુટુંબીજનોને છોડવાનો નિશ્ચય કરી લીધો. સખી મારફત સામાને સંકેત પહોંચાડ્યો અને પ્રિયતમ તથા (તેના) પિતાની સાથોસાથ એ દ્વીપમાંથી રાતોરાત નીકળી પડી. પછી તામ્રલિપ્રીનગરીમાં આવીને લગ્ન કર્યાં અને પતિ-પત્ની બન્નેનાં મન પરસ્પરનાં પ્રેમે દૃઢ રીતે બંધાયાં.

પછી જ્યારે ગુહસેનના પિતા અવસાન પામ્યા ત્યારે કુટુંબીઓએ એને દ્રવ્યાર્થે (વેપાર માટે) કટાહદ્વીપમાં[૯] જવાની સલાહ આપી. ત્યારે, ક્યાંક આ અન્યસ્ત્રીસંગી બને એવી શંકાથી, આ વાત નકારી કાઢી. પોતે કર્તવ્યનિશ્ચલ તો હતો; પણ એક તરફથી પત્નીની અનિચ્છા તો બીજી તરફ હતી કુટુંબીઓની સતત પ્રેરણા! શું કરવું તે ગુહસેન નક્કી ન કરી શક્યો, મૂઢ જેવો થઈ ગયો. (કાંઈ ન સૂઝતાં) દેવ જ મને કોઈક ઉપાય બતાવશે' એમ વિચારીને, મંદિરે જઈને નિરાહારી થઈ તપમાં લાગી ગયો. એની પત્ની દેવસ્મિતા પણ એની સાથોસાથ વ્રતમાં બેસી ગઈ. ત્યારે ભગવાન શિવે સ્વપ્નમાં આવીને એ દમ્પતીને દર્શન દીધાં. અને બે રાતાં કમળ આપતાં કહ્યું :

'બેય લો હાથમાં રાતું અક્કેકું પદ્મ આપું તે !
દૂર દૂર રહ્યે એક કરશે શીલત્યાગ તો
બીજાના હાથનું પદ્મ કરમાશે તુરંત ત્યાં.'[૧૦]

એ સાંભળીને બેય જાગ્યાં, ને જોઈ રહ્યાં બેયના હાથમાં હતાં જે એક એક કમળ હૃદય જેવાં રાતાં. તે પછી તો હાથમાં કમળ સાથે ગૃહસેને પ્રસ્થાન કર્યું અને હાથમાંનું કમળ નીરખતી દેવસ્મિતા ત્યાં ઘરમાં જ રહી.

ગૃહસેને કટાહદ્વીપમાં પહોંચીને તરત રત્નોની લેવડદેવડ શરૂ કરી દીધી. એના હાથમાં સદાય પેલું ખીલેલું કમળ જોઈને ત્યાંના કોઈ ચાર વણિકપુત્રો અચંબામાં પડી ગયા. એને યુક્તિથી પોતાને ઘેર લઈ ગયા, ખૂબ મદિરા પાયો પછી પેલો પદ્મવૃત્તાંત પૂછ્યો. આણેય ખૂબ પીધેલો એટલે માંડીને કહ્યો. ત્યારે 'આને તો રત્નોના ક્રયવિક્રયમાં (હજી) સારી એવી વાર લાગશે જ' એમ વિચારીને, કૌતુકથી પ્રેરાયા, (સાચુંખોટું પારખવાના ખ્યાલથી), એની જ પત્નીના શિયળનો ભંગ કરવાનો પાપી ખ્યાલ ઘડી કાઢી, એને ખબર ન પડે તેમ તામ્રલિપ્રીમાં પહોંચી ગયા. ત્યાં પહોંચીને આ કામ હવે કેમ પાર પાડવું એનો ઉપાય વિચારતા હતા ત્યાં, એક બૌધ્દ વિહારમાં રહેતી યોગકરેંડિકા નામની પ્રવ્રાજિકા ભેટી ગઈ. આમણે પ્રેમપૂર્વક કહ્યું, 'ભગવતી ! અમે ઇચ્છીએ છીએ તે આપ જો સાધી આપશો તો અમે આપને મબલખ ધન આપીશું.' પેલી બોલી, 'તમે યુવાનો નક્કી અહીંની કોઈ સ્ત્રીને જ ઇચ્છો છો! ઝટ કહી નાંખો. હું તમારું કાર્ય સાધી આપીશ. મને ધનલાલસા નથી. સિધ્દિકરી નામે મારી એક બુધ્દિશાળી શિષ્યા છે. એના અનુગ્રહથી મને ધન તો અપાર મળ્યું છે.'

'એમ? શિષ્યાના અનુગ્રહે આપને અપાર ધન મળ્યું? કેવી રીતે?' એમ વણિકપુત્રોએ પૂછતાં એ પ્રવ્રાજિકા કહેવા લાગી : 'પુત્રો, તમને ઉત્સુકતા છે તો લો, હું કહું. સાંભળો :' (ક્રમશઃ)

પાદટીપ

૧. આ ગ્રંથમાંની આ દેવસ્મિતાની કથાના બંને ભાગોને સળંગ અંગ્રેજી પદ્યાનુવાદ રેવ. બી. હેઈલ વર્થહેમે કર્યો છે. (જુઓ 'જર્નલ ઓફ ધ રોયલ એશિયાટિક સોસાયટી', વોલ્યુમ ૧૬; ૧૮૮૪; પૃ. ૧-૧૨) મૂળનો સંસ્કૃત શ્લોકેશ્લોક અંગ્રેજીમાં પણ એ જ રીતે પંક્તિસર

ઊતરે, મૂળનો પાઠ જળવાય, સરળતા-પ્રવાહિતા પણ રહે, એ બધું ખ્યાલમાં રાખીને કરેલો એ અનુવાદ, મૂલાનુસારી પદ્યાનુવાદનો એક સારો નમૂનો છે. એના અંશો અહીં પાદટીપમાં પણ જ્યાં અનિવાર્ય લાગ્યા ત્યાં આપ્યા છે. અનુવાદક અંગ્રેજી બેલડની નિરૂપણરીતિને અનુસર્યા છે.

૨. આ કથામાં તામ્રલિપ્તીનગરીના ઉલ્લેખો ઘણીબધી વાર આવે છે. અહીંની ઘણીખરી કલ્પિત કથાઓમાં ભૌગોલિક સ્થળનામો ત્યારની ભૂગોળનાં છે; કલ્પિત નથી, સાચાં છે. લોકકથામાં ઘણુંખરું આમ જ બને છે, કથા કલ્પિત, સ્થળનામો સાચાં. એથી એ કથા વધુ પ્રતીતિકર લાગે.

તામ્રલિપ્તી ભારતના પૂર્વના સમુદ્રતટનું એક એવું મોટું બંદર હતું જ્યાંથી દ્વીપાન્તરોની સાગરખેપો આરંભાતી :

'પૂર્વામ્બુધિરદૂરસ્થાં નગરીં તામ્રલિપ્તિકામ્' (૩-૪-૨૯૧)

¤

'અસ્તીહ તામ્રલિપ્તીતિ પુરી પૂર્વામ્બુધિસ્તટે' (૧૨-૧૪-૩)

'રઘુવંશ'માં (સર્ગ ૪;૩૮) એને કપિશાનદીને કિનારે વસેલું નગર કહ્યું છે; અને કપિશા તે, પાર્જિટર કહે છે તેમ, મિદનાપુર પાસેની કસાય નદી, એ જોતાં બંગાળના મિદનાપુર અને કલનાના પ્રદેશોમાંનું આજનું તામુલુકનગર તે પ્રાચીન તામ્રલિપ્તી.

'મહાભારત'ના સભાપર્વમાં (૨૯-૧૦૯૪-૧૦૦) અને 'મહાવંશ'માં પણ એના ઉલ્લેખો છે. અશોકે મોકલેલા ધર્મપ્રચારકો આ બંદરેથી લંકા જતા. ચોથીથી બારમી સદી સુધી તામ્રલિપ્તી પ્રસિદ્ધ બંદર હશે એમ બી.સી.લૉ જેવા વિદ્વાનો માને છે. પાણિનિએ તામ્રલિપ્તીથી આરંભી ઉત્તરપશ્ચિમમાંના પુષ્કલાવતી સુધીના માર્ગને ઉત્તરપથ કહ્યો છે. એ વેપાર માટે અનુકૂળ હતો. એના તામ્રલિપ્તીના ભાગમાં આવતાં તક્ષશિલા, શાકલ, હસ્તિનાપુર, કાન્યકુબ્જ, પ્રયાગ, વારાણસી, વૈશાલી, ગયા, રાજગૃહ, પાટલિપુત્ર, ચમ્પા વગેરે ભારતના એક વખતના સુપ્રસિદ્ધ નગરો. વિનયપિટકની અટ્ઠકથામાં પણ આ નગરનો ઉલ્લેખ છે. સંઘમિત્રા બોધિવૃક્ષની શાખા લઈને પાટલિપુત્રથી નાવમાં બેસીને ગંગાને માર્ગે તામ્રલિપ્તી પહોંચી હતી અને ત્યાંથી પછી તે સમુદ્રમાર્ગેલંકા ગઈ હતી. (જુઓ ડૉ. એસ. પ્રસાદ અને ડૉ. વાચસ્પતિ દ્વિવેદીનાં ક.સ.સા. પરનાં અધ્યયનગ્રંથો.)

૩. મૂળમાં શબ્દ છે 'શ્રૌતેન કર્મણા.' વેદો શ્રુતિપરંપરાથી જળવાયા છે એટલે ગણાય 'શ્રૌત'; એમાંના યજ્ઞાદિ કર્મકાંડો - તે શ્રૌતકર્મો. ત્રણ પ્રકારના અગ્નિની પરંપરા પણ શ્રૌત પરંપરા ગણાતી : એ અગ્નિઓ તે ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણ. અહીં જે વિધિની વાત છે તે, પાછળથી આ યજ્ઞો સાથે ભાતભાતના વિધિવિધાનો જોડાયાં હશે. ત્યારની છે. આ સંઘરાયેલી મૂળની મુખ્યગત કથાઓ સમયની દૃષ્ટિએ જુદાજુદા સ્તરની છે. આ કથા બૌદ્ધ અસર પહેલાંની લાગે છે. આવા વિધિવિધાનોમાંની શ્રદ્ધા કાંઈક જડ, ઊંડે ઊતરી ગયેલી હશે ત્યારની છે. 'શ્રૌત કર્મોથી કશું જ અશક્ય નથી' એમ પેલા કર્મકાંડી વિપ્રો કહે ને રાજા માને, ને એ પ્રમાણે થાય! પાછું નવા ઘણા પુત્રો પ્રાપ્ત કરવાની વિધિપણ થાય -એ મનાય!! બધું આજે વિચિત્ર ને ધૃણાસ્પદ લાગે ; પણ આ દેશમાં આવું પણ હતું એ હકીકત પણ સ્વીકારવી જ રહી!

૪. મૂળમાં શબ્દ છે 'પુત્રીયેષ્ટિ'. 'પુત્રીય' કે 'પુત્રીયા'નો અર્થ થાય પુત્રને માટેની ઇચ્છા. દીકરી પ્રત્યેની સૂગ જૂની છે એની દુર્ગન્ધ ખુદ 'પુત્ર' શબ્દમાં જ છે :

'પુન્નામ્નો નરકાદ્યસ્માત્ત્રાયતે પિતરં સુતઃ
તસ્માત્ પુત્ર ઈતિ પ્રોક્તઃ સ્વયમેવ સ્વયંભુવા.'

(પુન્નામના નરકમાંથી ઉગારનાર!) એટલે મૂળ પ્રમાણે તો જોડણી પણ થાય 'પુત્ત'. આની સાથે સરખાવો શબ્દ 'સુત', એટલે ઉત્પન્ન થયેલો, સરખી રીતે ઉદ્‌ભૂત. એ શબ્દ સાથે કોઈ સામાજિક રુચિ-અરુચિ જોડાયેલી નથી. છતાં, જુઓ, 'પુત્ર' શબ્દ પ્રચલિત બન્યો ને 'સુત' નહીં. સામાજિક અભિગમો પણ કેવા-કેટલા ઊંડા-વ્યાપક, પ્રબળ, અજાણપણે ફેલાયેલા હોય છે!

૫. એક કીડીને કારણે રાજા આક્રંદ કરવા લાગે, એ કેવું હાસ્યાસ્પદ લાગે છે! યાદ આવે છે? પાઠકસાહેબના પેલા દુહા? 'એક માખીને કારણે મારી ઊંઘું વીંખાણી!' અહીં એક કીડીને કારણે આખો બાળક હોમાયો! હાસ્ય ને કરુણ બંનેમાં અતિશયોક્તિનો આશ્રય લેવાય જ. પાઠકસાહેબના કાવ્યનાયકની જેમ અહીંનો રાજા પણ ગૌરવહીન ક્ષુદ્ર લાગે છે. અલબત્ત, ત્યાં કટાક્ષ હોવાથી હાસ્ય ધારદાર ને કાંઈક સૂક્ષ્મ બને છે; અહીં કેવળ પરિસ્થિતિજન્ય - ને એ પરિસ્થિતિ જ અપ્રતીતિકર હોવાથી હાસ્ય સ્થૂળ બની રહે છે. પણ નોંધપાત્ર તો એ છે કે પુત્રૈષણાને અહીં ઘેરી કરીને મૂકી છે અને કર્મકાંડ પ્રત્યેની સૂગ સ્પષ્ટ બને એમ કર્યું છે.

૬. આ અત્યંત જઘન્ય બર્બર પ્રથા હતી. બોળ ચોથ(શ્રવણ વદ ચોથ) ની કથામાં 'ઘઉંલો' નામે પુત્રને વહુએ ખાંડણિયામાં ખાંડ્યો એવું આવે છે. એક કાળે ભારતીય સમાજના એક ભાગમાં આવું પણ હતું જ. આપણો બધો જ વારસો વૈભવભર્યો નથી. હજારો વર્ષો પૂર્વેના કર્મકાંડની અતાર્કિકતા પણ આજ હજી, ભલે જુદે રૂપે પણ, જોવા મળે છે! નાનીનાની વાતો પર પણ નોંધો વરસાવતા ટોની-પેન્ઝરે આ વાત પર કશો અભ્યાસ-ઉદ્યોગ કર્યો નથી એ નવાઈની વાત છે. એક કાળે યુરોપમાં પણ આવી કુરૂઢિઓ હતી. એ એમની લોકકથાઓમાં જોવા મળે છે. જુદા જુદા ઉદ્દેશો માટે પિતા જાતે જ પોતાના સંતાનને વધેરે એવી કથાઓ ઘણાખરા સમાજોમાં છે. 'ઍગામેમ્નોન'માંનો ઈફિજિનિયાના બલિદાનવાળો પ્રસંગ તરત યાદ

આવે! સંતાનાહુતિ એ એક કાળે પ્રાચીનતમ સમાજોનું વિશ્વવ્યાપી વલણ હશે. હેઈલનો અનુવાદ છે :

'....Slay this thy son,

And offer up his flesh a secrifice.

Thy wives shalt smell the savour of his flesh

Burnt by the fire : so shall they beare thee

sons.'

કર્મકાંડી બ્રાહ્મણોનું રાજાઓ પર પણ વર્ચસ હશે એ સ્પષ્ટ બને છે આ કથાથી.

પુત્રેષણા સહજ છે. એ માટે આજે જેમ વિકસિત વિજ્ઞાનનો સહારો લેવાય છે તેમ પ્રાચીન કાળે યજ્ઞાદિનો લેવાતો. યજ્ઞાદિનમાં હોમ આવે ને બલિ પણ આવે! જો કે પુત્રેષણા માટેનાં વ્રતો પણ પ્રચલિત હતાં. વ્રતમાં શુદ્ધીકરણ અને શ્રદ્ધાભરી ઉપાસના આવે. 'સ્કન્દપુરાણ' (કાશીખંડ, પૂર્વાર્ધ અધ્યાય ૧૦; શ્લોક ૧૨૬ થી ૧૩૩)માં ઋષિ વિશ્વાનરની પત્ની શુચિષ્મતીએ કરેલ તપ અને પછી કાશી જઈને કરેલી અભિલાષ્ટક(આઠ મંત્રો)ની સ્તુતિની વાત છે. એ સ્તુતિનો સૂર તો નારસિંહી છે 'જૂજવે રૂપ અનન્ત ભાસે!' એવી શિવપ્રશસ્તિ. એમાં તો માગણી પણ નથી! એ સ્તુતિ છે પણ કવિત્વમય. આખીયે આપવાનું મન થાય એવી; પણ અહીં સ્થાનાભાવે આરંભ-અંતના શ્લોકો જોઈએ :

એકં બ્રહ્મૈવાદ્વિતીયં સમસ્તં સત્યં નેહ નાનાસ્તિ કિંચિત ।
એકો રુદ્રો ન દ્વિતીયોऽવતસ્થે તસ્માદેકં ત્વાં પ્રપદ્યે મહેશમ્ ॥

¤

ત્વત્તઃ સર્વં ત્વંહિ સર્વં સ્મરારે ત્વં ગૌરીશસ્ત્વં ચ નગ્નોऽતિશાન્તઃ ।
ત્વં વૈ વૃદ્ધસ્ત્વં યુવા ત્વં ચ બાલસ્તત્કિં યત્ત્વં નાસ્યતસ્ત્વાં નતોऽસ્મિઃ ॥
(પ. હ. શર્મા-સંપાદિત, ગોરખપુરપ્રકાશન, 'વ્રતપરિચય' પૃ. ૨૮૬)

હિન્દી 'વ્રતપરિચય'માં આવાં પાંચ પુત્રપ્રાપ્તિવ્રતો બતાવાયાં છે. અહીં આનો ઉલ્લેખ એ માટે કર્યો છે કે માનવચિત્તના બે પંથો - ઘોર અને અઘોર અથવા સાત્ત્વિક ને તામસિક - જીવનની બધી બાબતોમાં, આજ સુધી લગભગ ચાલ્યા આવ્યા છે. અહીં બાળહત્યાને યજ્ઞક્રિયા સાથે જોડી તે ઘોરતમ છે.

૭. અહીંનો - આ કથામાં બધે જ આવતો - 'વણિક' શબ્દ જાતિ-જ્ઞાતિ-ધર્મ-વાચક નથી; કેવળ વ્યવસાયવાચક ગણવો. 'વણિક' એટલે 'વેપારી', 'વૈશ્ય'. અગિયારમી સદી પહેલાંના ભારતીય સમાજની અહીં વાત આવે છે. એટલે મુસ્લિમોના આક્રમણ પહેલાંની, એટલે સમાજ મુખ્યત્વે ચાર વર્ણોનો બનેલો હતો ત્યારની.

૮. દ્વીપાન્તરની/સમુદ્રભ્રમણની વાત અહીં બહુ આવે છે. પ્રાચીન ભારતની આસપાસ દ્વીપો હતા અને સમુદ્રયાત્રા નિષિદ્ધ નહોતી. વણિકો સાગર અવશ્ય ખેડતા. સાહસે શ્રી વસતિ એમ મનાતું. ભારતે શસ્ત્રથી નહીં, આવા સુચારુ વ્યાપારી સંબંધોથી એક સંસ્કાર-સમ્પન્ન સમાજ હોવાની છાપ ઊભી કરેલી. આ દ્વીપોમાંથી ઘણાખરાની યાત્રાઓ તામ્રલિપ્તીથી થઈ છે. અહીં જે કેટલાક દ્વીપોના ઉલ્લેખો વારંવાર આવે છે તેમાં ઉલ્લેખનીય છે કટાહદ્વીપ અને નારિકેલદ્વીપ. તે પછી કર્પૂરદ્વીપ, ઉત્સ્થલ દ્વીપ, રત્નકૂટદ્વીપ, મુક્તિપુરદ્વીપ, હંસદ્વીપ, સિંહલદ્વીપ, સુવર્ણદ્વીપ, ચીનદ્વીપ, મલયદ્વીપ વગેરે ગણાય. આતંરરાષ્ટ્રિય વ્યાપાર ને આતંરરાષ્ટ્રિય સંપર્ક-સંબંધ આ રીતે જ જળવાતા ને કેળવાતા. ચીનથી ઘોડા ને કાપડ આવતાં. 'ચીનાંશુક'નો ઉલ્લેખ સૂચક છે.

ખાસ કરીને પૂર્વીય દ્વીપસમૂહો સાથેનો સંપર્ક સતત રહેતો. સુવર્ણદ્વીપ તે સુમાત્રા, નારિકેલદ્વીપ તે નિકોબાર, કર્પૂરદ્વીપ તે ઈન્ડોનેશિયાની પાસેનો વરુસ, મલયદ્વીપ તે મલાયા. અહીં ઉલ્લિખિત કટાહદ્વીપ તે મલયદ્વીપોમાંનો એક જેને 'કેડા' કહે છે તે. આ દ્વીપ અગુરુકાષ્ટ માટે વિખ્યાત હતો.

વેપારમાં પણ નીતિ જળવાતી. વેપારીમાત્ર છેતરનાર એવી વ્યાપક છાપ આજે જ્યારે ઊભી થઈ છે ત્યારે યાદ આવે છે : ઈ.સ. પૂર્વે ૧૭મી સદીમાં મેસોપોટેમિયાના હિટાઈટી ને મિતાની સમ્રાટોએ પોતાની મૈત્રીભરી સંધિના સાક્ષીરૂપ માનેલા ભારતીય દેવોને - ઈન્દ્ર, મિત્ર, વરુણ અને નાસત્યને. આવી છાપ ઊભી થઈ એમાં વેપારીઓનો ફાળો મોટામાં મોટો હતો એ આજે આશ્ચર્યકારક લાગે. સાગરયાત્રાની આપણી ગૌરવગાથા પણ એવી છે : આજે નિકૃષ્ટ કક્ષાની, એક વાર ઉત્કૃષ્ટ કક્ષાની. આપણી એક પ્રાચીન કથા છે 'વસુદેવહિંડી'. એમાં એક પ્રસંગ છે : સત્યભામાના પુત્ર સુભાનુ માટે એકસો ને આઠ કન્યાઓ એકઠી કરી, પણ એમનાં લગ્ન તો કરાવ્યાં રુકિમણીના પુત્ર સામ્બ સાથે! એ પ્રસંગે પ્રદ્યુમ્ને વસુદેવને ટોણો માર્યો : 'જોયું ને?: તમે દેશાન્તર ઘૂમતા રહ્યા, ને આ અહીં બેઠો બેઠો એકસો આઠ કન્યાઓ પરણી ગયો!' ત્યારે વસુદેવ કહે: 'સામ્બ તો કૂવામાંનો મેંઢક જે સરલતાથી મળતા ભોગથી સંતોષ માને છે : મેં તો અનેક પર્યટનો કરતાં કરતાં પારવિનાનાં સુખદુઃખના અગણિત અનુભવો મેળવ્યા છે. આવી ચડતી-પડતી ભાગ્યે જ કોઈને વિધિ કરાવે. હું ભાગ્યશાળી છું.' બાણ કહે છે તેમ ભારતીઓને પગે જ કોઈને દ્વીપાન્તરસંચારનો લેપ લગાવ્યો હતો. એટલું સહજ એ એક વાર હતું; કારણ? 'અશ્રમેણ શ્રી સમાકર્ષણં ન ભવતિ.' સાગરયાત્રા વિના લક્ષ્મી ખેંચાઈ આવે નહીં. આપણે તો ખુદ લક્ષ્મીજીને જ સાગરશયના કલ્પી છે !

૯. કટાહ તે, અગાઉ જણાવ્યું છે તેમ, મલયદ્વીપસમૂહોમાંનું એક 'કેડા'. દક્ષિણભારતમાં એ 'કડારમ્' નામે તો ઉત્તરમાં 'કટાહ' નામે જાણીતું

હતું. આની વિગતે વાત પેન્ઝરે કરી છે. એક ચોલ રાજા રાજેન્દ્ર (ઈ.સ. ૧૦૧૨-૧૦૫૨)ના એક લેખ પરથી આ વાત સ્પષ્ટ બને છે. (જુઓ I, ૧૫૩ પાદટીપ.)

૧૦. અહીં જે મોટિફ છે તેને અંગ્રેજીમાં કહે છે 'ચેસ્ટિટી ઇન્ડેક્સ.' 'શીલપ્રમાણ' (શીલની સાબિતી). આ મોટિફવાળી કથાઓનો સારો અભ્યાસ થયો છે. ફ્રેડરિક જે. ફર્નિવલસંપાદિત 'અર્લી ઇંગ્લિશ ટેકસ્ટ સોસાયટી'માં એક 'ધ રાઈટ્સ ચેઈસ્ટ વાઈફ' નામે કથા છે. એમાં પણ આમ જ, જ્યાં સુધી બેય પાત્રો શીલ સાચવે ત્યાં સુધી બંને પાસેનાં ફૂલો વણકરમાયેલાં રહે એવી જ વાત છે. અન્ય કેટલીયે કથાઓમાં આ મોટિફ ને એમાં આમ જ ફૂલોનો પ્રયોગ આવે છે. ક્યાંક ફૂલોને સ્થાને હાર કે ક્યાંક (દાખલા તરીકે પર્સીના રેલિક્સ'માંની 'ધ બોય એન્ડ ધ મેન્ટલ'માં) કોઈ વસ્ત્રાદિ આવે. ક્યાંક વળી મણિ ઝાંખો પડે, ક્યાંક દર્પણ.

શેક્સ્પીઅરના 'સિમ્બેલાઈન'ની કથા શીલભંગ કરવા માટે થતી સ્પર્ધાની છે. એ કથાનું મૂળ ડેકામેરોનની બીજા દિનની નવમી કથામાં છે. વેપારે ગયેલા પતિને પોતાની પત્નીના શીલમાં શ્રદ્ધા છે ત્યારે એને મળતા એના ગોઠિયા - તેમાંનો એક ખાસ - એના શીલભંગનું બીડું ઝડપે છે.

અહીંની આપણી કથા શીલપરીક્ષાના મોટિફની નથી. શીલશ્રદ્ધાનો મોટિફ પણ ન કહેવાય. અહીં બંને એકબીજાને ચાહે છે; પણ પતિ કે પત્ની કદાચ કોઈ કારણે અજાણતાં પણ ફસાય તો એકબીજાંને એની ખબર પડે એવી અહીં ગોઠવણ છે. એ માટેના સંકેત તરીકે આ ચમત્કારિક અજાયબ ફૂલ છે.

ક્યાંક શીલવતી જ અમુક કામ કરી શકે એવું મોટિફ પણ હોય. એથી ભિન્ન 'જો હું શીલવતી હોઉં ને સ્વપ્ને પણ અન્યમનસ્કા ન બની હોઉં તો આમઆમ થજો' એવી શીલપરખ પણ હોય છે. સીતાની કથામાં 'જો હું અખંડ શીલવતી હોઉં તો મા ધરતી મને મારગ દે' એવું આવે છે. સીતાની અગ્નિપરીક્ષા પણ થાય છે. પણ આપણી આ કથામાં શીલપરીક્ષાનો મોટિફ નથી વળી આને Faith-Token (વિશ્વાસનો સંકેત) નામ પણ આપી શકાશે નહીં, એમ કહીને પેન્ઝર આનું Chastity Index - શીલપ્રમાણ એવું નામ સૂચવે છે.

આ 'શીલપ્રમાણ'ના મોટિફ ત્રણ જાતનાં હોય :

૧. જેમાં કોઈ પદાર્થ ગેરહાજર વ્યક્તિનું શીલ દર્શાવે, તે કહેવાય 'ચેસ્ટટી-ઇન્ડેક્સ.' દા.ત. આ કથા.

૨. જેમાં પોતાના શીલની પરખ કરવા વ્યક્તિ તૈયાર થાય તે, 'ટેસ્ટ ઓફ ચેસ્ટટી'. દા.ત. 'એરેબિયન નાઈટ્સ'ની એક કથામાં ઝાયન-અલ-અસ્લમ પાસે એક એવો અરીસો છે જેમાં શુદ્ધ શીલવાળાનું પ્રતિબિંબ ચોખ્ખું ને અશુદ્ધનું ઝાખું પડે. એવી એક બીજી લોકકથા છે જેમાં પરીઓના રાજાએ એક અમીરને એવો પ્યાલો આપ્યો જેમાં શીલવાળી વ્યક્તિ મદિર ભરે તો ભરાય, શીલહીનનો પ્યાલો ખાલી રહે! આ 'શીલપરખ'- મોટિફ.

૩. જેમાં શીલયુક્ત વ્યક્તિ જ પોતાના શીલની ખાતરી આપે - 'આમ આમ થાવ' કહેતાં જ એમ થાય - તે 'એકટ ઓફ ટ્રુથ', 'સત્યની સાબિતી'.

હા, ક્યારેક આવાં કથાબીજોનાં મિશ્રણો પણ થયાં હોય. અગાઉની (ક.સ.સા.માં આવી ગયેલી) ઉપકોશાની કથાના આગળના બીજા ભાગમાં 'આશકોની ફસામણી'નો મોટિફ છે. ત્યાં પણ આમ થયું છે. મોટિફ કે કથાબીજઘટક નક્કી કરતાં આવી અર્થચ્છાયાઓની ઝીણવટમાં ઊતરવું પડે. આ જ ઘટકની ઝીણવટભરી ચર્ચા માટે જુઓ. I-૧૬૫-૧૬૮) □

અનુસંધાન] ધુમાનજી [પૃ. ૧૯૪ પરથી

એપોલો બંદરે પોતાના ચરણો ભારતની ધરતી પર મૂકે છે ત્યારે તેઓ એક અલૌકિક આધ્યાત્મિક લાગણી અનુભવે છે. ઇંગ્લન્ડમાં હતા ત્યારે તેમને વડોદરાના મહારાજા સયાજીરાવે પોતાને ત્યાં સેવાપ્રવૃત્ત થવા નિમંત્રણ પાઠવેલું. એનો સ્વીકાર કરીને શ્રી અરવિંદ એપોલો બંદરેથી સીધા જ વડોદરા આવે છે, આઠમી ફેબ્રુઆરી ૧૯૯૩ના દિવસે. આ પ્રસંગને સાંકળી લઈને તારીખ ૮, ૯ અને ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૩ના દિવસોમાં વડોદરામાં શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા 'સ્વદેશાગમન' શતાબ્દી મહોત્સવ યોજાયેલો. આ યોજનાનો પુરુષાર્થ સદ્‌ગત ધુમાનજીનો હતો. વળી, તેઓ જાણતા હતા કે તેઓ તે દિવસે નહીં જ હોય. વડોદરામાં તો શ્રી અરવિંદ ગાયકવાડી રાજ્યની નિશ્રામાં ૧૩ વર્ષ સુધી કર્મપ્રવૃત્ત રહેલા. શ્રી અરવિંદના યોગત્વનો શુભારંભ અને 'સાવિત્રી' મહાકાવ્યનો મંગલારંભ વડોદરાથી જ થયેલો.

જીવનની પળેપળને પાવન કરી શ્રી અરવિંદ અને શ્રી માતાજીની સેવામાં પોતાના જીવનને સમર્પિત કરનાર ધુમાનજી અંતિમ શ્વાસ સુધી આશ્રમમાં પ્રવૃત્ત રહેલા. ૧૯મી ઑગસ્ટે તેમના દેહાવસાન પછી ફકમી ઑગસ્ટે સવારે આઠ વાગે એ આલોકમયી દેહને શ્રી અરવિંદ અને શ્રી માતાજીની સમાધિની પ્રદક્ષિણા કરાવવામાં આવી. આ બંને સમાધિને તો ધુમાનજી સદા પોતાની રૂમના ઓટલે બેસી વર્ષોવર્ષ, પળેપળ જોયા જ કરતા. ત્યાર પછી તેમના શબને આશ્રમની પ્રદક્ષિણા કરાવડાવી, કઝનોવ ગાર્ડન લઈ જવામાં આવ્યું, જ્યાં નવ વાગે નલિનીકાન્ત ગુપ્તાની સમાધિની પાસે તેમને સમાધિ આપવામાં આવી. આ એ જ સ્થળ જ્યાં ત્રણેક માસ પૂર્વે જ શ્રી અરવિંદના સેવક શ્રી ચંપકલાલજીને પણ સમાધિ આપવામાં આવેલી. હા, એ સમાધિ શરીરી સમાધિ હતી. ધુમાન તો ક્યાં જાય! તેઓ તો સર્વત્ર છે જ. આપણા યુગનો એક યોગી, વૈદિક ઋષિ, શ્રી અરવિંદ અને શ્રી માતાજીનો સમર્પિત સેવક 'ધુમાન', આપણા સર્વેના સર્વપ્રિય 'ધુમાનજી' સદાય સ્મરણીય રહેશે. □

કલાવાર્તા

બલવંતરાય જોશી

ખોડીદાસ પરમાર



બાળપણથી જ માણસ જો પોતાના શોખ માટે કોઈ ને કોઈ વ્યાસંગ કેળવે તો એને આધારે તેની નિવૃત્ત અવસ્થા અને ઉત્તરાવસ્થા સરળ રીતે પસાર કરી શકે. વાર્ધક્ય અને નિવૃત્તિના સમયગાળામાં પોતે પોષેલા વ્યાસંગનું ઊંડાણથી અવગાહન કરતાંકરતાં વર્ષોથી મનમાં સંઘરી રાખેલ અનુભૂતિપિંડનું બિંબ પક્વ તો થઈ જ ગયું હોવાથી સહેજે આનંદરૂપ અભિવ્યક્તિ પ્રકટી ઊઠે છે, તેથી પ્રબળ મનેચ્છા અને ઘડાયેલા હાથે ધારી કલાકૃતિનું સર્જન કરી શકે છે.

આવા કલાના એક પ્રોત્સુક ચિત્રકાર શ્રી બલવંતરાય અ. જોશીએ સમજ્યા ત્યારથી ચિત્રકલાને વ્યાસંગરૂપે આરાધી અને નિવૃત્ત થયા પછી નિરાંતની પળોમાં આળસુ ન બની જતા ચિત્રસાધનાની જ્યોત જ્વલંત રાખી છે. શિક્ષણકાર્યના વ્યવસાયમાં સમયના અભાવે ચિત્રકલાનો રિયાઝ ઓછો થતો, તે હવે નિવૃત્તિની પળોમાં બલવત્તર થઈ ગયો છે. કમનીય અનુભૂતિને વધારે સચોટ બનાવી, આજે પાંસઠ વરસે પણ અંકનનૈપુણ્યમાં મનઃપૂત કલ્પનાનાં આલેખનો તેઓ કંડારી રહ્યા છે. ચિત્રાંકન તે તેમની મનમોજ હોવાથી તેમાં હાલ પક્વાનુભૂતિની અભિવ્યક્તિ કરી રહ્યા છે.

શ્રી બલવંતરાયની પારિવારિક પરંપરા પ્રોજ્જ્વલ છે. ટૂંકી વારતાના સર્જક 'ધૂમકેતુ'ના તે ભત્રીજા છે. કાકાની લલિતકલાની ઊજળી પરંપરાના વટેમાર્ગુ બનીને, તે વર્ણબ્રહ્મની ઉપાસના આરાધીને, જ્વલંત રીતે મનભાવન ચિત્રકાર્ય કરી રહ્યા છે. તેમની ચિત્ર પ્રત્યેની લગનીને પાંગરવાની તક તેઓ હન્ટર ટ્રેનિંગ કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે શ્રી બુચ-સાહેબના સાન્નિધ્યમાં લાધી, પણ ચિત્રકલામાં સર્જનાત્મકતા, રૂપ, સંયોજન, રંગ, રેખા અને કલાદર્શન તો સૌરાષ્ટ્ર ચિત્રશાળાના આચાર્ય ચિત્રકાર શ્રી મગનલાલ ત્રિવેદી પાસેથી સાંપડ્યાં અને ઇ. ૧૯૫૮માં મુંબઈની 'સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટ'માંથી એમણે ડિપ્લોમા મેળવ્યો.

ઇ.સ.૧૯૫૫માં રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલ (શ્રી મોહનદાસ ગાંધી વિદ્યાલય)માં ચિત્રશિક્ષક તરીકે નિમાયા પછી અમદાવાદના શેઠ ચી. ન. કલાવિદ્યાલયમાં જોડાઈને ૧૯૬૫માં પ્રથમ સ્થાને 'માસ્ટર ઓફ આર્ટ'ની પદવી મેળવી; અને ત્રણત્રણ દાયકા સુધી ચિત્રશિક્ષકની ઊજ્જવળ કારકિર્દી દરમિયાન અનેક વિદ્યાર્થીઓને ચિત્ર-વ્યાસંગી બનાવી, ૧૯૮૬માં નિવૃત્ત થયા ત્યારથી ચિત્રસર્જનમાં તે વિશેષ રૂપે પ્રવૃત્ત થયા છે.

શ્રી બલવંત જોશી પરંપરાગત ભારતીય ચિત્રશૈલીના ચાહક હોવાથી તદ્દેશીય શૈલીનું એક અનોખું લક્ષણ તેમનાં ચિત્રોમાં મંડિત થાય છે. લોકકલાની પરિપાટી અને મધ્યકાલીન લઘુચિત્રોના પરિશીલનનાં સમાધાનમાંથી તેમણે પોતાની નિજી છાપની ચિત્રલઢણ નિષ્પન્ન કરી છે. નિજ પોત અને પરંપરાના દૃઢ બંધનવાળી એવી તેમની ચિત્રપરિપાટીમાં બે પ્રકારની ધાટીનાં આલેખનો જોઈ શકાય છે.

રામાયણ, મહાભારત અને પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યની કૃતિઓ ઉપરથી ચિત્રાંકિત કરેલાં



ઉપવન-વિહાર



શૃંગાર





← ગાયાની ઈર્ષા

સર્જનામાં નમણું એક વિશિષ્ટ લક્ષણ કંડારી છે. જેમ કે કાલિદાસની પ્રશિષ્ટ કૃતિઓ 'મેઘદૂત', 'ઋતુસંહાર', 'રઘુવંશ', 'કુમારસંભવ', 'શાકુન્તલ' કે 'વિક્રમોર્વશીય'ના ચિત્રણમાં પાત્ર-અંકનમાં લોકતત્ત્વ રૂપનું આલેખન અને પ્રાકૃતિક પરિવેશમાં મધ્યકાલીન લઘુ ચિત્રાંકનના શોભનકંડારની ઝીણવટ સ્વીકારી છે. જેમાં પાત્ર ન પરિપેક્ષ્યમાં પ્રકૃતિ ઉદ્દીપક વિભાવ તરીકે વિલસતી જણાય છે.

દ્વિપરિમાણી એવા ચિત્રસંયોજનમાં અવકાશની મોકળાશ ઓછી, ખીચોખીચ ભરચક્કપણું સવિશેષ જોઈ શકાય છે. મોર, હરણ વગેરે પાત્રોને દૂર દર્શાવવા દષ્ટિસંધાનનો ઉપયોગ પણ કર્યો છે. પ્રશિષ્ટ કૃતિઓનાં આવાં દ્વિપરિમાણી ચિત્રો, કલાકારની ચિત્ર નિર્મિતિનો આગવો પ્રકાર હોવાથી નયન-મધુર બની રહે છે.

ચિત્રકારને લોકજીવનનો નમેરો અભ્યાસ હોવાથી ગ્રામજીવનના ચિત્રણમાં તેમની કલમ વિશેષ રૂપે સરળતા તરફ ઢળે છે. ઊનનાં પેરણાં, ઓઢણાં, અને ધડીધાબળીમાં સજજ એવા માલધારી ખેડવાયા અને કસબકારોના ચિત્રાંકનમાં ગાઢા રંગના પટ પૂરીને લોકજીવનની સાચી સાદાઈ રજૂ કરી છે.

સીધા સોટા જેવા અક્કડ નરનારી, કેરીની ફાડ જેવી આંખો, બબ્બે, ચારચારના ઢુંગલામાં બેઠતાં-ઊઠતાં પાત્રોના ચિત્રાંકનમાં ઢાંકેલ માથાના ઢળકતાં ઓઢણાં, બાલાબંધી ફુરુકતાં કેડિયાવાળા આ મનેખના આલેખનમાં તેઓ મન મૂકીને લહેરતા દેખાય છે.

લોકલઢણની ચિત્ર-સંરચનામાં તેઓ ચોક્કસ ગણતરીપૂર્વક પેટર્ન (Pattern)નું આયોજન કરે છે. દરિયામોજાંની લહેર જેવી ઊંચીનીચી કંઘેરાબદ્ધ પટ્ટીઓની રચનામાં વૃક્ષ, પશુ, પંખી કે મકાન મૂકીને ચિત્રનું સમગ્ર આયોજન સંમાર્જી લે છે.

લોકચિત્રમાં સુશોભિત, તેજસ્વી રંગ અને બળવત્તર રેખાના સમુચ્ચય સાથે કોઈ પાત્ર, કોઈ કથાતત્ત્વ અને પ્રસંગનું દર્શન સુશોભનરૂપે પ્રયોજાય છે. તેમાં વૈચારિક ભાર નથી, ઊર્મિનો હૈયાલગો ઉભાર નથી, તે માત્ર આંખને ગમે તેવું સુશોભનાત્મક ચિત્રમાત્ર હોવાથી તે રંગરેખા મઢ્યું-આલેખ્યું દર્શન છે, તેથી સામાન્ય જનો અને સહૃદય ભાવકને તે ભાવે છે. કલા તરીકે આથી તે જનસમાજના મોટા ભાગનું મન હરી લે છે.

શ્રી જોશીની હસ્તગત પરિપાટીમાં રંગલાવણ્ય અને રેખાવટીનું પ્રમાણ વિશેષ છે. પ્રશિષ્ટ કૃતિઓનાં વિષયાંકનમાં ભૂરો, ગુલાબી, લીલો, પીળો, કેસરી, જાંબલી, હિંગળોકિયો જેવા તેજસ્વી અને વિવિધ મિશ્ર વર્ણનો તેઓ ભરપટ્ટે ઉપયોગ કરે છે. વૃક્ષ, વેલી, નદી, તળાવ, મહેલ, મોલાતમાં ઝીણવટથી કાળી રેખાનાં કંડાર કરે છે, ત્યારે લોકપરિપાટીનાં ચિત્રોમાં સપાટ ફલકમાં ગેરુવો, પીળો, રામરજ, નીલો, સફેદ અને કાળા રંગનો વિશેષ ઉપયોગ કરે છે. જાડી, પાતળી રેખાઓ અને પાત્રબંધણની રેખાઓની બાજુમાં હલકા પોત તરીકે ટપકાં, ખસરા અને ઝીણી વનસ્પતિ કે ફૂલોની રચના મૂકીને ચિત્ર પૂરું કરે છે.

લોકપરિપાટીનાં ચિત્રસંયોજનમાં પશ્ચાદ્‌ભૂમિમાં ઘણીવાર રંગ ન પુરાયો હોવાથી પાત્રો ઊપસીને આગળ આવતાં હોય તેવું લાગે છે; તેથી પાત્ર અને પશ્ચાદ્‌ભૂમિનો પરિબંધ જળવાતો નથી હોતો.

આધુનિક કલાકાર સાંપ્રતકાલે નિજી ઓળખની શૈલીસંપ્રાપ્તિના શોધાટણમાં ભમતાં - અટવાતાં સયુક્ત રચના, રંગાવટી કે આકૃતિ-વિકૃતિની કારગત જુક્તિ માંડીને નવો ચીલો માંડે, તેમાં જરૂર નાવીન્ય લાગે, પણ આ કલારૂપ કેટલું સત્ત્વશીલ છે, તેનો જવાબ આવતીકાલ આપશે, તેને પડછે શ્રી જોશી પરંપરાને પ્રમાણી, તેમાં કંઈક આપપોતું ઉમેરીને ચિત્રાંકન કરી રહ્યા છે, તેમાં શોભનતત્ત્વ છે, વિશેષ રૂપે તે અલંકૃત છે અને પરંપરાની લઢણમાં નાવીન્યની ઝલક પણ છે.

સિદ્ધિ તેને જઈ વરે જે સતત રિયાજી હોય, સર્જનાત્મકતામાં મનમોજનો ઉભાર હોય, કલાકારી માનસ અંકે હોય તેથી જીવનમાં રંજ નહિ, આનંદ હોય તેવા આ ચિત્રકાર બલવંતરાયની કૃતિઓ દિલ્હી, કલકત્તા, ચંદીગઢ, ઉજ્જૈન, રાજકોટ, અમદાવાદ વગેરે અનેક શહેરોમાં પ્રદર્શિત થઈ છે. તેમની અનેક કલાકૃતિઓને પારિતોષિકો પણ એનાયત થયાં છે.

નવી દિલ્હીની 'ઓલ ઈન્ડિયા ફાઈન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી' સંસ્થાનાં ચાર ઇનામો, કાલિદાસ સમારોહ ઉજ્જૈનનાં ચાર પારિતોષિકો, રાજકોટ અને અમદાવાદનાં પારિતોષિકો ઉપરાંત 'તુલસીવિવાહ' ચિત્રને દિલ્હીની લલિતકલા અકાદમીનું પ્રમાણપત્ર પણ મળ્યું છે.

તેમની ચિત્રકૃતિઓ અમેરિકા, પશ્ચિમ-જર્મની, ઇંગ્લન્ડ અને ભારતના ચિત્રશોખીન સંગ્રાહકોના નિજી સંગ્રહોમાં સ્થાન પામી ચૂકી છે

(અનુસંધાન પાન ૨૧૯ ઉપર)

વૉલ્ટર સ્કૉટ

ડૉ. મધુસૂદન પારેખ

સ્કૉલેન્ડના સર્જકો :

ક્રોમ્વેલે સ્કૉટલૅન્ડને કચડી નાખ્યા પછી ઇંગ્લંડ અને સ્કૉટલૅન્ડ વચ્ચે વૈમનસ્ય વધતું જતું હતું. સ્કૉટલૅન્ડનું શોષણ કરવામાં ઇંગ્લંડે કશું બાકી રાખ્યું નહોતું; પણ ધીમેધીમે સંજોગો બદલાતાં આ વૈમનસ્ય ચાલુ રહે તેમાં બંને દેશની પ્રજાને નુકસાન હતું એવી સમજણ પ્રવર્તવા માંડી; અને જેમ્સ બીજાની પુત્રી રાણી એનના સમયમાં ઇંગ્લંડ અને સ્કૉટલૅન્ડ વચ્ચે ૧૭૦૭માં જોડાણ થયું. એમાં ધર્મ તથા ન્યાયાલય એ બે બાબતમાં સ્કૉટલૅન્ડે પોતાની સ્વાયત્તતા જાળવી રાખી.

આ જોડાણ પૂર્વે સ્કૉટલૅન્ડમાં લેખકોમાં ઘરની ભાષા સ્કૉટ્સ અને લેખનની ભાષા અંગ્રેજી એ મનોવૃત્તિ હતી; પણ જોડાણ પછી સાહિત્ય અંગ્રેજી ભાષામાં રચવાનું વલણ વિકસતું ગયું.

સ્કૉટલૅન્ડ અને ઇંગ્લંડના જોડાણથી કેટલાકને સ્વાતંત્ર્ય ગુમાવ્યાનો અફસોસ થયો. તેમણે સ્કૉટલૅન્ડનું ગૌરવ સ્થાપિત કરવા એના સમૃદ્ધ ભૂતકાળમાં દૃષ્ટિ નાખી. સ્કૉટલૅન્ડના ગ્રામપ્રદેશોનું જીવન, સ્કૉટલૅન્ડની ટેકરીઓનું સૌંદર્ય, સ્કૉટલૅન્ડની શૌર્યઝબકતી લોકકથાઓ, લોકગીતો એ બધું સાહિત્ય સ્કૉટલૅન્ડના કેટલાક સર્જકોએ ઉખેળવા માંડ્યું.

તેમ છતાં સ્કૉટલૅન્ડની બહાર, ઇંગ્લંડમાં અને બીજા દેશોમાં પ્રતિષ્ઠા પામવા માટે અંગ્રેજી ભાષામાં સાહિત્યરચના કરવી કેટલાકને જરૂરી લાગી; અને તેમણે અંગ્રેજી ભાષામાં કાવ્યો તેમ જ ગદ્યસાહિત્ય રચવાનો પુરુષાર્થ આરંભ્યો. એલન રામ્સે (Allan Ramsay-૧૬૮૬ થી ૧૭૫૮)નો સંગ્રહ 'ધ ટી-ટેબલ મિસલની' (The Tea-Table Miscellany) આ દિશામાં મહત્ત્વનું પ્રદાન છે. એની સાથે રૉબર્ટ ફર્ગ્યુસન (Robert Fergusson - ૧૭૫૦ થી ૧૭૭૪)નું નામ પણ સ્મરણીય છે. પણ સૌથી મહત્ત્વનું પ્રદાન કરનાર સર્જક તો રૉબર્ટ બર્ન્સ (Robert Burns-૧૭૫૯ થી ૧૭૯૬) જ ગણાય. અંગ્રેજી સાહિત્યના મહાન સર્જકોના



વાચનથી તે ભર્યો ભર્યો હતો. સ્કૉટ્સ તેમ જ અંગ્રેજી ભાષામાં તેણે કાવ્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું. એની કેટલીક હાસ્ય-કટાક્ષ-સભર કવિતામાં તેની વિશેષ શક્તિ પ્રકટી છે. બર્ન્સ પછી સ્કૉટ્સ ભાષામાં કશું ગણના-પાત્ર સાહિત્ય વીસમી સદી સુધીમાં રચાયું નથી.

વૉલ્ટર સ્કૉટ : ૧૯મી સદીના આરંભમાં અંગ્રેજી સાહિત્યને પોતાની ઐતિહાસિક નવલકથાઓ દ્વારા સમૃદ્ધ કરનાર વૉલ્ટર સ્કૉટ (૧૭૭૧-૧૮૩૨) ખાસ ધ્યાન ખેંચી રહે છે. સ્કૉટલૅન્ડના એક મહત્ત્વપૂર્ણ અને ગૌરવયુક્ત પ્રદેશ એડિનબર્ગ (Edinburgh)માં એનો જન્મ. એના પૂર્વજો સરહદ પરની લડાઈઓમાં લડવૈયા હતા. ત્રણ વર્ષની વયે તેને તેના દાદાને ત્યાં ટ્વીડની ખીણ (Tweed)માં વસેલા નાનકડા ગામમાં મોકલવામાં આવ્યો અને અહીં પ્રકૃતિની અને ગ્રામજીવનની સમૃદ્ધિ તે પામ્યો, જે તેના સર્જનકાર્યમાં અત્યંત ઉપકારક બની રહી. એના ગામની આસપાસ વાતાવરણ સર્વથા રોમેન્ટિક હતું. ઘાસ પર પડ્યો પડ્યો તે ગામના ભરવાડો પાસેથી યુદ્ધની રમ્યકથાઓ અને લોકગીતો સાંભળ્યા કરતો.

વળી પાછો તે એડિનબર્ગમાં આવ્યો, શિક્ષણમાં પરોવાયો. તેર વર્ષની વયે તો એ પર્સી (Percy)ના 'રેલિક્સ' (Reliques)થી મુગ્ધ થઈ ગયો; સ્પેન્સર (Spenser)ની 'ફેયરી ક્વીન' (Faerie Queen) અને તાસો (Tasso)ના રોમાન્સની અદ્‌ભુત અસરો તેણે ઝીલી. ક્યાંકથી એકાદ પણ લોકગીત સાંભળવા તે ટાંપી જ રહેતો અને પોતાના સાથીદારોને રસઝરતી લોકકથાઓ કહેતાં તે કદી થાકતો નહીં. વાર્તાકથનમાં તો કદાચ ચાર્લ્સ ડિકન્સ (Charles Dickens) જ એની બરોબરી કરી શકે. વકીલાત કરતી વેળાએ પણ પોતાના વ્યવસાય કરતાં રોમેન્ટિક વાર્તાઓમાં તેનો રસ વિશેષ રહેતો.

સ્કૉટલૅન્ડમાં એક ગામથી બીજે ગામ પ્રવાસો દરમ્યાન તેને પ્રત્યક્ષ ગ્રામજીવનનો ગાઢ સંપર્ક થયો, ગામના વિવિધ કક્ષાના માનવીઓનાં વર્તન-વ્યવહાર તેણે નિહાળ્યા, સ્કૉટલૅન્ડની ભૂમિથી, એના અનેરા વાતાવરણથી એનું ચિત્ત બરાબર રંગાયું.

આ ઉપરાંત જર્મનીના રંગરાગ-કૌતુકમય (Romantic) સાહિત્યનો પ્રભાવ પણ તેના ચિત્ત પર પડ્યો (૧૭૮૮) અને જર્મન બેલાડ્‌ઝના અનુવાદકનું કાર્ય પણ તેણે આરંભ્યું.

વૉલ્ટર સ્કૉટની કવિતા

વૉલ્ટર સ્કૉટે સર્જક તરીકેની કારકિર્દીનો આરંભ કવિ તરીકે ૧૮૦૨માં 'મિન્સ્ટ્રલ્સી ઑફ ધ સ્કૉટિશ બૉર્ડર' (Minstrelsy of the Scottish Border) સંગ્રહથી કર્યો. એનો પહેલો મૌલિક કાવ્યસંગ્રહ 'ધ લે ઑફ ધ લાસ્ટ મિન્સ્ટ્રલ' (The Lay of the Last Minstrel) ૧૮૦૫માં પ્રકટ થયો. એ પછી મેરમીયન (Marmion-૧૮૦૮) અને 'ધ લેડી ઑફ ધ લેઈક' (The Lady of the Lake-૧૮૧૦)માં પ્રકાશિત થયા. વૉલ્ટર સ્કૉટની રોમેન્ટિક વૃત્તિઓ આ બધા સંગ્રહોમાં પ્રકટી છે. પણ લૉર્ડ બાયરને (Byron) એની કૃતિ 'ચાઈલ્ડ હેરોલ્ડ' (Childe Harold) પ્રકાશિત કરી તે જોયા પછી વૉલ્ટર સ્કૉટનો કાવ્ય માટેનો ઉત્સાહ ઓસરી ગયો. બાયરનની કક્ષાએ તે કદી નહીં પહોંચી શકે એવી તેને પ્રતીતિ થઈ ગઈ અને કાવ્યક્ષેત્ર મૂકીને તેણે નવલકથાક્ષેત્રે પ્રસ્થાન કર્યું.

ઐતિહાસિક નવલકથાઓ

વૉલ્ટર સ્કૉટને જીવનનિર્વાહની મુશ્કેલી તો હતી જ. નવલકથા - લેખન દ્વારા કંઈક અર્થપ્રાપ્તિ શક્ય બને તે માટે તેણે પ્રયત્ન આરંભ્યો. એકાદ અધૂરી રહી ગયેલી હસ્તપ્રત તેના હાથમાં આવી ચડતાં તેની કલ્પના સતેજ થઈ

અને 'વેવર્લી' (Waverley) નવલકથાઓ રચાવા માંડી. એનામાં ઉત્તમ વાર્તાકથક તો વસેલો જ હતો. અત્યાર સુધી તેણે પદ્યમાં પોતાની એ શક્તિ અજમાવી; પણ નવલકથાલેખનમાં તો તેનો વાર્તાકાર જીવ બરાબર ખીલી ઊઠ્યો. વેવર્લી (૧૮૧૪) રચાયા પછી સ્કૉટલૅન્ડને ભૂમિકા રૂપે લઈને તેણે 'ગાય મૅનરિંગ' (Guy Mannnering) રૉબ રૉય (Rob Roy), 'ધી ઍન્ટીક્વેરી' (The Antiquary) અને 'ઓલ્ડ મૉરાલિટી' (Old Morality) પ્રકાશિત કરી. લગભગ દોઢ દાયકા સુધી તે નવલકથાક્ષેત્રમાં સત્તાધીશ બની રહ્યો - એ દરમિયાન પચીસ કરતાંય વધુ કૃતિઓ તેણે પ્રકાશિત કરી. વિવેચકોના મત પ્રમાણે ચાર્લ્સ ડિકન્સ સિવાય કોઈ નવલકથાકારે લોકમાનસ પર આવી અદ્ભુતરંગની કથાની ભૂરકી નાખી નથી. નવલકથા-લેખનમાં ફૅશનો બદલાઈ, પરંપરાઓ બદલાઈ છતાં વૉલ્ટર સ્કૉટની ઐતિહાસિક નવલકથાઓની તાજપ જળવાઈ રહી છે. ઐતિહાસિક નવલકથાઓમાં તેણે ઇતિહાસ સાથે જે છૂટછાટ લીધી તેનો ઇતિહાસકારોને ભલે રોષ હોય પણ વાચકોને તેણે રસભર કથાથી ન્યાલ કરી નાખ્યા. હજુ ઇતિહાસના સત્ય વિશેનો ખ્યાલ તેના ચિત્તમાં નથી. ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસની વિગતોની સચ્ચાઈ કેટલે અંશે અને કલ્પના કેટલી એ અંગેના સ્પષ્ટ વિચારો-વિવાદો હવે પછી આવવાના હતા. એટલે સ્કૉટનું ધ્યાન તો કલ્પિત કથાનક તરફ જ રહેતું. અલબત્ત, એની સંકલનામાં ઘણાં ગાબડાં રહેતાં; પાત્રોના સ્વગત ઉદ્‌ગારો (monologues) અને સમાજના-રાજ્યના ઉચ્ચ વર્ગમાંથી પસંદ કરાયેલાં પાત્રોના સંવાદો વગેરેમાં વાસ્તવિકતા ભાગ્યે જ જોવા મળે; તેમ છતાં વાસ્તવ વિશેનો આગ્રહ વાંચક જતો કરે તો એની નવલકથાઓમાં એનો કસબ સમર્થ રીતે ઝળકી ઊઠે છે. સ્કૉટ ભૂતકાળની એણે રચેલી સૃષ્ટિમાં વાચકને ખેંચી જાય છે અને ભૂતકાળનાં પાત્રો આપણામાંનાં હોવાની પ્રતીતિ કરાવે છે. પણ સ્કૉટની સાચી કળા કથાના નાયક-નાયિકાનાં પાત્રો આલેખવામાં નથી. એ પાત્રોનો માત્ર તે પોતે ઔપચારિક બાહ્ય પરિચય જ આપી દે છે. એ પાત્રોનાં ચિત્તનું પૃથક્કરણ કરવાનું તેનામાં સામર્થ્ય નથી; પણ એની કળા સામાન્ય સ્તરના સ્ત્રી-પુરુષોનાં વાણી-વ્યવહારના આલેખનમાં પ્રકટ થાય છે. સ્કૉટલૅન્ડમાં ગામડાંમાં તેણે જે નર-નારીઓનાં પ્રત્યક્ષ રૂપ અને રંગ નિહાળ્યાં તે અનુભવ એને અહીં ઉપકારક બને છે. સામાન્ય કક્ષાનાં પાત્રોની તો એ ચિત્રમાળા સર્જી દે છે. અહીં હાસ્યવિનોદ માટે પણ તેને અવકાશ મળે છે. સાંપ્રતનો સહારો લઈને જ તે અતીતને સજીવન કરી આપે છે. એટલે જ તે નજીકનો ભૂતકાળ પોતાની કૃતિ માટે પસંદ કરે છે. નવલકથા માટે રેફર્મેશન (ધર્મસુધારણા) યુગથી માંડીને અઢારમી સદીમાં જે આંતરસંઘર્ષો થયા તે યુગ સુધીનાં વર્ષો તેને ભૂમિકા માટે અનુકૂળ રહ્યાં છે.

વેવર્લી નવલકથાઓ પછી સ્કૉટ ઉત્સાહભેર સ્કૉટલૅન્ડને બદલે ઇંગ્લૅન્ડને અને બીજા યુરોપીયન દેશોને નવલકથામાં ભૂમિકારૂપે પસંદ કરે છે. આ બીજા તબક્કાની નવલકથાઓમાં 'આઈવેન્હો' (Ivanhoe-૧૮૧૯) 'ધ મૉનેસ્ટરી' (The Monastery- ૧૮૨૦), 'ધી ઍબટ' (The Abbot-૧૮૨૧, કૅનિલવર્થ' (Kenilworth-૧૮૨૧,) 'ધ ફૉર્ચ્યુનન્સ ઑફ નિગેલ' (The Fortunes of Nigel-૧૮૨૨), 'ક્વેન્ટિન ડર્વર્ડ' (Quentin Durward-૧૮૨૩), 'સેન્ટ રોમન્સ વેલ' (St. Ronan's Well-૧૮૨૪), આદિનો સમાવેશ થાય છે. અને છેક છેલ્લે વળી પાછો તે સ્કૉટલૅન્ડના યુગને ભૂમિકારૂપે લઈને ૧૮૨૪માં એની સમર્થ નવલકથા રેડગૉન્ટલેટ (Redgauntlet) પ્રકાશિત કરે છે.

ઇંગ્લંડ, ફ્રાન્સ અથવા તો જર્મનીની પશ્ચાદ્‌ભૂ પર રચાયેલી તેની નવલકથાઓમાં એનો ચિત્રાત્મક ઘટનાઓ આલેખવાનો, રોમૅન્ટિક વૃત્તિને છૂટો દોર આપવાનો એક અનોખો કસબ ઝળકી ઊઠે છે.

પણ સ્કૉટ જેમજેમ પોતાના સમયની નજીકના ભૂતકાળને આલેખે છે તેમ તેમ એક કુશળ સર્જક તરીકે તે પ્રતીત થતો જાય છે. 'આઈવેન્હો' અને 'ટૅલિસ્માન' જેવી નવલકથાઓમાં તેની નાટ્યાત્મક અને રંગબેરંગી ઘટનાઓ આલેખવાની શક્તિ વાચકને પ્રસન્ન કરી મૂકે છે. 'ક્વેન્ટિન ડર્વર્ડ', 'કૅનિલવર્થ' અને 'ફૉર્ચ્યુન્સ ઑફ નિગેલ'માં અનુક્રમે તેણે ૧૫મી, ૧૬મી અને ૧૭મી સદી ભૂમિકા રૂપે પસંદ કરી.

એની 'આઈવેન્હો', 'ક્વેન્ટિન ડર્વર્ડ' વગેરે નવલકથાઓ ગુજરાતી ભાષામાં પણ અનૂદિત થઈ ચૂકી છે. પણ વૉલ્ટર સ્કૉટની ઐતિહાસિક નવલકથાકાર તરીકેની સફળતા તેની સ્કૉટલૅન્ડની ભૂમિકા પર રચાયેલી નવલકથાઓમાં છે; જેનું એક મુખ્ય કારણ સ્કૉટલૅન્ડની ઊંચી ટેકરીઓ, ત્યાંની હરિયાળી ધરતી, સુંદર પ્રકૃતિથી તેનું ચિત્ત સુપેરે રસાયેલું છે. સ્કૉટની ઐતિહાસિક નવલકથાઓ રોમૅન્ટિક વલણની આગેકૂચ દર્શાવે છે. વર્તમાન સમયમાંથી એક નવીન ભૂતકાળના પ્રદેશમાં વાચકોને યાત્રા કરાવવી, જીવનને નાટ્યાત્મક રીતે આલેખવું, કૌતુકમય વાતાવરણ રચવું, એમાં રહસ્યમયતા-અલૌકિકતાના અંશો નિરૂપવા. આ સર્વ રોમૅન્ટિક સર્જકનાં લક્ષણો વૉલ્ટર સ્કૉટમાં દેખાય છે અને છતાં આશ્ચર્યની વાત એ છે કે એની રોમૅન્ટિક વૃત્તિ વાસ્તવની નજીક આવી શકે છે.

અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં એક જ યુગમાં બે એકબીજાની સાવ અલગ પ્રતિભા ધરાવનાર અને સાવ અનોખી કક્ષા દાખવનાર બે સમર્થ નવલકથાકાર સાંપડે છે - જેઇન ઑસ્ટિન અને વૉલ્ટર સ્કૉટ. □

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૨૧૪ પરથી

ચિત્રકારને બાહ્યદર્શી જગતનાં દૃશ્યરૂપને પામવાની સંસિદ્ધિ સ્કેચિંગ છે. જોયું ભુલાઈ જાય, પણ તેનું ત્વરિતાલેખન કરતા તે હંમેશ માટે ચિત્રકારની કલાપોથીમાં નોંધાઈ રહે છે. શ્રી જોશી આવા ત્વરિતાલેખનમાં સિદ્ધહસ્ત છે. પ્રમાણસરની આકૃતિ ઉપર તેમનો વિશેષ કાબૂ હોવથી શાળાના પાઠ્યપુસ્તકોમાં વર્ણિત પાઠ્ય ચિત્રોના તેઓ અચ્છા આલેખક છે. નેશનલ બુક ટ્રસ્ટ નવી દિલ્હી દ્વારા પ્રૌઢશિક્ષણ માટે પ્રકટ કરાયેલી કૃતિમાં આદિવાસી જીવનના પાઠચિત્રણ માટે તેમને રાષ્ટ્રિય કક્ષાનું રૂ. ૩૦૦૦નું પ્રથમ પારિતોષિક એનાયત થયું હતું.

નવી દિલ્હીના ગાંધી પેવેલિયનમાં 'ગાંધી-દર્શન'નાં ચિત્રોથી, આકાશવાણી રાજકોટ માટે ભીંતચિત્રોથી અને શાળાની દીવાલોને પણ તેમણે પોતાની કલમથી શણગારી છે. તેના ફલસ્વરૂપે ૧૯૭૩માં 'શ્રેષ્ઠ કલાશિક્ષક' તરીકેનું માન પામનાર શ્રી બલવંતરાય જોશી સ્વભાવે શાંત, નિરાંડબરી તેમજ પ્રેમાળ છે. □

'બનફૂલ' ની લઘુકથા

છત્રી

અનુ. કલ્પના વોરા

મુશળધાર વરસાદ વરસતો હતો. મારી શાળાના શિક્ષક ભટ્ટસાહેબ માથે છત્રી ઓઢીને મારા આંગણામાં દાખલ થયા. એમના સફેદ શર્ટની ચારે બાજુ કાળા ડાઘ હતા.

મેં પૂછ્યું - 'આ છત્રી નવી ખરીદી છે ?'

'હા, થોડા દિવસ પહેલાં જ લીધી.'

'આ શર્ટ પર છત્રીનો જ રંગ બેસી ગયો લાગે છે.'

'હું પણ એ જ જોઉં છું -'

'ક્યાંથી ખરીદી ?'

'હરિભાઈની દુકાનેથી.'

'તેઓ હમણાં છત્રીનો વેપાર કરે છે, પહેલા તો દવાની ગોળીઓ વેચતા હતા.'

'હરિભાઈ ફક્ત છત્રી વેચતા જ નથી, છત્રીઓ બનાવે પણ છે. એમણે એક ફેક્ટરી પણ ખોલી છે.'

'બજારમાં છત્રીની આટલી બધી દુકાનો છે ને તમે હરિભાઈને ત્યાં છત્રી ખરીદવા ગયા ?'

'એનું કારણ છે. હું આ ઊભી છત્રીને બંધ કરીને મૂકી આવું, નહીં તો તારો વરંડો કાળો થઈ જશે.'

ભટ્ટસાહેબ છત્રી બંધ કરવા માંડ્યા.

'ઓ બાપ રે ! આ તો બંધ નથી થતી. ના, આ વખતે પણ હું . એને પાસ નહીં કરી શકું. આ વખતે પણ નાપાસ.'

'સર, તમે છત્રી પેલી બાજુ મૂકી દો ને.'

'ત્યાં જ મૂકવી પડશે.'

ભટ્ટ સાહેબે ખુલ્લી છત્રીને એક તરફ નમતી મૂકી. પછી હસતાહસતા મારી તરફ જોઈ બોલ્યા, 'મને પણ દુર્બુદ્ધિ સૂઝી. આમેય મને સારાનરસાની જલદી ખબર પડતી નથી.'

'પણ થયું શું ?'

'એ હું તને કહું. સોફા પર બેસીસ તો ડાઘ પડશે. હું આ લાકડાની ખુરશી પર બેસું છું.'

તેઓ સંકોચથી લાકડાની ખુરશી પર બેઠા.

'થયું શું, કહો જોઉં -'

'આ વખતે મેં પરીક્ષામાં 'વરસાદ' વિશે પૂછ્યું હતું. બધા છોકરાઓએ જુદું જુદું લખ્યું હતું. કોઈએ વર્ષાનું કાવ્ય લખ્યું હતું, કોઈએ 'મેઘદૂત' અને રવીન્દ્રનાથમાંથી થોડો અંશ લઈને રચના કરી હતી, કોઈએ વરસાદમાં ગામડાની શોભાનું વર્ણન કર્યું હતું, કોઈએ ગામડાની દુર્દશાનું વર્ણન કર્યું હતું. તો કોઈએ કલકત્તા જેવા શહેરમાં વરસાદની પૈસાદારને અને ગરીબને થતી અસર વિશે લખ્યું હતું. આ બધામાં એક રચના વાંચીને હું મૂંઝવાઈ ગયો. એ વિદ્યાર્થીએ ફક્ત એક નાની કવિતા લખી હતી. એણે લખ્યું હતું -'

'વર્ષાકાળે જેના માથા પર ન હોય છત્રી
એના માથે મારો બેત્રણ લાઠી.'

મેં એ વિદ્યાર્થીને બોલાવીને પૂછ્યું 'આ શું લખ્યું છે ?' એ બોલ્યો, 'સર, વરસાદ વિશે સાચી વાત તો લખી છે. ચોમાસાની ઋતુમાં વરસાદ આવે, કાદવ જમા થાય, આકાશમાં ગાજવીજ થાય, દેડકાં ડ્રાઉંડ્રાઉં કરે એ વાત તો બધા જાણે છે. મેં છત્રીની જાહેરખબર કરી છે.' એ મોઢું નીચું કરીને વ્યંગમાં હસી રહ્યો.

એ બોલ્યો, 'મારા પિતા છત્રીનો વેપાર કરે છે. તમે મિત્ર છત્ર કંપની જોઈ નથી ? સર, અમારી છત્રી ખૂબ ટકાઉ હોય છે.'

મેં કહ્યું, 'એ ભલે હોય, પણ હું તને આ કવિતાના પાસિંગ માર્ક પણ આપી ન શકું.'

એ બોલ્યો - 'સર, પાસિંગ માર્ક આપો ને. હું તમને સારી છત્રી લાવી આપીશ.'

મેં કહ્યું, 'ના, મને છત્રી નથી જોઈતી. તારા પિતાનું નામ શું કહ્યું?

એ અભિમાનથી બોલ્યો - 'લાડકું નામ હરિભાઈ. સાચું નામ ગંધરાજ મિત્ર.'

હું વિદ્યાર્થીને પાસિંગ માર્ક આપી ન શક્યો.

આજે હું બહાર નીકળ્યો ત્યાં અચાનક વરસાદ આવ્યો. મને મિત્ર છત્ર કંપની યાદ આવી. વરસાદ પડતો હતો ત્યારે હું એક દુકાનને ઓટલે ઊભો હતો. મેં દુકાનદારને પૂછ્યું, 'આ શેની દુકાન છે?' એ છત્રીની દુકાન હતી. મેં ત્યાંથી છત્રી ખરીદી. મેં વિચાર્યું 'બંગાળીઓ ધંધો કરે છે તો ખરીદી લઉં. પણ ના, આ વખતે પણ હું એ વિદ્યાર્થીને પાસિંગ માર્ક આપી ન શક્યો. આ શર્ટ પરથી ડાઘ જશે ખરા ?'

મેં કહ્યું - 'કાચો રંગ હશે તો એકવાર ધોવાથી નીકળી જસે. છત્રી બંધ થાય છે ખરી ? સ્પ્રિંગ ખરાબ લાગે છે. હું હરિભાઈને ઓળખું છું. તમે કહો તો છત્રી પાછી આપી આવું -'

'ના, હવે પાછી નથી આપવી. ગમે તેમ તો યે બંગાળીની દુકાન છે ને. ધીમે ધીમે કાચો રંગ પાકો થઈ જશે. ખરાબ સ્પ્રિંગ સારી થઈ જશે. ના, છત્રી પાછી નથી આપવી.' □

ઇતિહાસધારા

અશોક હર્ષ

મુગલ શહેનશાહ જલાલુદ્દીન અકબર માનતો કે, 'આ ભૌતિક જગત કે જે ખગોળનું એક દર્પણ છે ત્યાં વિકસાવવા જેવી માનવપ્રેમથી અધિક યોગ્ય કોઈ ચીજ નથી' અને એટલે જ 'પ્રેમની દિવ્ય શક્તિ ઝગમગાવનારા' ખ્રિસ્તી વિદ્વાનોને તેણે ગોવાથી તેમ જ યુરોપમાંથી તેમના ધર્મગ્રન્થો સાથે પોતાના દરબારમાં નિમંત્રેલા. આ નિમંત્રિત પાદરીઓએ તેના દરબારમાં રહીને તેને ધર્મ ઉપરાંત સમાજ, સંસ્કૃતિ અને શાસન વિષે પણ ઘણું જ્ઞાન આપ્યું. એમને પોતાના શાહજાદાઓના શિક્ષકો તરીકે તેણે મૂક્યા, એટલું જ નહીં, ઈ. ૧૬૦૧માં ફતેહપુર સીકરીના બુલંદ દરવાજા પર ઈસુ ખ્રિસ્તની આ વાણી કોતરવા ફરમાન આપ્યું કે : 'દુનિયા એક પુલ છે, એ પરથી પસાર થઈ જવું જોઈએ, રોકાવું ન જોઈએ.'

ખ્રિસ્તી ધર્મ પ્રત્યેના અકબરના પ્રેમથી આકર્ષાઈને રોમના પોપે મેડોનાની એક છબિ તેના પર મોકલી આવેલી, જે દરબારમાં આવી પહોંચતાં અકબરે પોતાના સિંહાસનેથી નીચા ઊતરી, પોતાનો તાજ ઉતારી, તેને નમન કર્યું. ખ્રિસ્તી પાદરીઓને તેણે તેમનું દેવળ ઊભું કરવાની છૂટ આપેલી એટલું જ નહીં પરંતુ ઈસુની માતા મરિયમના નામ પરથી પોતાની માતા હમીદાબેગમનું નામ મરિયમ મકાની જ્યારે પોતાની બેગમ અને શાહજાદા સલીમની માને મરિયમ-ઉઝ્- ઝમાની નામ આપ્યું.

ઈ. ૧૬૦૬માં શાહજાદો સલીમ જ્યારે જહાંગીર નામ ધારણ કરી ગાદીએ બેઠો ત્યારે નાનપણના સંસ્કારોને લઈને તેણે ખ્રિસ્તી પાદરીઓને તેમના દેવળમાં પોતાની તસવીર મૂકવા જણાવ્યું જેથી પ્રાર્થના સમયે તેને પણ યાદ કરવામાં આવે. એની અને એના ભાઈ દાનિયાલની તો દિનચર્યા જ ઈસુ અને મેરીની પ્રાર્થનાથી શરૂ થતી.

આગળ જતાં ઈ. ૧૬૧૦માં જહાંગીરે ભરદરબારમાં જાહેરાત કરી કે તેના ત્રણે ભત્રીજાઓ (દાનિયાલના પુત્રો)નાં નામ ઇસાઈ રાખવામાં આવે. એ પ્રસંગ નિમિત્તે જે શાહી સરઘસ કાઢવામાં આવેલું એવું સરઘસ તો ખ્રિસ્તી એવા અંગ્રેજો સુધ્ધાં આ દેશ પરની તેમની હકૂમત દરમિયાન કાઢી શકેલા નહીં. ત્રણે શાહજાદાઓને જરિયાન પોશાકો અને ગળામાં લટકતા સોનાના ક્રોસો સાથે હાથીઓ પર બેસાડીને દેવળમાં લઈ જવામાં આવેલા. સરઘસમાં સૌથી મોખરે હોકિન્સ નામનો એક અંગ્રેજ સેન્ટ જ્યોર્જનો ઝંડો પકડીને ચાલતો હતો. ત્રણે શાહજાદાઓનાં નામ અનુક્રમે ફિલિપ્સ, ચાર્લ્સ તથા હેનરી રાખવામાં આવ્યાં. આ પ્રસંગે પોપે રોમથી પોતાના શુભાશિષ પાઠવેલા, સ્પેનના રાજવીએ ત્યારના સર્વ પાદરીઓને ભેટસોગાદો મોકલેલી.

ઈ. ૧૬૨૭માં કાશ્મીર મુકામે ભારે બીમારીનો ભોગ બનેલા જહાંગીરે ફાધર કોર્સીને પોતાની અંતિમક્રિયાની સૂચના અર્થે બોલાવેલો, પરંતુ નૂરજહાં અને મુગલ સરદારોએ બંનેની મુલાકાત જ થવા ન દીધી.

અકબર અને જહાંગીર બંનેને ખ્રિસ્તી ધર્મ પ્રત્યે જેટલો ભારે પ્રેમ હતો એટલો ભારે તેમનો એ ધર્મનો અભ્યાસ નહોતો. એ અભ્યાસ કરેલો જહાંગીરના ઉત્તરાધિકારી મુગલ સમ્રાટ શાહજહાંના જ્યેષ્ઠ પુત્ર દારા શિકોહે. એ કાળે મુગલ દરબારમાં આવેલો બર્નિયર દારાનો માત્ર ચિકિત્સક જ ન રહેતાં તેનો ઘનિષ્ઠ મિત્ર બની ગયેલો. દારાએ અંગ્રેજ, ફ્રેન્ચ, ઇટાલિયન તેમ જ હંગેરિયન પાદરીઓને પિતાના દરબારમાં માનભર્યું સ્થાન અપાવી તેમને ખ્રિસ્તી ધર્મના ઉત્તમોત્તમ પુસ્તકોનાં ફારસીમાં ભાષાંતર કરી આપવા કહેલું. તેના પર ઈસુ મસીહનો પ્રભાવ એટલી હદે હતો કે, તેના ભાઈ ઔરંગઝેબે તેનો અંત આણવા પહેલાં તેને દિલ્હીની સડકો પર ફેરવેલો ત્યારે દારા લગાતાર આ શબ્દો ઉચ્ચારી રહ્યો હતો કે, 'મારો ભાઈ મને મોતની ભેટ આપી રહ્યો છે, જ્યારે ખુદાનો બેટો (ઈસુ ખ્રિસ્ત) મને જીવન બક્ષી રહ્યો છે.' તેણે દિલ્હીમાં એક ખ્રિસ્તી દેવળ ઊભું કરેલું જેનો અમહદશાહ અબ્દાલીના સૈન્યે પાછળથી નાશ કરેલો. પરંતુ આગ્રામાં અકબરે જે ખ્રિસ્તી દેવળ ઊભું કરેલું એ આજે પણ 'અકબર બાદશાહ કા ગિરજાઘર' નામે જાણીતું ખડું છે.

¤

ગોબીના રણથી પોતાનો વિજયવાવટો ફરકાવતો ચંગીઝખાન અથવા જંઘીસખાન એશિયા અને યુરોપ બંને વીંધીને ફ્રાન્સ સુધ્ધાંને થથરાવવા માંડેલો, પરંતુ તેનાં મોંગોલ ધાડાંના આક્રમણથી આ દેશ ભાગ્યવત્ જ બચી જવા પામેલો. ખ્વારેઝમનો સુલતાન આ મોંગોલ ધાડાંઓ સામે પીછેહઠ કરતો કરતો ઠેઠ સિંધુ નદીના કાંઠા સુધી આવી પહોંચ્યો પણ ચંગીઝે તેનો પીછો પકડવો ચાલુ રાખ્યો. આથી તેણે ફદ ફુટ ઊંચેથી સીધો નદીના પાણીમાં ઝંપલાવી પોતાનો જીવ બચાવ્યો. ચંગીઝ તો તેનું આ સાહસ જોઈ દાંતમાં આંગળી ઘાલતો બોલી ઊઠ્યો, 'આવા બેટાનો બાપ ખરેખર નસીબદાર ગણાય. તેણે સુલતાન જલાલુદ્દીનનો પીછો પકડવા પોતાના સરદાર બેલા યોનો ન મોંગોલ સૈનિકો સાથે મોકલી આપ્યો. બેલાનોયોન તેથમ મુલતાન અને પછી લાહોરને ધ્વસ્ત કર્યા બાદ આગળ ન જતાં પાછો ફર્યો અને ચંગીઝને જણાવ્યું, 'આ મુલ્કની ગરમી મારી નાખે તેવી છે અને પાણી પણ સ્વચ્છ નથી.' આમ, જલાલુદ્દીન જીવતો બચી ગયો. જો કે ખ્વારેઝમનું તેનું રાજ્ય તે પાછું ન મેળવી શક્યો, પણ એના લીધે આ દેશ તીડ જેમ તૂટી પડતાં મોંગોલ ધાડાંઓના આક્રમણથી બચી જવા પામ્યો.' □

સાહિત્યસંપર્ક

શમશેર બહાદુરસિંહ, સ્વ.

ડૉ. રજનીકાન્ત જોશી

હિન્દીના ખ્યાતનામ કવિ શ્રી શમશેર બહાદુરસિંહનું તારીખ ૧૨-૫-'૯૩ના દિને વહેલી સવારે ૪-૩૦ કલાકે અમદાવાદમાં દેહાવસાન થયું. તેઓ આઠેક વર્ષથી ગુજરાતમાં સુરેન્દ્રનગર, વલ્લભવિદ્યાનગર અને છેલ્લા ચારેક માસથી અમદાવાદમાં રહેતા હતા. ૧૩મી જાન્યુઆરી ૧૯૧૧માં દહેરાદૂનના એક જાટ પરિવારમાં જન્મેલા શમશેરસિંહને શૈશવથી જ કાળની થપ્પડો ઝીલવી પડેલી. નવ વર્ષની નાની વયે તેમની માતા પ્રભુદેઈનું અને ૧૯૩૯માં પિતા ચૌધરી તારીફસિંહનું અવસાન થયેલું. ઇ. ૧૯૨૯માં ધર્મદેવી સાથે તેમનું લગ્ન થયેલું અને ૧૯૩૫માં તો પત્નીએ પણ દૈહિક વિદાય લીધી.

હિન્દી કવિ અજ્ઞેયજી સંપાદિત 'દૂસરા સપ્તક' (૧૯૫૧)માં શમશેરજીની ૨૧ રચનાઓ સંકલિત થયેલી, જેમાં તેઓ સામાજિક પરિપ્રેક્ષ્ય તથા યુગની સચ્ચાઈ પ્રસ્તુત કરે છે. આ સંકલિત રચનાઓમાંની એક રચના 'બાત બોલેગી' યુગના વાસ્તવને આ પ્રમાણે વ્યક્ત કરે છે.

'બાત બોલેગી, હમ નહીં,
ભેદ ખોલેગી બાત હી
સત્ય કા મુખ
ઝૂઠ કી આંખેં
ક્યા દેખેં !"

આ કાવ્ય ૧૯૪૫માં રચાયેલું - હજુ દેશ સ્વતંત્ર તો થયો નથી. કવિ કહે છે :



"દૈત્ય માનવ. ક્રૂર સ્થિતિ.
કંગાલ બુદ્ધિ : મજૂર ઘર-ભર.
એક જનતા કા અમર વર :
એકતા કા સ્વર.
અન્યથા સ્વાતંત્ર્ય - ઈતિ."

કવિ, કવિતા અને કાવ્ય-પ્રવાહની દૃષ્ટિએ અજ્ઞેય-સંપાદિત સપ્તક કાવ્યોની પસંદગી પરત્વે કોઈ આંગળી કરી શકે એમ નહોતું. છતાં શમશેર અને નરેશ મેહતાને 'તારસપ્તક'માં સ્થાન મળ્યું હોત તો!

શમશેર બહાદુરનો પહેલો કાવ્યસંગ્રહ 'કુછ કવિતાએઁ' (૧૯૫૯), બીજો સંગ્રહ 'કુછ ઔર કવિતાએઁ' (૧૯૬૧) અને છેક ચૌદ વર્ષના ગાળા પછી ઈ.સ. ૧૯૭૫માં ત્રીજો કાવ્ય સંગ્રહ 'ચુકા ભી હૂં નહીં મૈં' (સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પુરસ્કૃત) પ્રકાશિત થાય છે. એક સમર્થ કવિ તરીકે તેઓ 'દૂસરા સપ્તક'થી જ સહુનું ધ્યાન ખેંચી ગયેલા.

કવિ અને કવિતા વિષે તેઓ લખે છે : 'કવિનું કવિ પોતાની ભાવનાઓમાં પોતાના આંતરિક સંસ્કારોમાં સમાજ-સત્યના મર્મને પારખવામાં, એમાં પોતાને શોધવામાં અને એમાં રહી પૂર્ણતઃ સચ્ચાઈની સાથે જ્યાં સુધી વ્યક્ત કરી શકે ત્યાં સુધી પોતાને વ્યક્ત કરવાનું હોઈ શકે.' અન્યત્ર લખે છે, 'કલા એ કોઈ કેલેંડરની વસ્તુ નથી. એ તો કલાકારની અંગત વસ્તુ છે. એ કલા કલાકાર-કવિ સાથે જેટલું નૈકટ્ય ધરાવે છે એટલી જ કાલાંતરમાં તે અન્યની પણ થઈ શકે - જો તે સચ્ચાઈથી સભર હોય તો.'

શમશેરે જીવનનો મોટો ભાગ કવિતા માટે જ ફાળવ્યો. તેમણે કાવ્યસંગ્રહોના ઢગલાઓ નથી આપ્યા, પણ આંગળીને વેઢે ગણી શકાય એવા ઉત્તમ સંગ્રહો તો હિન્દી કવિતાને આપ્યા જ છે. કાવ્યનાં પરિવર્તનો અને પરંપરાઓમાંથી તેઓ પસાર થયા, પણ એમણે એ બદલાતી હવાને શમશેરીય પ્રકારે સ્પર્શ્યા. તેઓ માર્કસવાદી જ રહ્યા પણ તે કેવળ લેબલધારી બનીને નહીં. કવિને સૂક્ષ્મ સંવેદનાનું કેટલું બારીક જ્ઞાન છે :

એક આદમી દો પહાડોં કો
કુહનિયોં સે ઠેલતા
પૂરબ સે પશ્ચિમ કો
એક કદમ સે નાપતા બઢ રહા હૈ,
વહ બઢ રહા હૈ.
અપની શામ કો સુબહસે મિલાતા હુઆ.'

અને Objective co-relative સાથે અનુભૂતિની તીવ્રતા કવિ આ પ્રકારે અભિવ્યક્ત કરે છે:

એક પીલી શામ
પતઝર કા જરા અટકા હુઆ પત્તા
શાન્ત
મેરી ભાવનાઓં મેં તુમ્હારા મુખકમલ
કૃશ મ્લાન હારા-સા
(કિ મૈં હૂં વહ
મૌન દર્પણ મેં તુમ્હારે કહીં ?)
અબ ગિરા અબ ગિરા વહ
અટકા હુઆ આંસૂ
સાન્ધ્ય તારક-સા
અતલમેં.

શમશેરે ગઝલ, મુક્તક, ગીત, પત્ર-કાવ્ય, ચિત્રકલ્પી કાવ્યો, શેર, લોકગીત શૈલીની રચનાઓ કરી છે. કવિ સ્વયં એક સારા ચિત્રકાર પણ હોવાને નાતે Pictographic Scriptની કૃતિઓ પણ જોવા મળે છે - જેમ કે,

'વ' શમ હૈ
કિ આસમાન હૈ પકે હુએ અનાજ કી,
લપક ઉઠી લહુ-ભરી દરાતિયાં,
કિ આગ હૈ.'

કવિનાં અન્ય કાવ્ય પ્રકાશનોમાં 'ઇતને પાસ અપને' અને 'ઉદિતા-અભિવ્યક્તિ કા સંઘર્ષ' (૧૯૮૦), 'બાત બોલેગી' (૧૯૮૧) તથા 'કાલ તુઝસે હોડ હૈ મેરી' (૧૯૮૮), અશોક બાજપેયી દ્વારા કવિની સંકલિત રચનાઓનો સંગ્રહ 'ટૂટી હુઈ બિખરી હુઈ' (૧૯૯૦) તથા ડૉ. રંજના અરગડે દ્વારા સંપાદિત નિબંધસંગ્રહો 'કુછ ગદ્યરચનાએઁ' (૧૯૮૯) અને 'કુછ ઔર ગદ્યરચનાએઁ' (૧૯૯૨) ઉલ્લેખનીય છે.

કવિ શમશેર ગદ્યકાર તરીકે પ્રયોગશીલ રહ્યા છે. લલિત નિબંધો દ્વારા કુશળ લેખક તરીકે તે આપણી સમક્ષ આવે છે, જે તેમની કવિતાની જેમ જ તેમનાં વ્યક્તિત્વને આલોકિત કરે છે.

ભારતીય ભાષાઓના તજજ્ઞ કવિ શમશેરે પ્રારંભનું શિક્ષણ દેહરાદૂન (૧૯૨૮ સુધી)માં લીધું. તે પછી ઇંટર (૧૯૩૧) ઉ.પ્ર.ના ગોંડામાં કર્યું, અલ્હાબાદથી બી.એ. (૧૯૩૧) અને એમ.એ. પ્રીવિયસ સુધી કર્યું. ઉકીલ-બંધુઓ પાસે એમણે ચિત્રકળાનું (૧૯૩૫-'૩૬) શિક્ષણ પણ મેળવ્યું. તેમજ કવિએ 'રુપાભ' (૧૯૩૯)માં સહાયક તરીકે, 'કહાની'માં કવિ ત્રિલોચનની સાથે (૧૯૪૦), 'નયા સાહિત્ય' (૧૯૪૬) મુંબઈમાં, 'નયા પથ' અને 'મનોહર કહાનિયાં'ના સંપાદન (૧૯૪૮-'૫૬)માં સહયોગી તરીકે, ૧૯૬૫-'૬૭ના ગાળામાં દિલ્હી યુનિ.માં યુ.જી.સી. પ્રોજેક્ટમાં 'ઉર્દૂ-હિન્દી કોશ'ના સંપાદક અને છેલ્લે ૧૯૮૧ થી '૮૫ના ગાળામાં વિક્રમ વિશ્વવિદ્યાલયમાં પ્રેમચંદ-સૃજનપીઠના અધ્યક્ષ તરીકેની કામગીરીઓ બજાવેલી. 'વામ-વામ-વામ'ના આ કવિએ ૧૯૭૮માં સોવિયેત સંઘના નિમંત્રણથી ત્યાંની મુલાકાત પણ લીધેલી.

અત્યંત સરળ છતાં નિરાળું વ્યક્તિત્વ ધરાવતા આ કવિની રચનાઓ વિગત પાંચેક દસકાથી ખૂબ જ આદરસન્માન પામી છે. ૧૯૯૦માં મધ્યપ્રદેશની સરકારે ભારતીય કવિતાનો રાષ્ટ્રિય પ્રથમ પુરસ્કાર 'કબીર પુરસ્કાર' કવિ શમશેર બહાદુરને આપીને સન્માન્યા, તેમજ અન્ય સન્માનો પણ પામ્યાં.

આ હિન્દી કવિએ પોતાની રચનાઓમાં જીવનની સચ્ચાઈ તો રજૂ કરી જ, સાથેસાથે વસ્તુને સ્થાને રૂપવિધાન પરત્વેનો તેમનો દૃષ્ટિકોણ પણ તેમની કવિતામાં ઊપસી આવે છે. આનું મુખ્ય કારણ તેમના પર એઝરા પાઉંડનો પ્રભાવ. તેઓ સ્વીકાર પણ કરે છે કે 'ટેકનિકની દૃષ્ટિએ એઝરા પાઉંડ જ મારો આદર્શ બની ગયા.' અંગ્રેજી અને ઉર્દૂ સાહિત્યના તેઓ ઊંડા અભ્યાસી હતા. આવા મર્મજ્ઞ કવિને તેમની જ કાવ્યપંક્તિઓથી અંજલિ અર્પીએ :

'ન જાને કહાં કિસ લોક મેં આજ, જાને કિસ સદાવ્રત કા હિસાબ બૈઠે તુમ લિખ રહે હોગે

કહીં ભી ...
લૌટ આ, ઓ...'

¤

જાણીએ જોડણી

નિયમ ૩૪ : શબ્દાન્તે 'અક' હોય તેવા પુંલિંગ શબ્દોનાં સ્ત્રીલિંગ રૂપો બનાવતાં તથા અન્ય, ત્રણ કે તેથી વધારે અક્ષરના બનેલા, ઇકા, પ્રત્યયાન્ત સંસ્કૃત શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર ઇ હ્રસ્વ હોય છે.

દાખલા : અંબિકા, કાલિકા, ગણિકા, ગાયિકા, ચંદ્રિકા, તારિકા, દીપિકા, નાયિકા, પાલિકા, લેખિકા, સેવિકા; અધ્યાપિકા, આજીવિકા, તરલિકા, વિષૂ(-સૂ)ચિકા; પરિચારિકા, માર્ગદર્શિકા; અનુક્રમણિકા; પ્રેમિકા, મલ્લિકા, જ્યોતિકા; અવંતિકા, કટાક્ષિકા, કુમારિકા, જયંતિકા, નિહારિકા, પ્રણા(-ના)લિકા, બિભીષિકા, વાસરિકા વગેરે.

વિકલ્પ : ઘટિકા-ઘટીકા, મક્ષિકા-મક્ષીકા.

નોંધ : (ક) 'મક્ષીકા' વિકલ્પ વિશે શ્રી રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી લખે છે, 'સંસ્કૃતે સ્વીકારેલો આ વિકલ્પ અતિ વિરલ છે. ગુજરાતીમાં એ આણીને ભ્રમને અવકાશ આપવો યોગ્ય નથી.'

(ખ) સ્નાતિકા, સંપાદિકા શબ્દો પ્રચલિત છે પણ સંસ્કૃતમાં એ નથી; જો કે તે સંસ્કૃત જેવા જ છે. આ શબ્દો અને લેખિકા, સેવિકા, અધ્યાપિકા જેવા શબ્દોને બદલે મૂળ 'અક' અંતે હોય તેવા શબ્દો પણ સ્ત્રીલિંગમાં વાપરવાની પ્રથા વધતી જાય છે. અર્થાત્ સ્નાતક, સંપાદક, લેખક, સેવક, અધ્યાપક શબ્દો મહિલાઓ માટે પણ વાપરી શકાય. લેખનકાર્ય કરતી મહિલા માટે સ્ત્રીલેખક, સ્ત્રીલેખિકા, કે લેખિકા જેવા શબ્દપ્રયોગ જરૂરી નથી. લેખિકા લેખકની પત્ની, સંપાદિકા સંપાદકની પત્ની, એવો અર્થ પણ સૂચિત થાય. એટલે લખનારમાત્ર માટે લેખક, સંપાદન કરનારમાત્ર માટે સંપાદક, અધ્યાપન કરનારમાત્ર માટે અધ્યાપક - આમ અર્થઘટન, લેખન અનુચિત નથી, બલકે આવકાર્ય છે. આવા શબ્દો ઉભયલિંગી ગણાય.

નિયમ ૩૫ : ઇત પ્રત્ય ધારણ કરી વિશેષણ બનેલા સંસ્કૃત શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર ઇ હ્રસ્વ હોય છે.

દાખલા : અર્જિત, અંકિત, ઉચિત, ઉદિત, કથિત, કુત્સિત, ખચિત (જડેલું), ખંડિત, ઘટિત, જવલિત, નિહિત, પતિત, પીડિત, પુનિત, વંચિત, વિદિત, શંકિત, શિક્ષિત, શોષિત, જ્ઞાપિત; અપેક્ષિત, અબાધિત, આમંત્રિત, નિયમિત, નિર્વાસિત, પ્રચલિત, પ્રતિષ્ઠિત, વિકસિત, સંચાલિત, સુવાસિત, સુશોભિત; અપમાનિત, અવલંબિત વગેરે.

વિકલ્પ : અન્વિત - અન્વીત.

અપવાદ : અધીત, ઉદ્ગીત, ગૃહીત (ગૃહ્ + ઇ + ત છતાં)

નોંધ : (ક) 'અન્વીત' વિકલ્પ પણ, 'મક્ષીકા'ની જેમ, શ્રી રામપ્રસાદ બક્ષી અનાવશ્યક ગણે છે.

(ખ) 'અંકિત'થી સંધિ પામેલા શબ્દોમાં પણ ઉપાન્ત્ય સ્વર ઇ હ્રસ્વ હોય છે : જેમ કે, આજ્ઞાંકિત, તારાંકિત, સ્નેહાંકિત.

(ગ) ઈ (જવું), ની (દોરવું) - એ ધાતુઓનાં કર્મણિ ભૂત કૃદંત રૂપો ને તેના ઉપયોગથી બનેલા નીચેના શબ્દોમાં મૂળ ધાતુનો અન્ત્ય ઈ દીર્ઘ હોઈ અતીત, નિર્ણીત, પ્રતીત, ઋણીત, વિનીત, વ્યતીત; ઉપવીત, નવનીત, પરિણીત, વિપરીત.

(ઘ) 'ખચીત' તદ્ભવ શબ્દ છે ને તેનો અર્થ 'ખચિત' કરતાં જુદો થાય છે.

નિયમ ૩૬ : ઇલ ધ્વનિ છેલ્લે હોય તેવા વિશેષત: ત્રણ અક્ષરના બનેલા સંસ્કૃત શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર ઇ હ્રસ્વ હોય છે.

દાખલા : અનિલ, ઊર્મિલ, કપિલ, કુટિલ, કોકિલ, જટિલ, સલિલ (-પાણી); અજામિલ વગેરે.

અપવાદ : અશ્લીલ, સલીલ (-ક્રીડાપૂર્વક, વિલાસવાળું)

નોંધ : (ક) શીલ (સુશીલ, પંચશીલ...), નીલ (સુનીલ...) એ મૂળે બે અક્ષરના સંસ્કૃત શબ્દો જુદા પડે છે પણ અખિલ (અ+ખિલ), નિખિલ (નિ+ખિલ) નિયમાનુકૂળ જણાય છે.


(ખ) ત્રણ અક્ષરના બીજા સંસ્કૃત શબ્દો માટે સરળ નિયમ તારવવો મુશ્કેલ છે. અગ્રિમ, કુમાર, દિવસ, બકુલ, ભુવન, મીનક્ષી, મુકુલ, મુગટ ઇત્યાદિ શબ્દોની જોડણી મહાવરાથી અને કોશની મદદથી જ જાણી શકાય છે.

(ગ) આ શબ્દો સંસ્કૃત નથી :

(અ) દલીલ અરબી શબ્દ છે.
(આ) વડીલ તદ્ભવ શબ્દ છે.
(ઇ) ફાઈલ, માઈલ અંગ્રેજી શબ્દો છે.

(ક્રમશ:)

- રામજીભાઈ પટેલ



હો નિર્ભય મસ્તાન !
મનવા ! હો નિર્ભય મસ્તા !
ઇસ જગમેં જન સબ હૈ યાત્રિક,
કિસકા કૌન મહેમાન ?
'શેષ'

ડૉ. બિપિન હઝારિકા

આમિ એક જાજાબર...
(એટલે કે મૈં યાયાવટ, મુસાફટ, આવારા...)
જમીં પે ચલતે, છલકતે,
દરિયા કી ધાર હૂં...
યહાઁ કા, વહાઁ, કા, હકીં કા
નથી દિશાઓંકા મારા હૂં...
કભી લોહિત કિનારે સે
મિસિસિપિ હો કે વોલ્ગા કી બાત સૂની,
ઓટાવા હો કે પેરિસ કી રાત ચૂમી...
મૈંને ઇલોરા કે સારે રંગ
શિકાગો મેં જા ઉડાએ...

અસમના આવા બુલંગ ગીતસમા શ્રી બિપિન હઝારિકાના કંઠે સ્વર-શિંગાર પામેલ આ વાત જાણે એમના જ જીવનની કહાની છે. ફિલ્મોમાં ગાયક, ગીતકાર, સંગીતકાર એ એમનું મુખ્ય પ્રદાન; પણ અભિનય, દિગ્દર્શન અને લેખન પણ એટલું જ સબળ અને પુરસ્કારપાત્ર. એમના પચાસ વર્ષના અસમિયા, બંગાળી અને હિન્દી ફિલ્મોમાંના ફાળાને આ વર્ષે દાદા-



સાહેબ ફાળકે રાષ્ટ્રિય પારિતોષિક નવાજેશ થયું ત્યારે સૌએ એ પણ નોંધ્યું કે ડૉ. હઝારિકા લેખક અને પત્રકાર પણ છે; અને એમાંય એમનું કામ એટલું જબ્બર છે કે અત્યારે તેઓ 'અસોમ સાહિત્ય સભા'ના સમ્માનપાત્ર અધ્યક્ષ છે.

આ બહુમુખી પ્રતિભા ઝળકી ઊઠી



કોઈ પુરાતત્ત્વવિદે શોધી કાઢેલાં માટીનાં પ્રાચીન પાત્રો નહીં, પણ લીલાં ઝાડનાં થડ, ડાળ ને પાનનો રસ ચૂસીને તેને આશરે નભતાં દીર્ઘજીવી જીવડાં (હેમિપ્ટેરા, બગ્સ)નાં આ છે ઈંડાં.

ફક્ત દશ વર્ષની ઉંમરે - એમના સર્વપ્રથમ ગીતથી, જે અસમની એવી જ એક ફિલ્મવિભૂતિ જ્યોતિપ્રકાશ અગ્રવાલે રેકર્ડ કર્યું હતું. ચૌદ વર્ષની ઉંમરે, અસમિયા ભાષાની બીજી ફિલ્મ 'ઇન્દ્રમાલતી' (૧૯૩૯)માં અભિનય કર્યો. પણ એમના કલાકર્મની પીઠિકામાં તો હતું ઉપરવાસ અસમનું પ્રાકૃતિક સૌંદર્ય, અને ત્યાંના આદિવાસીઓનું ધસમસતું, ધગધગતું લોકસંગીત. નાનકડા સાદિયા ગામે ૧૯૨૬માં પિતા એન. કે. હઝારિકા (ડેપ્યુટિ કલેક્ટર)ને ઘરે તેમનો જન્મ થયો, અને બાળપણથી જ સંવેદનશીલ કાનમાં જે ઝિલાયું એ મીઠી હલકે લોકોને પીરસ્યું. 'ગંગા આમાર મા', નિ:સ્તબ્દે નિરોબે ગંગા, તુમિ બોઈચો કેનો (મા ગંગા, આવી નીરવ નિ:સ્તબ્ધતાથી તું કેમ વહી રહી છે ?)'.

રાજ્યશાસ્ત્રમાં અનુસ્નાતક (બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય, ૧૯૪૬) થઈ અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી 'ભારતમાં પ્રૌઢશિક્ષણ ક્ષેત્રે-સમૂહ પ્રત્યાયનની ભૂમિકા' વિશે ડૉક્ટરેટ કર્યું! સ્વદેશ પાછા ફરી અસમની રાજધાની ગુઆહાટી વિશ્વવિદ્યાલયમાં વ્યાખ્યાતા બન્યા; પણ ત્રણ જ વર્ષમાં ફિલ્મકલા ક્ષેત્રે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા રાજીનામું આપ્યું. ૧૯૫૬માં પહેલી ફિલ્મ બનાવી, બલરાજ સાહનીની મુખ્ય ભૂમિકામાં, 'એરો બાતોર સૂર (નિર્જન કેડીનું ગીત)', જે વિવેચકોએ તો વખાણી પણ ટિકિટબારીએ નિષ્ફળ ગઈ. ગવાલપારાના હાથીના શિકારીઓના લોકસંગીતે મઢી પોતાની બીજી ફિલ્મ 'માહુત બન્ધુ રે' (૧૯૫૮); પ્રેક્ષકોએ એને પણ ઉવેખી, પરન્તુ

ડૉ. હઝારિકાએ સમાંતર ફિલ્મોનો એકડો ઘૂંટ્યો હતો જ્યોતિપ્રસાદ અગ્રવાલ પાસે, એટલે ગળથૂથીમાં જ આવીતેવી નિષ્ફળતાની કડવાશ જીરવવાની તાલીમ મળી ચૂકી હતી. પછીની ચાર ફિલ્મોએ એમને અસમ અને દેશભરમાં ફિલ્મક્ષેત્રે કીર્તિશિખરે મૂકી દીધા - 'શકુંતલા' (૧૯૬૧), 'પ્રતિધ્વનિ' (૧૯૬૪), 'લોટી ઘોટી' (૧૯૬૬) અને 'ચિક મિક બિજૂલી' (૧૯૬૯). એમાંથી પ્રથમ ત્રણ ફિલ્મોને તો રાષ્ટ્રપતિના ચંદ્રક એનાયત થયા છે. તેમણે તાજેતરમાં કલ્પના લાજમીની હિન્દી ફિલ્મ 'એક પલ'નું નિર્માણ કર્યું. તો પ્રખ્યાત 'રૂદાલી' ફિલ્મનું નિર્માણ અને સંગીત તેમને સંભાળ્યાં હતાં.

સંગીતપ્રેમીઓને 'નૈનો મેં દર્પણ હૈ' એ કિશોર-લતાએ ગાયેલું 'આરોપ' (૧૯૭૪) ફિલ્મનું ગીત યાદ હશે. એનું સંગીત 'બિપિનદા'એ આપેલું. બે દાયકા પહેલાં પ્રેક્ષકોમાં તો એ પ્રિય જરૂર બન્યું; પણ 'બોલીવુડ'ના ફિલ્મનિર્માતાઓએ એમને ફરી કેમ નહીં નિમંત્ર્યા હોય?

પણ વાત મહત્ત્વની એ છે કે તે છતાંય ભારતીય ફિલ્મક્ષેત્રનું સર્વોચ્ચ બહુમાન એમને મળ્યું એ એમના શબ્દોમાં 'ઉત્તરપૂર્વ ભારતની સિનેમા-કલાને મળેલી સ્વીકૃતિ છે.' કેટલાકને મતે એ 'સમાંતર' ફિલ્મો' અને એમાંય પ્રાદેશિક સિનેમાના ફાળાના રાષ્ટ્રકક્ષાના, આ રીતે મહત્ત્વના બનતા, સ્વીકાર જેવું છે. દેશને ખૂણેખાંચરેથી આવી વિરલ પ્રતિભાઓને પારિતોષિક - નિર્ણાયકો શોધીને, સામે ચાલીને પુરસ્કારે, એ (ભલે એકલ-દોકલ ઘટના હોય તો પણ) કલાક્ષેત્રે તટસ્થ અને યોગ્ય વરણીની થોડી આશા જન્માવે છે. અલબત્ત, આ ફાળકે પુરસ્કારથી નવાજવા જોઈતા હતા એ બધા મહાનુભાવોને એ એનાયત થયો છે એવું નથી; તેમ એમાં ક્રમ જળવાયો ન હોય એવું પણ કેટલાકે નોંધ્યું છે; છતાં આ વર્ષના આ પુરસ્કારથી ફાળકે-અવોર્ડનું પણ જાણે ગૌરવ થઈ રહ્યું છે.

ગુજરાતમાં ત્રણત્રણ ફિલ્મ સ્ટુડિઓ, આટઆટલી સબ્સિડી, કર-રાહતો, ગુજરાત ફિલ્મવિકાસ નિગમનું અસ્તિત્વ વગેરે હોવા છતાં મોટે ભાગે 'ફાળિયાવાળાઓ'ની જ ફિલ્મો કેમ બની; ધીંગા લોકજીવન અને સંગીતનો અધૂરો, આછકલો વ્યાપારી ઉપયોગ જ કેમ થયો; ખૂબ શરૂઆતથી જ 'મુંબઈની શેઠાણી' વગેરે ફિલ્મોથી આ ક્ષેત્ર સાથે સક્રિયપણે સંકળાયેલા રહેવા છતાં આજે ગુજરાતીઓ કેમ આટલા પાછળ રહી ગયા ('ભવની ભવાઈ', 'હુંશીલાલ' જેવા અપવાદો બાદ કરતાં); ઇસરોનું ખેડા-પીજ માટેનું 'સમાંતર ટેલિવિઝન' શક્ય બન્યું, અને ગુજરાતી વાર્તા-કાવ્યમાં આટલું કામ થઈ શક્યું તો ફિલ્મોમાં કેમ એ સંવેદનશીલતા ન આવી... એ બધા પ્રશ્નો, આવે ટાણે, કોઈને થાય પણ ખરા...

અલબત્ત, આ તકે તો બિપિન હઝારિકાના સમ્માનમાં આપણે હાર્દિક અભિનંદનનો એવો જ બુલંદ સૂર પુરાવીએ, અને દેશના યુવાનોને ભરડો લઈ બેઠલા આંતકવાદ વિશેની એમની ભાવિ ફિલ્મ 'અરણ્યોત અકોલે (જંગલમાં એકાકી)' નામની એમની નિર્માણાધીન ફિલ્મની રાહ જોઈએ.

- હસમુખ બારાડી

સિંહબાળની શસ્ત્રક્રિયા

ગઈ તા. બીજી મેના રોજ સૌરાષ્ટ્રના વિસાવદર તાલુકાના ગીર વિસ્તારમાં રાજપરા ગામના એક ખેડૂત રામજી વઘાસિયાની વાડીમાં એક ઘાયલ સિંહબાળ મળી આવ્યું. દોઢેક વર્ષના એ સિંહબાળને જૂનાગઢના જાણીતા સક્કરબાગ પ્રાણી સંગ્રહલાયમાં લાવી, એને બેભાન કરીને તપાસ કરતાં તેના ડાબા પગના એક પંજામાં સોજો તથા માથાના પાછલા ભાગમાં થયેલો ઘા પાકી જઈ તેમાં રસી ભરાઈ ગયાનું જાણવા મળ્યું. આ ઉપરાંત, એક્સ રેથી તપાસ કરતાં એના પાછલા જમણા પગમાં સાથળના ભાગમાં કમ્પાઉન્ડ ફ્રેક્ચર થઈ હાડકા દોઢે ચડી ગયા હોવાથી જાણ થઈ.

એની સારવારમાં પ્રથમ તો એને બેભાન કરી માથાના ઘામાંથી પોણો લીટર જેટલી રસી કાઢી નાખી ત્યાં પાટાપીંડી કરાઈ. ડાબા પગના સૂજી ગએલા પંજા ઉપર પણ ડ્રેસિંગ કરવામાં આવ્યું. સિંહના આ બચ્ચાના પાછલા જમણા પગની ઇજા માટે પ્રાણીબાગના વેટરનરી સર્જન ડૉ. રમેશભાઈ સબામરાએ જૂનાગઢના ઓર્થોપેડિક સર્જન ડૉ. આર. કે. ઠક્કર તથા ડૉ. જે. એન. જસાણી સાથે ચર્ચાવિચારણા કરી તા. ૭ મીએ સિંહના એ બચ્ચાનું ઓપરેશન કર્યું. દોઢેક કલાક ચાલેલા એ ઓપરેશનમાં દોઢે ચડી ગયેલા હાડકાને બરાબર ગોઠવી સ્ટીલના સળિયા બેસાડવામાં આવ્યા અને પચાસેક જેટલા ટાંકા લેવાયા. આ પછી પખવાડિયા સુધી દર બે દિવસે ડ્રેસિંગનો ક્રમ ગોઠવી દસેક દિવસ પછી ટાંકા તોડવાનું નક્કી કરાયું. દોઢેક માસમાં સિંહનું આ બચ્ચું હરતુંફરતું થઈ જવાની આશા છે. કોઈ પણ સિંહનું આવું ઓપરેશન કદાચ આ પહેલું હોવાનું કહેવાય છે.

વાઘદીપડાની ગણતરી

ભારત સરકારના જંગલખાતા તરફથી દર ચાર વર્ષે વાઘ અને દીપડાની વસ્તીગણતરી કરવામાં આવે છે. ગઈ તા. ૯ થી ૧૬ મે દરમિયાન આ રીતે ગુજરાતભરના દીપડાની વસ્તીગણતરી કરવામાં આવી. છેલ્લી ગણતરી મુજબ ગુજરાતના ડાંગ જિલ્લામાં આઠ વાઘ હતા. આ સિવાય ગુજરાતમાં ક્યાંય વાઘ રહ્યા નથી. જ્યારે દીપડા અહીંતહીં લગભગ બધે છે. છેલ્લી ગણતરી પ્રમાણે ગીર વિસ્તારમાં ૨૧૨ જેટલા દીપડા હતા. દીપડો બહુ લુચ્ચું પ્રાણી ગણાય છે. તો પ્રત્યક્ષ એ પળ બે પળ જ જોવા મળે, એટલે સામાન્યતઃ એની અવરજવરના માર્ગ પર પડેલાં એનાં પગલાંના આધારે તેમની સંખ્યા નક્કી થાય છે. ('ફૂલછાબ'માંથી તારવીને)

લગ્નપ્રસંગે રક્તદાનનો ચાંલ્લો

પ્રિય સ્વજન, સાદર વંદન. સપ્રેમ જય માનવતા. અમારાં સંતાનો ચિ. શ્રુતિ અને ચિ. ધર્મેશકુમાર પોતાની સંસારયાત્રાનો શુભારંભ સમાજદેવતાને ચરણે કોઈકની જીવનરક્ષા માટેનું રક્તદાન કરીને કરવા માગે છે. તે નિમિત્તે નૂતન પ્રસ્થાન કરી રહેલ નવયુગલને આશીર્વાદ આપવા અને રક્તદાનનો ચાંલ્લો કરવા પ્રેમથી પધારજો.



ગઈ ૨૬ એપ્રિલે અમદાવાદમાં થયેલા એક લગ્નની આ કંકોતરી છે. નિમંત્રકો છે કન્યાના પિતામહ અને અહીંના સદ્‌વિચાર પરિવારના સંચાલક શ્રી હરિલાલ વિ. પંચાલ અને વરના પિતામહ શ્રી મોહનલાલ પુ. પંચાલ, કન્યા બી. કૉમ., એલ. એલ. બી. થયેલ છે અને વરે અમેરિકામાં ઈલેક્ટ્રૉનિક્સ એન્જિનીઅરિંગનો અભ્યાસ કરેલો છે. લગ્નવિધિના આવશ્યક ખર્ચ કરવા સિવાય અન્ય કંઈ ઠઠારા વગરના અનોખા લગ્ન રંગેચંગે ઊકલી ગયા એટલું જ નહીં, આ પ્રસંગે તા. ૨ મેના રોજ યોજાએલા રક્તદાન યજ્ઞમાં સગાંસ્નેહીઓએ ઊલટપૂર્વક રક્તદાન કરીને આ લગ્નપ્રસંગને દીપવ્યો પણ ખરો. વરકન્યાએ સ્વયં રક્તદાન કરી આ યજ્ઞનો શુભારંભ કર્યો (જુઓ સાથેનું ફોટોચિત્ર), અને સિત્તેર જેટલા ભાઈબહેનોએ લગ્નના ચાંલ્લા રૂપે રક્તદાન કર્યું. આ રીતે એકઠું થએલું રક્ત કિડની અને કેન્સરના દર્દીઓની જીવનરક્ષા માટે દાન કરવામાં આવ્યું.

લગ્ન પ્રસંગની ઉજવણીનું આ એક અનોખું અને પ્રેરક દષ્ટાંત છે. પોતાનાં વગ-વૈભવનાં વરવાં પ્રદર્શનો, બેન્ડવાજાં, રાહદારીઓને મુશ્કેલીઓમાં મૂકતા અને જાહેરમાર્ગો પર આડેધડ ફોડાતા ફટાકડા, જમણવાર વગેરે પાછળ થતા ધૂમ ખર્ચામાં કેવળ વટને ખાતર વેડફાતા નાણાંને કોઈ સન્માર્ગે ન વાળી શકાય? મોભાના મોહમાં કરાતી અને અત્યારે તો વિશેષ વકરેલી 'દહેજ'ની સોદાબાજીમાં ગૌરવ અનુભવવાના ખ્યાલો પાછળ કંઈ કેટલાય યુવકયુવતીઓના જીવનમાં ઝેર રેડાતું અટકાવવાનું પણ આપણે ન વિચારી શકીએ? વડીલો તો ઠીક પણ યુવકો પણ આવી પ્રથાને વ્યાવહારિક્તાનું રૂપ આપી પોતાની લાલસાઓ પોષે કે નબળાઇને છાવરે એ શું દયનીય નથી ? આવા તો અનેક પ્રશ્નો હજી ઉકેલ માગે છે. એ ઉકેલવાની ખુમારી તો આપણામાં જાગે ત્યારે ખરી, પણ લગ્નપ્રસંગની સાથે રક્તદાનને સાંકળી લેવાનું આ ઉદાહરણ અવશ્ય વિચારણીય છે. આપણે આજ જ્યારે ૨૧મી સદીમાં જવાની વાત કરી રહ્યા છીએ ત્યારે વૈજ્ઞાનિક અભિગમ અપનાવી રૂઢિગત પરંપરાનો માર્ગ ત્યાગી નવી કેડી પાડવાનું આ એક પ્રેરક દષ્ટાંત છે. શુભપ્રસંગની સાથે સેવાની ભાવનાનું આ સંકલન અભિનંદનીય અને અનુકરણીય તો છે જ.

શુકદેવ ભચેચ

૧૦ જૂન ૧૯૯૩ વિશ્વ સિનેમા શતાબ્દી ઉજવણી



એક સૈકા પહેલાં આ મહિને દસમી જૂન, ૧૮૯૩ના દિને 'મૂવિંગ ઇમેજ'ની શોધ થઈ એને ફિલ્મના માધ્યમનો ટેકિનક્લી શુભારંભ ગણીને ઈંગ્લંડની 'બ્રિટિશ ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટે' 'વિશ્વ સિનેમા દિન' તરીકે વિશિષ્ટ રીતે ઉજવણી કરવા આયોજન કર્યું છે. ફિલ્મ અને ટેલિવિઝનના શિક્ષણ અને પ્રસારમાં છેલ્લાં સાઠ વર્ષથી સક્રિય આ ઈન્સ્ટિટ્યૂટે જગતના એંશી દેશોના ફિલ્મ-દિગ્દર્શકો, લેખકો, નટો, વિવેચકો અને તંત્રવાહકોને જણાવ્યું છે, કે તેઓ દસમી જૂને ફિલ્મ-માધ્યમ અનુષંગે જે કંઈ કરે તેની ડાયરી લખે અને તે બ્રિટિશ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટને (એકવીસ, સ્ટીફન સ્ટ્રીટ, લંડન) ત્રીસમી જૂન પહેલાં મોકલી આપે. એનું સંકલન કરીને એક પુસ્તક બહાર પાડવામાં આવશે, જે વિશ્વ સિનેમાની આજની પરિસ્થિતિ અંગે દળદાર પ્રમાણભૂત દસ્તાવેજ બની રહેશે... ગુજરાતમાંથી પણ અનેક ફિલ્મ કલાકારો, કાર્યકરો અને ભાવકોને એવાં નિમંત્રણો મળ્યાં છે.



'કુમાર' પણ આ વિશ્વસિનેમા શતાબ્દી ઉજવણીમાં સામેલ થાય છે અને ભારતીય ફિલ્મના ભીષ્મ-પિતા દાદાસાહેબ ફાળકેની ફિલ્મ 'શ્રી કૃષ્ણ જન્મ' (૧૯૮૧)નું એક સ્ટીલ પિક્ચર (ઉપર) પ્રસિદ્ધ કર્યું છે એવી શુભેચ્છાઓ સાથે, કે ગુજરાતી ફિલ્મ પણ આ પ્રસંગ અને વાતાવરણમાંથી પ્રેરણા લઈ કાઠું કાઢશે. આ માધ્યમ અંગે વિગતે વાત કરવા પણ 'કુમાર' વિચારી રહ્યું છે. □

શીતળ શબ્દ ઉચારિએ અહમ્ આનિયે નાહીં
તેરા પ્રીતમ તુજમેં સત્. દુશ્મન ભી તુજમાંહી
કબીર

જીવનમાં દુઃખ આવવાનું છે, પરન્તુ દુઃખ જો સમજીને સહન કર્યું હશે તો એ કદી વ્યર્થ જતું નથી. પોતાની ઉપર પડતા તાપને ભીતરમાં ખેંચી વૃક્ષ મજબૂત અને સમૃદ્ધ બને છે.

રવીન્દ્રનાથ ટાગોર

એક દિવસ એક ગરીબ માણસ સ્વામી દયાનંદ પાસે પહોંચી ગયો. તેણે કહ્યું, 'સ્વામીજી, ધનવાન લોકો મંદિર આદિ બંધાવીને પુણ્ય કમાય છે તો મારા જેવો ગરીબ માણસ તો પુણ્ય કમાઈ જ ના શકે ને ?'

સ્વામીજીએ ઉત્તર વાળ્યો, 'ભાઈ, તું પણ પુણ્ય કમાઈ શકે છે. બીજાની બુરાઈ કે નિંદા કરવાનું ટાળીને તું ધર્માચરણ કરી શકે છે, અને એ રીતે તું પણ સંસારની ભલાઈ કરી પુણ્ય કમાઈ શકે છે.'

¤

એક ગણતરી પ્રમાણે સોવિયેત રશિયામાં લગભગ ૧૧૩૨ સ્ત્રીઓએ ૧૦૦૦ પુરુષો છે.

¤

કહેવતનો અર્થ : 'જવું જગન્નાથ અને થાક્યા પાદરમાંથી'. જ્યારે કોઈ વ્યક્તિ અપૂરતાં સાધનો કે અપૂરતી શક્તિનો ખયાલ કર્યા વગર ગજા ઉપરવટનું કામ આરંભે છે ત્યારે તે નિષ્ફળ બને છે અને હાસ્યાસ્પદ લેખાય છે. આવા ભાવાર્થમાં આ કહેવાનનો વપરાશ છે.

¤

ગણિતગમ્મત

૧ થી ૨૪ સુધીના આંકડાઓને નીચે દર્શાવ્યા પ્રમાણે અનુક્રમે ચાર હારમાં ગોઠવવાથી પ્રત્યેક ઊભી હારનો સરવાળો કેટલો થાય છે તે જુઓ.

૧	૨	૩	૪	૫	૬
૧૨	૧૧	૧૦	૯	૮	૭
૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૨૪	૨૩	૨૨	૨૧	૨૦	૧૯

¤

દક્ષિણ-પૂર્વ એશિયાનું દરજીડો પંખી પોતાનો માળો બાંધવા માટે પાંદડાં સીવે છે ત્યારે કરોળિયાના જાળાનો દોરા તરીકે અને પોતાની ચાંચનો સોય તરીકે ઉપયોગ કરે છે.

¤

જાણો છો કે ઊંડા સમુદ્રની 'વાયપર' નામની માછલીના મોઢાની અંદર ૩૦૦ જેટલી 'બત્તીઓ' હોય છે ? તેનો એ અન્ય માછલીઓને ફસાવવા માટે ઉપયોગ કરે છે.

¤

અંધજનને ટાઈપની કામગીરી સરળ બને તે માટે ઓસ્ટ્રેલિઆની એક કંપનીએ બ્રેઈલ ટાઈપરાઈટર તૈયાર કર્યું છે. આ ટાઈપરાઈટરનું નામ 'માઉન્ટબેટન બ્રેઈલર' આપવામાં આવ્યું છે.

¤

કેનેડાના રંગીનાનો ઓલ્વિન જન્મથી જ હાથ વગરનો. પરન્તુ તેણે ખંત અને પુરુષાર્થથી પોતાના પગ વડે ડ્રમ વગાડવામાં નૈપુણ્ય મેળવ્યું !

¤

બાંગ્લા દેશમાં એક એવો કાયદો અમલમાં આવ્યો છે કે જો કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરતાં પકડાય તો તેને ૧૦ વર્ષની સજા થાય !

¤

જાણો છો કે અમેરિકામાં ઓક્ટોબરમાં છેલ્લા શનિવારે મધરાતે સમય બદલવામાં આવે છે અને દેશમાં ઘડિયાળ એક કલાક પાછળ મૂકવામાં આવે છે ?

¤

કલકત્તાના બંદરમાં જહાજોની અવરજવર માટે પાણીનું ઊંડાણ જળવાઈ રહે તે સારુ બાંધવામાં આવેલો ફરાક્કા બંધ દુનિયાનો આ પ્રકારનો મોટામાં મોટો બંધ છે. એની લંબાઈ ૨૨૪૫ મીટર છે.

¤

જેમ આપણે ત્યાં તેમ અન્યત્ર પણ કેટલાક વહેમો પ્રચલિત છે. આવી એક માન્યતા દક્ષિણ કેરોલીનામાં ડિફ્થેરિયાથી પીડાતા બાળકના ગળામાં ડુંગળીની માળા બાંધવાની છે.

¤

આજકાલ સોસ માટે વપરાતો અંગ્રેજી શબ્દ 'કેચઅપ' મૂળ ચીની ભાષાના 'કોઇ ચીપય' શબ્દનું અંગ્રેજી રૂપાંતર છે.

¤

એક અંદાજ પ્રમાણે જપાનીઝ યુવતી વર્ષભરમાં લગભગ ૬,૬૫,૦૦૦ વાર નમન કરે છે.

¤

કલાકૃતિકા

નેતર અને વાંસ જ્યાં વધારે સુલભ હોય ત્યાં સ્વાભાવિક રીતે જ લોકો એમાંથી અવનવી કલામય ચીજવસ્તુઓ બનાવતાં જોવા મળે છે. અહીં આસામની એવાં શાકભાજી કે ફળફળાદિ ભરવા માટેની એક કલાત્મક ટોપલી દર્શાવી છે.

